Chapter-4

## પ્રકરણ : ૪

## 'સાહિત્ય' : મધ્યકાલીન કૃતિ અભ્યાસની તેમજ અર્વાચીન સાહિત્યને વ્યાપક આવકારની દિશા.

સાહિત્ય વિષયક નિબંધો, લેખો, વિવેચન, ચર્ચા, વાર્તા વગેરે જેમાં પ્રધાન પણે આવતા હોય તેવું માસિક માત્ર 'સાહિત્ય' છે. તેની નિયમિતતા તો ખરેખર અનુકરણીયછે. શરુઆતથી તે નિર્ણીત કરેલા ચોકકસ ધોરણે એકસરખું સાહિત્ય સેવાનું કામ કરી રહ્યું છે. માસિક સાહિત્યની સમાલોચના અને પ્રાચીન અપ્રસિધ્ધ કાવ્યોની પ્રસિધ્ધિ એ તેના વિશિષ્ટ અંગો છે. ખાસ કરી ને તંત્રી સ્થાનેથી લખાતા અભિપ્રાય અને વિચાર એટલી સ્પષ્ટતાથી, નિડરતા થી અને દ્રઢતાથી દર્શાવાય છે કે તેના વ્યકિતત્વની સજ્જડ છાપ પડે છે અને તેની અસર ઓછી માલુમ પડતી નથી. પહું કહીએ તો 'સાહિત્યે' તેનાં નામની સાર્થકતા સિધ્ધ કરી છે.

હીરાલાલ પારેખ, બુધ્ધિપ્રકાશ, નવેમ્બર, ૧૯૨૪.

•

ગુજરાતી ભાષાનાં સાહિત્ય સંપ્રદાયમાં 'મથુરાનો પંડો સબસે ન્યારો' એ કહેવત પ્રમાણે 'સાહિત્ય' માસિકનો સંપ્રદાય સૌથી જુદો છતાં આવકાર - દાયક છે. આ પધ્ધતિ કોઈ ભાષા કોવિદોને જરીપુરાણી કે પ્રેમાનંદની શાળા જેવી લાગે. અથવા તો એના ગ્રંથાવલોકનો વિધ્વતાનો અપચો થયેલો કોઈ પ્રખર સાક્ષર શીરોમણીઓને ગામઠી લાગે એ બનવા જોગ છે. આમ છતાં 'સાહિત્ય' માતૃભાષાની નિસ્પૃહિ અને બખેડાઓની ખુશામત વિનાની સતત સેવા બજાવ્યે જાય છે.

- પ્રજાચિત્ર ( અંક : ૧૪-૨-૨૫ )

નોંધપાત્ર સામયિકોની સમાંતરે સાધારણ કક્ષાના, સામાન્ય સાહિત્ય સામગ્રી છતાં સાહિત્યસેવાનો ભેખ લેનારા અનેક સામયિકો જન્મતા હોય એ સ્વાભાવિક છે. આવા સામયિકોની પ્રવૃત્તિ મર્યાદિત હોય, તંત્રીની રુચિ બહુ ઉંચા બરની ન હોય કે સામયિક ચલાવવા પાછળ વિશિષ્ટ દૃષ્ટિનો અભાવ હોય એ છતાં આવા સામયિકો સાહિત્ય જગતમાં નિયમિતપણે પ્રકટ થતાં રહે છે અને આશ્ચર્ય થાય એવાં ફેલાવા સાથે એ નભી રહેતા પણ હોય છે. 'વીસમી સદી'ના ત્રણ વર્ષ અગાઉ પ્રકટેલુ 'સાહિત્ય' એક સાહિત્યિક સામયિક સામયિક લેખે કેટલાંક આગવા પ્રદાનો કરે છે પરંતુ એ સમયગાળાના સામયિકોને મુકાબલે એની સિધ્ધિઓની સાથે અનેક મર્યાદાઓ પણ નજરે ચઢયાં વિના રહેતી નથી. સાહિત્યિક પત્રકારત્વનાં નવા જોમ અને ઉત્સાહ તો 'વીસમી સદી' ધ્વારા જ આરંભાય છે અને એ સામયિક ધ્વારા જ સાહિત્યિક પત્રકારત્વ ક્ષેત્રે નવા વલણો પ્રવર્તાવવાનું શકય બને છે. એ કારણે 'વીસમી સદી'ને આધાર માનીને 'સાહિત્ય' ની ચર્ચા વીસમી સદી' પછી કરેલી છે. સાધારણ કક્ષાના સામયિકોની સાહિત્યિક પ્રવૃત્તિઓ અને એ સમયગાળાના સાહિત્યિક પત્રકારત્વનો નકકર અંદાજ બાંધી શકાય. સમગ્ર પ્રવૃત્તિને અવલોકી શકાય એવા હેતુને ધ્યાનમાં લઈને 'સાહિત્ય' સામયિકની પ્રવૃત્તિને પણ નોંધપાત્ર સામયિક સાથે જોઈને પ્રમાણી લેવાનું મુનાસિબ ગણ્યું છે.

o <u>'સાહિત્યનો આરંભ : પ્રકટ કરવા પાછળના પ્રયોજનો :-</u>

૧૯૧૩માં પ્રસિધ્ધ થયેલાં 'સાહિત્ય' પહેલાં ઈ. ૧૯૦૪ માં અમદાવાદથી હરિલાલ ધ્રુવના પુત્રે 'સાહિત્ય' નામનું માસિક પ્રકટ કરેલું જે ટૂંક સમયમાં જ બંધ પડયા પછી 'સાહિત્ય અને સાહિત્યને લગતી ચર્ચા કરનારું પત્ર ગુજરાતમાં જોઈએ' એવા વિચાર સાથે 'સાહિત્ય' સામયિકનું પ્રકાશન શરૂ થયું. સામયિકને શરુ કરવા પાછળ 'ગુજરાતી પ્રાચીન સાહિત્યના અપ્રસિધ્ધ ગ્રંથોને પ્રસિધ્ધિમાં લાવવાની જરુરિયાત પણ એના તંત્રીને દેખાઈ હતી. માનવ વિદ્યાશાખાઓના

૧.

વણખેડાયેલાં અનેક ક્ષેત્રો અને ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં એવા ગ્રંથોની ઉણપ પ્રત્યે ધ્યાન દોરતાં તંત્રી હજૂ ઉંચી પ્રતિની નવલકથાઓ, વાર્તાઓ અને નાટકો આદિના રચના કૌશલ્ય પર ભાર મૂકે છે. 'સાહિત્ય એ પ્રજાનું જીવન છે' એ સૂત્રને દૃઢપણે રજૂ કરતા તંત્રી પ્રજાના ધર્મ, નીતિ, આચાર-વિચાર, સ્થિતિ, રીતિ, લક્ષણ, કૌશલ્ય અને શકિત સાહિત્ય તત્વ પર જ નિર્ભર છે એમ માને છે. દેશની પ્રગતિ સ્વભાષાના સાહિત્ય પ્રચાર-પ્રસાર પર અવલંબે છે એમ જણાવતા તંત્રીનો આ મત 'સાહિત્ય'ના અનેક અંકોમાં પુનરાવર્તન પામતો જણાશે. વાંચનનો શોખ વધારવા, ઉત્તમ પુસ્તકો પ્રસિધ્ધ કરી તેના વ્યાપક પ્રસારની આબોહવા સર્જી શકાય અને 'સાહિત્યને ઉપયોગી થઈ શકાય એવા પ્રાથમિક હેતુઓની ચર્ચા પ્રથમ અંકમાં તંત્રીની વિશિષ્ટ ભાષામાં નિરૂપાઈ છે. તંત્રી મટુભાઈ કાંટાવાળા અહીં લખે છે : ''આજથી આ બાળકનો જન્મ થાય છે તેથી રિવાજ મુજબ થાળી સહેજ ખખડાવીએ તો અયોગ્ય કર્યું કહેવાશે નહી. 'ટીકાકાર', 'વિજ્ઞાનવિલાસ', 'ડાંડીઓ', 'સુદર્શન' જેવાં ચોપાનીઆ પોતાનું કર્તવ્ય બજાવતાં અસ્ત પામી ગયાં, અને 'બુધ્ધિપ્રકાશ', 'ગુજરાત શાળાપત્ર', 'જ્ઞાનસુધા', 'વસંત', 'સુંદરી-સુબોધ', 'સત્યપ્રકાશ', 'કેળવણી', 'સમાલોચક', 'મહાકાલ', 'ભકત', 'ગુલશને ઈલ્મ' તથા પારસી-ગુજરાતી ભાઈબંધોએ સઘળાં હાલ આપણી ભાષાની અભિવૃધ્ધિ કરવામાં, તેનું ગૌરવ ટકાવી રાખવામાં અને તેને ઉંચો દરજ્જો આપવામાં યથાશકિત પોતાનો યશસ્વી હિસ્સો આપે છે. પરંતુ આમાંના દરેક પત્રના કર્તવ્યનું ક્ષેત્ર ભિન્ન છે. પોતપોતાના કર્તવ્યમાં દરેક ચોપાનીઆએ સારું, વખાણવા જોગ કામ કર્યું છે તો પણ બનતા સુધી સઘળી પ્રવૃત્તિ એકત્ર થાય તે ઈચ્છવા જોગ છે. આ ''સાહિત્ય'' પોતાના વડીલ ભાઈઓના પગલે ચાલશે છતાં સર્વને માટે પોતાના દરવાજા ખુલ્લાં રાખશે'' આમ, પારસી - ગુજરાતી, સંસ્કૃતમય પાંડિત્યનો છેદ ઉડાવી સાધારણ જનસમૂહ કે સાક્ષરવર્ગ એ સૌની જરૂરિયાત તરફ યથાશકિત લક્ષ આપવાની મહેચ્છા સાથે 'સાહિત્ય'ને વિસ્તૃત અર્થમાં મૂકી આપે છે. સાહિત્ય એટલે માત્ર કાવ્ય, ભાષા, શૈલી, જોડણી કે

કાવ્યશાસ્ત્ર સબંધી ચર્ચા જ નહીં પણ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, કેળવણી અને વિજ્ઞાનનું સાહિત્ય વ્યાપક પ્રમાણમાં વિસ્તારવાની અને એ માટે સઘળું કરી છૂટવાની તંત્રીની નેમે વાચકોના મનમાં નવી અપેક્ષાઓ ઉભી કરી હશે એમાં શંકા નથી. 'સાહિત્ય'ના આ હેતુઓને લક્ષમાં લેતા કહી શકાશે કે સાહિત્યની સઘળી પ્રવૃત્તિઓ એકત્ર કરવાની વાત 'સાહિત્ય' કરે છે ત્યારે એના મનમાં 'શાળાપત્ર'ની કેળવણી વિષાયક, 'સત્યપ્રકાશ', 'મહાકાલ' અને 'ભકત'ની અધ્યાત્મ વિષાયક કે 'બુધ્ધિપ્રકાશ', 'વસંત'ની પરંપરાને વિસ્તૃત કરવાનો રહયો જણાય છે. પારસી - ગુજરાતી લેખકોની પ્રવર્તતી વાડાબંધીને દૂર કરવા 'સાહિત્ય' આરંભથી પ્રયત્નશીલ રહેવાની હામ ભીડે છે. વળી, સાધારણ જનસમાજની વાંચન અભિમુખતાને કેળવવાની અને માનવ વિદ્યાશાખાઓને મહત્વ આપવાની વાત ધ્યાન ખેંચે છે.

o <u>રૂપરંગ અને વ્યવસ્થામાં 'સાદગી'નો મહિમા :-</u>

'સાહિત્ય' નું મુખપૃષ્ઠ અત્યંત સાદું છે. મોટાં ટાઈપ સાથે 'સાહિત્ય' લખ્યાં પછી પુસ્તક ક્રમ, અંકનો ક્રમ, સાલની વિગત અને મુખપૃષ્ઠ પર જ અનુક્રમણિકા છાપવામાં આવતી. 'સાહિત્ય'નો અંદરનો દેખાવ પણ કશી નવીનતા વિનાનો એકધારોરહયો છે. અંકોના પૃષ્ઠો મોટાભાગે સામગ્રીથી ખીચોખીચ જણાય છે. નાનકડી જગ્યાનો પણ કોઈને કોઈ હેતુસર ઉપયોગ કરી લેવાની તંત્રી આવડત અંકોમાં જોવા મળે છે. 'સાહિત્ય'ને 'વીસમી સદી' જેવું ભભકાદાર રૂપ આપવાનો વિચાર તંત્રી એટલા માટે અમલમાં મૂકી નથી શકતા કે તેને માટે લવાજમ ઘણું વધારે રાખવું પડે અને સાધનસંપન્ન એવા મુંબઈમાં જ એ છપાવવું શકય બને.

'સાહિત્ય' દર મહિનાની પહેલી તારીખે પ્રસિધ્ધ થતું. ડેમી સાઈઝના સાઠરતલી ફેધરવેઈટ કાગળ ઉપર વડોદરાના શિયાપૂરામાં આવેલા લુહાણામિત્ર સ્ટીમ પ્રિન્ટિંગ પ્રેસમાં તે છપાતું. 'સાહિત્ય'નું લવાજમ રૂા. ૨ - ૮ - ૦ હતું. પરંતુ શાળા અને લાયબ્રેરીઓ માટે એ લવાજમની કિંમત ઘટાડીને રૂા. ૨ રાખેલું જે સાહિત્યની શિક્ષણ પ્રત્યેની પ્રીતિને વ્યકત કરે છે. છૂટક નકલની કિંમત

સવા આના રહેતી. 'સાહિત્ય'ની તમામ વ્યવસ્થા લીમડાપોળ – વડોદરા માંથી થતી. લવાજમ સ્વીકારવાની વડોદરા – મુંબઈ અને અમદાવાદમાં વ્યવસ્થા હતી. 'સાહિત્ય' જાહેરાત મેળવવામાં કાબેલ જણાય છે. આગળ – પાછળનાં પૃષ્ઠોમાં છપાતી આ જાહેરાતોનું પ્રમાણ કોઈકોઈવાર વીસથી પચ્ચીસ જેટલું જોવા મળે છે.

સાદગીનો આ મહિમા ભાષા સુધી વિસ્તરતો જોઈને 'બેધડી મોજ' ના અંક (૨૮-૮-૧૯૩૧) માં એક વાંચકે તો 'સાહિત્ય'ના મુદ્રાલેખ તરીકે 'સાદી ભાષા સાદી કડી' છાપે તો ખોટું નહીં એમ કહીને ભાષાની સાદાઈ તરફ ના પોતાના પક્ષપાતને લીધે કવચિત એ વિચારની ગહનતાને પણ અન્યાય કરે છે એમ કહી દીધું હતું.

પ્રથમ અંકથી ૪૮ પાનાની સાથે પ્રકટ થયેલા સાહિત્યે એક વર્ષના ટૂંકાગાળામાં જ એમનો વાચકવર્ગ ઉપજાવી લીધો હતો. એ સમયના પ્રમુખ સામયિકોએ 'સાહિત્ય'ની એક વર્ષની કામગીરી જોઈને 'સાહિત્ય' સેવાની પ્રશંસા કરેલી. 'સાંજ વર્તમાન', બંગાળીમાં પ્રસિધ્ધ થતું 'પ્રવાસી', હિંદી માસિક 'સરસ્વતી' અને મરાઠી ભાષાનું 'મનોરંજન' જે સ-રસતાથી પ્રકટ થાય છે એ પ્રકારનાં સામયિકોની ગુજરાતમાં પ્રવર્તતી ખોટ દર્શાવીને 'સાહિત્ય' એવી ખોટ પૂરશે એમ કેટલાક સામયિકોને શ્રધ્ધા બેસેલી. 'ગુલશન' માસિકને 'સાહિત્ય'ની દરેક વર્ગના લેખકોને આવકારની નીતિ નોંધપાત્ર જણાઈ હતી. તે માને છે કે એ સમયમાં અતિપ્રચલિત સંસ્કૃતમય ગુજરાતીનું કહેવાતું પાંડિત્ય ધરાવતાં કહેવાતાં ખાં સાહેબોને મનથી તેમનાં સિવાય ગુજરાતી ભાષા બીજું કોઈ લખી શકતું જ નથી એ ભ્રમ 'સાહિત્ય' ધ્વારા તૂટશે. તેઓને અંગ્રેજીના 'ઈસ્ટ એન્ડ વેસ્ટ' તથા 'મોડર્ન રીવ્યૂ' નો ભાસ 'સાહિત્ય'માં જણાયો હતો. સ્વીકારાયેલા લેખોની સર્વમાલિકી તંત્રીની રહે એવી 'સાહિત્ય'ની તંત્રીનીતિનો ગુજરાતી સાહિત્ય પ્રદેશમાં ભાગ્યે જ સ્વીકાર થઈ શકશે એવી ચેતવણી 'ગુજરાતી પંચે'

ઉચ્ચારી હતી. કોઈપણ સર્જનાત્મક સામગ્રીના માલિકીહકક સામયિક ધરાવે એવી નીતિ અખત્યાર કરવામાં સામયિક પરંપરા જ મૂળમાં હોવાનું માની શકાય. તમામ સામયિકોની નીતિ આ પ્રકારની નહોતી અને તે છતાં 'સાહિત્ય' માં આ બાબતે આગળ કોઈ વિવાદો થયાનું નોંધી શકાયું નથી. ''જૈન હિતેચ્છુ' લખે છે : ''આ પત્ર 'વસંત' માસિકની સ્પર્ધામાં ઉતરે એવું સ્વરૂપ હજી સુધી તો દેખાતું નથી'' જોકે, દરેક સામયિકોએ પ્રાચીન ગ્રંથોને પ્રસિધ્ધ કરવા માટે, ગ્રંથાવલોકન માટે, ચોપાનિયાં શું કહે છે ? એ વિભાગ માટે અને સાદગીભરી ભાષા માટે 'સાહિત્ય'ની પ્રશંસા કરેલી છે. 'સાહિત્ય' એટલે આમવર્ગનું માસિક' એ ધોરણે ''હરગોવિંદદાસે અને પુત્ર મટુભાઈ કાંટાવાળાએ સાહિત્ય નો સામાન્ય જીવન વ્યવહાર સાથે સબંધ વિચારી સાહિત્યને પણ વ્યવહારું બનાવવું જોઈએ એવો એમનો આશય ઘણે સ્થળે વ્યકત કરેલો છે અને આ આશયના પ્રચારમાં 'સાહિત્ય' માસિકે પોતાના જીવન દરમ્યાન ઘણું કાર્ય કર્યુ છે.(૧)

વડોદરા રાજ્યના રિપોર્ટ પ્રમાણે ૧૯૧૩ - ૧૪ ના વર્ષમાં 'સાહિત્ય'નો ફેલાવો ૪૦૦૦ નકલ આસપાસ હતો. આ ઉપરથી અનુમાન કરી શકાય કે 'સાહિત્ય' માસિકનું પ્રકાશન થતાં જ એમણે બહોળા વાચકવર્ગનું ધ્યાન ખેંચેલુ. હરગોવિંદદાસ સામયિકના વ્યવસ્થાતંત્રમાં કુશળ વહીવટદાર હતા. આ અગાઉ 'વિજ્ઞાન વિલાસ' સાથે જ્યારે હરગોવિંદદાસ જોડાયેલા ત્યારે એ સામયિકમાં ગેરવ્યવસ્થાનો પાર નહોતો. સારા લેખોની ઉણપને કારણે, તંત્રી - કારકૂનોના પગારને કારણે અને બેકાળજીને લીધે 'વિજ્ઞાન વિલાસ' ખોટમાં જતું હતુ એવા સમયે હરગોવિંદદાસે એમનું તંત્ર સુવ્યવસ્થિત ગોઠવેલું, અને ઘણી મહેનતથી એ સામયિકને લોકપ્રિય બનાવ્યું હતું. 'કૌમુદી' અંક:૨, ૧૯૨૪માં વિજયરાયે નોંધ્યુ હતુ કે : 'ગુજરાતનો આ વેપારશાઈ સંપ્રદાય નેક અને ચીવ્વટબાજ પ્રતિનિધિ હતો' આ કટાક્ષને એક બાજુએ મુકીએ તો પણ સ્વીકારવુ પડશે કે 'સાહિત્ય'ના પ્રકાશનમાં અને સંચાલનમાં એ વ્યાપારી કુનેહનો ઉત્તમ પરિચય થયા વિના રહેતો નથી. 'સાહિત્ય'નો મોટો પ્રચાર

વડોદરા રાજ્યની લાયબ્રેરીઓમાં હતો. આ લાયબ્રેરીઓમાં જતી નકલોને કારણે, પોતાની શ્રીમંતાઈને કારણે અને જાહેરખબરના વ્યાપક પ્રતિસાદના કારણે 'સાહિત્ય'ને અન્ય સામયિકોના નસીબે લખાયેલી આર્થિક તંગીની મુશ્કેલીઓ ક્યારેય નડવા પામી ન હતી. પુસ્તકાલય' (૧૯૨૭) નોંધે છે કે : ''સાહિત્યે' ખાતાના સરક્યુલરો વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવાનું, પુસ્તકાલયો માટે આઠ આના લવાજમ ઓછું લેવાનું અને ખાતાના સરક્યુલરોની ૨૫/૨૫ નકલો પૂરી પાડવાનું ઉદારતાથી સ્વીકાર્યું એટલે ૧૯૧૩ના સપ્ટેમ્બરથી વડોદરા રાજ્યના પુસ્તકાલયો એ આ માસિક ફરજીયાત લેવુ એમ અમોએ ઠરાવ્યું'' લાયબ્રેરીઓ તરફથી મળેલા આ પ્રોત્સાહક પ્રતિભાવથી 'સાહિત્ય' સ્થિર બન્યું હતું. પણ સાથોસાથ નોંધવું જોઈએ કે વડોદરા રાજ્યની લાયબ્રેરીઓના સરક્યુલરોની પ્રસિધ્ધિ જ કેટલીક-વાર 'સાહિત્ય' ના ૩૦ – ૩૫ પાનાઓ રોકી દે છે. પુસ્તકાલય પરિષદો ના વિસ્તૃત અહેવાલો સામગ્રીના ભોગે અપાયા છે. 'પ્રસ્થાન'ના ૧૯૩૪ના અંક : ૧ ની 'મફત વાંચન' ની જાહેરાત પણ ધ્યાન ખેંચનારી છે. એક ગૃહસ્થ તરફથી 'સાહિત્ય'ની ૨૫૦ નકલો વિદ્યાર્થીઓને અને ૧૦૦ નકલો હરિજનોને અરધા લવાજમે આપવાની આ જાહેરાત એ સમયમાં સામયિકના પ્રચાર, પ્રસાર માટે સમાજ જે રીતે જોડાય છે, તેની વિશિષ્ટ બાજુઓને રજૂ કરે છે. વળી, હરિજનોને ખાસ દરે અપાતું 'સાહિત્ય' એ નવજાગરણ ઉત્સાહને પણ ચીંધી બતાવે છે.

o <u>'સાહિત્ય'ની વિવિધ યોજનાઓ :-</u>

'સાહિત્ય'ને લોકપ્રિય અને પ્રજાગમ્ય બનાવવા માટે સંચાલકે અનેક યુક્તિઓ અજમાવી હતી. હરિફાઈઓની યોજના 'સાહિત્ય' વારંવાર પ્રયોજતું રહયું હતુ એના કારણમાં જનસમુદાયને 'સાહિત્ય' પ્રત્યે આકર્ષિત કરવાનો હેતુ પણ સમાયેલો હોવાના કારણો મળી આવે એમ છે. 'સાહિત્ય'ના બે ગ્રાહકો નોંધાવનારને એકવર્ષ માટે મફત 'સાહિત્ય' મોકલવાની, 'સાહિત્ય'ના ગામોગામ ઉદાર કમીશનથી એજંટો નીમવાની, સ્ત્રીઓ માટેની ચિત્રસ્પર્ધા,

૨૫૦ અને ૫૦૦ ઉત્તમ પુસ્તકોની યાદી હરીફાઈ, હરગોવિંદદાસના નિબંધો અને નવલકથાઓ પર વિવેચનાત્મક લેખો લખી મોકલવાની યોજનાએ વ્યાપક, જનસમાજનું ધ્યાન પણ ખેંચેલું. ત્રણ વર્ષ પુરાં થતાં ગુજરાતની પ્રજાએ આ સામયિકને કેવો આવકાર આપેલો તેનો ચિતાર તંત્રીની આ નોંધમાંથી પ્રાપ્ત થાય છે : '' અમને કહેતા ઘણો આનંદ થાય છે કે મુઠ્ઠીભર સાક્ષરો કે જેઓ સાહિત્યપ્રદેશના ગરાસીયા (એરિસ્ટ્રોક્રેટસ) છે અને જેઓ જુદાવાડા બાંધીને બેઠા છે તે સાક્ષરો સિવાયની સમસ્ત ગુજરાતી પ્રજા (લીટરરી ડેમોક્રસી) તરફથી અમને ઘણું ઉત્તેજન મળ્યું છે તે ન ધારેલ ઠેકાણેથી પણ અમારાં પ્રયત્ન તરફ દિલસોજી બતાવવામાં આવી છે. 'સાહિત્ય' ઘણું લોકપ્રિય થયું છે અને હરહંમેશને જનસમૂહનું (માસીઝ) વાજીંત્ર રહે, તેમને વિદ્યા, વિજ્ઞાન, સાહિત્ય, સંસારશાસ્ત્ર, ઉદ્યોગ હુન્નરના નવાં નવાં પ્રશ્નોનું કંઈક જ્ઞાન કૃત્રિમ તથા ગોઠવેલી અર્ધસંસ્કૃત ઢેડ ગુજરાતીમાં નહી પણ સરળ ને શુધ્ધ ગુજરાતી ભાષામાં આપી શકે ને તેમ કરીને દેશોન્નતિનું એક સાધન થઈ શકે એ જ અમારો ઉદ્દેશ છે''.

૧૯૧૬થી 'સાહિત્ય'ના એ જ લવાજમમાં આઠ પાના વધારાનું વાંચન આપવાનો, ઉત્તમ લેખકોને પારિતોષિક આપી લેખ મેળવવાનો અને ધારાવાહી નવલકથા શરૂ કરવાનો નિર્ણય તંત્રીની સાહિત્યપ્રીતિનાં દ્યોતક છે. ૧૯૧૮ માં ફરી ૧૬ પૃષ્ઠો ઉમેરાય છે. લડાઈને કારણે ઉભી થયેલી કાગળની તંગી અને બેફામ ભાવ-વધારા સામે પણ 'સાહિત્ય' ૭૨ પૃષ્ઠ જેટલું વાંચન એ જ લવાજમમાં આપવાનો પ્રશસ્ય યત્ન 'સાહિત્ય'ની વેપારશાઈ સંપ્રદાયની ટીકા ભૂંસી નાંખવા પૂરતા છે. લવાજમની આ રકમ ૧૯૨૦ માં વધારીને રૂા. ૩ - ૮ - ૦ કરવામાં આવેલી.

એ સમયનાં સુપ્રસિધ્ધ સામયિકોની સામે 'સાહિત્ય'ની નિયમિતતાએ દાખલો બેસાડયો હતો. એમના આ નિયમિત પ્રકાશનની તમામ સામયિક પત્રો, વિધ્વાનો અને વાંચકોએ ઘણી પ્રશંસા કરેલી. એક વાંચકે તો લખ્યુ હતું : 'સાહિત્ય' હાથમાં આવે ત્યારે જાણવું કે તારીખ પહેલી થઈ' એ હદની નિયમિતતા 'સાહિત્ય'નું ધ્યાનાર્હ પાસુ છે. લડાઈના કટોકટીભર્યા સમયે, પ્લેગની વ્યાપક બીમારી અને

તોફાનોની અશાંત પરિસ્થિતિમાં પણ 'સાહિત્ય'ને નિયમિત પ્રકાશિત કરવાનું વલણ સામયિકજગત માટે અનુકરણીય બને તેવું હતું. '[illegible] ' હિન્દુસ્તાન' ના ૨૨ જુન - ૧૯૨૫ના અંકમાં 'સાહિત્ય'ના નિયમિતપણાની તેમ એના આંતરિક સ્વરૂપની નોંધ આ મુજબ લેવાઈ છે : ''આ એક જ માસિક પોતાનું અવિભકત વ્યકિતત્વ સાચવી શકયું છે. ગુજરાતી સાહિત્યમાં બહારના નવા સાજ અને નવા શણગારથી લોકોને આંજવાની ઘેલછામાં આ જુનું છતાં સંગીન માસિક નથી ઘસડાયું'.

'સાહિત્ય' ના મોટાભાગના અંકોમાં સામગ્રી બાબતે, ચર્ચાપત્રો કે ચોપાનિયાં શું કહે છે, જેવા વિભાગોમાં કે પછી તંત્રી લેખોમાં જોવા મળતું તંત્રીનું નૈતિકબળ અને સ્પષ્ટવકતાપણું કવિ ખબરદારને આકર્ષે છે. એ લખે છે કે : 'તેની નીડરવાણીના અને શુધ્ધ એકરારોના દાખલા એમાંથી ઘણાં મળી આવે છે.(૨) તંત્રીના સ્પષ્ટ અભિપ્રાયનું ઉત્તમ ઉદાહરણ 'ગીતાંજલિ'ની કરેલી ટીકામાંથી પ્રાપ્ત થાય છે. ~~'ચેતન' (ઓગષ્ટ - ૧૯૨૦)ના અંકમાં 'સાહિત્ય'ની 'ગીતાંજલી' ની કરેલી ટીકામાંથી પ્રાપ્ત થાય છે.~~ 'ચેતન' (ઓગષ્ટ - ૧૯૨૦) ના અંકમાં 'સાહિત્ય'ની 'ગીતાંજલી' વિષાયક વલણની ટીકા પ્રસિધ્ધ થતાં તંત્રી જે જવાબ આપે છે એ નોંધીએ : ''અમને 'ગીતાંજલી' બહુ રુચી નથી તેથી અમારી વિધ્વતા વિશે વાચક શંકા ઉઠાવે છે તે વાજબી છે. વિધ્વાન હોવાનો અમે કદી દાવો કર્યો નથી. 'સાહિત્ય'નો ઉદ્દેશ જ વિધ્વતાનો દંભ દૂર કરવાનો અને સાહિત્યને સામાન્ય પ્રજાને રુચતું કરવાનો છે. અમે ફરીથી કહીએ છીએ કે દરેક સામાન્ય માણસને કોઈપણ ગ્રંથ માટે વિરુધ્ધ અભિપ્રાય આપવાનો હકક છે. અભિપ્રાય આપવાનો હકક છે. અભિપ્રાય અનુકૂળ હોય તો જ તેવો હકક સ્વીકારવો નહીં તો નહીં એવું ધોરણ કેટલાકનું ભલે હોય' તંત્રીના પોતાના દોષો વારંવાર પ્રકટપણે સ્વીકારવાની આ નીતિથી એક વાચકે ૧૯૨૬ના નવેમ્બર અંકમાં લખ્યુ હતું કે : 'તંત્રી વિલાયતના એક 'એડવર્ડ ધ કન્ફેસર' જેવા છે અને એમણે અત્યારસુધીમાં ઘણીવાર પોતાની અજ્ઞાનતાનું કન્ફેશન કર્યુ છે. 'અમે સર્વ કંઈ જાણી ન શકીએ',

'તંત્રી બધુ ધ્યાન ન રાખી શકે' વગેરે વાતો લગભગ દરેક અંકોમાં રજૂ થઈ છે.

o <u>સાહિત્યિક પત્રકારત્વ પરત્વે સજાગ દૃષ્ટિનો લાક્ષણિક નમૂનો :-</u>

સામયિકના વ્યવસ્થાતંત્રની કુશળતા, વડોદરા રાજ્ય લાયબ્રેરીઓ અને વાંચકોનો સહકાર હોવા છતાં 'સાહિત્ય'ને ૧૯૧૯માં રૂા. ૫૦૦ ની અને ૧૯૨૦ માં રૂા. ૧૦૦૦ ની ખોટ સહન કરવી પડી હતી. આ ખોટના કારણોની તપાસ કરતાં આક્રોશ વ્યકત કરવાના બદલે તંત્રી સમગ્ર ગુજરાતી સામયિકો સામે નજર માંડે છે. તંત્રીનું આ વિશ્લેષણ સામયિકોની સ્થિતિનો ચિતાર આપવા પુરતું છે. તેઓએ નોંધ્યુ છે કે : ''વીસમી સદી'ની ઠીક ઠીક નકલો ખપતી હતી છતાં તેનાં સ્થાપક પોતા પાછળ દેવું મુકી સ્વર્ગવાસી થયા છે.

'સુંદરી સુબોધ'ની સારી નકલો ખપે છે. પરંતુ તેથી સારી અર્થપ્રાપ્તિ થાય છે એમ ભાગ્યે કહી શકાય. 'બુધ્ધિપ્રકાશ' ને સોસાયટી ઉપર આધાર રાખવો પડે છે નહીં તો એવા લવાજમથી તે ટકી શકે નહીં. 'વસંત', 'સમાલોચક', 'સમાજજીવન', 'સ્ત્રીબોધ' વગેરેને કાંઈપણ ફાયદો થતો હોય એમ માનવામાં આવતું નથી વખતે ખોટ જતી હશે. ઘણાં માસિકો જન્મ્યાં ને ઘણાંઘણાં માસિકો મરણશરણ થયા. ઘણાંની માત્ર પાંચસો નકલો માંડમાંડ ખપે છે. પારસી માસિકોની આર્થિક સ્થિતિ કદાચ સારી હશે કેમકે એ કોમમાં વાંચનનો શોખ વિશેષ છે તો પણ ઘણાંની હિંદુ માસિકો જેવી જ દશા હશે''(૩) આમ થવાના કારણમાં તંત્રી ગુજરાતનાં ઓછા વાંચનશોખ, કરકસરની પ્રબળવૃત્તિને ગણાવે છે. સારા વિચારશાળી લેખોની ઉણપનો સ્વીકાર તંત્રીના શબ્દોમાં જ જુઓ : ''સાહિત્ય' ના જ એકવર્ષના પાના ઉથલાવશો તો વિચારની દરિદ્રતા સહેજે જણાઈ આવશે' પરંતુ એ સાથે નોંધે છે કે : 'ગુજરાતના સારાસારાં લેખકો જવલ્લેજ પોતાનો લાભ ગુજરાતને આપે છે અને માસિકોની આર્થિક સ્થિતિ એવી નથી કે મહેનતાણું આપી ઉચ્ચપ્રકારના લેખો લખાવી શકે' જોકે 'સાહિત્યે' પુરસ્કાર આપીને

ઉત્તમલેખો મેળવવાનો જરૂર પ્રયાસ કર્યો હતો પરંતુ એ સફળતાને વર્યો નથી. એ દિશામાં તંત્રીનો અનુભવ છે કે મહેનતાણાની લાલચથી કંઈ વધારે સત્વવાળું લખાણ તે મેળવી શકયું નથી અને પ્રસિધ્ધ લેખકો નરસિંહરાવ, કેશવલાલ પાને આઠ આના કે પાને રૂપિયો લેવા ન બેસે એમ તંત્રીનું માનવું છે. ગુજરાતી સામયિક તંત્રની મર્યાદાઓ અને ટાંચા સાધનોને કારણે જેમ એ વધુ પુરસ્કાર આપી ન શકે તેમ આટલો ઓછો પુરસ્કાર અભ્યાસને કે મનનને આકર્ષી શકે નહીં એ છતાં પણ 'સાહિત્ય'ના આરંભથી જ લલિત, કેશવ ધ્રુવ, કૃ.મો.ઝવેરી, ધુમકેતુ, ર.વ. દેસાઈ, જયેન્દ્ર દૂરકાળ અને ધનસુખલાલ જેવા પ્રસિધ્ધ સર્જકોનો 'સાહિત્ય' ને લાભ મળતો થયેલો એ લાભ ગુજરાતને માટે તેમ 'સાહિત્ય'ને માટે સદ્ભાગ્ય બની રહયો છે.

## ૦ પ્રાચીન કાવ્યોની પ્રસિધ્ધિ : 'સાહિત્ય'નું વિશિષ્ટ સોપાન :-

'સાહિત્ય'નું ગુજરાતી સાહિત્યમાં સૌથી વિશેષ પ્રદાન પ્રાચીન કવિતાને પ્રકટ કરવાનું રહયું છે. તંત્રી આધુનિક કાવ્ય પ્રગતિનો અનાદર કરવા ઈચ્છતા નથી તે છતાં પ્રાચીન કવિઓના અપ્રકાશિત કાવ્યોને પ્રકટ કરવાની અભિલાષા પાછળ 'પ્રાચીન કાવ્ય ત્રમાસિકે' જૂના ગ્રંથોને પ્રકાશિત કરવાની કામગીરી હાથ ધરી તેને આદર્શ સ્વરૂપે લેખવા માંગે છે. પ્રાચીન સમયના જ્ઞાન, કેળવણી, સુધારો ભાષા વગેરે કાર્યને જાહેરમાં મુકવાનું જરુરી માનતા તંત્રીએ જુના પુસ્તકની ખરી નકલ છાપવાનો જ આગ્રહ રાખ્યો હતો જેના લીધે પ્રાચીન જોડણીને ભાષા-બંધારણ વિશે પણ રોચક માહીતી પ્રાપ્ત થાય છે. એક ફર્મો ખાસ એમના માટે ફાળવવામાં આવેલો. પ્રેમાનંદનું 'શામળશાનો મોટો વિવાહ' પ્રથમ અંકથી તે દોઢ વર્ષ સુધી 'સાહિત્ય'ના અંકોમાં પ્રકાશિત થતું રહયું હતું. જ્યારે પ્રેમાનંદના નામે મળતી 'પાંડવાશ્વમેધ', 'વિરાટપર્વ', 'ભીષ્મપર્વ', 'સભાપર્વ' પણ સમયાંતરે પ્રકટ થયેલા છે. આ ઉપરાંત માધવાનલની કથા, નરબોધ, કવિ મેગલકૃત 'ધ્રુવાખ્યાન', નાસિકેતાખ્યાન, પ્રીતમકૃત ' અધ્યાત્મ રામાયણ ', કવિ ભવાનકૃત

'બ્રહ્મગીતા' જેવા લગભગ ૧૭ જેટલા અપ્રકાશિત ગ્રંથોને પ્રસિધ્ધિમાં મૂકી આપવાનું શ્રેય 'સાહિત્ય'ને ફાળે જાય છે.

○ કેવળ 'પ્રેમાનંદીય પત્ર' ?

'કે ને કે પ્રેમાનંદની ચર્ચા કર્યા વગર વૃધ્ધ રાવ બહાદૂર કે એના સુપુત્ર સાહિત્યકારને રસ નહીં જ પડતો હોય' એમ કહેતા 'ગાંડીવ' ના મતનું વિજયરાયે (કૌમુદી – ૧૯૨૫) સમર્થન કરીને 'સાહિત્ય'ને 'પ્રેમાનંદીય પત્ર એવો ખિતાબ આપેલો. આની ઉગ્ર ટીકા 'સાહિત્ય'ના તંત્રી ધ્વારા થઈ છે એ છતાં સ્વીકારવું જોઈએ કે પ્રેમાનંદના સર્જન અને કવિત્વપ્રતિભાની વારંવાર પ્રશંસા 'સાહિત્ય' ના અંકોમાં ડોકીયા કરે છે. પ્રેમાનંદની મોહિનીને કારણે પ્રેમાનંદ પર વિષ્ણુદાસ, નાકરની અસર સ્વીકારતા હોવા છતાં પ્રેમાનંદની ટીકા સાંભળવા તંત્રી તૈયાર થતાં નથી. કવિ પ્રત્યેની અપાર શ્રધ્ધા જ તંત્રીને કહેવડાવે છે કે : ''સામાન્ય લીટીઓ કે સરખા વસ્તુમાત્રથી નાના કવિ મોટા થઈ શકતા નથી કે મોટા કવિ ચોર ગણાતા નથી. કયાં પ્રેમાનંદની સૂર્ય સમાન તેજસ્વી પણ ચંદ્ર સમાન મીઠી વાણીને કયાં તેના અગાઉના કવિઓની કૃત્રિમ કર્કશ કવિતાઓ ! 'દૈશમસ્કંધ' માત્ર ભાષાંતરરૂપ છે છતાં 'મારુ માણેકડુ રિસાયું રે' એ પદ જેવી અલૌકિક લખાણ ભરી અપૂર્વ મીઠાશવાળી કવિતા ડઝન કવિઓ એકઠા થાય તો પણ લખી નહીં શકે એમ અમારું માનવું છે'(૪)

ગુજરાતી સાહિત્યમાં બહુ વગોવાયેલા 'પ્રેમાનંદના નાટકો'ના વાદવિવાદો ઝિલવામાં અને 'નાટયકાર પ્રેમાનંદ' ને જીવતો રાખવાના ઘણાં પ્રયત્નો 'સાહિત્ય' સામયિક ધ્વારા થયા હોય તો પ્રેમાનંદની આ વિશેષ પ્રીતિને કારણે ! આ નાટકો તરકટી હોવાની શંકા છેક 'સુદર્શન'માં અને ૧૮૯૭ – ૯૮ ના 'સમાલોચક' અંકોમાં વ્યકત કરાયેલી. કેશવ ધ્રુવે ૧૯૦૫ માં 'પ્રેમાનંદના જીવનમાં પાંચ પ્રસ્તાવ' નામે પ્રસિધ્ધ લેખમાં નાટકોનું કર્તૃત્વ પ્રેમાનંદનું સ્વીકારીને આ કૃતિઓનો મહિમા કરેલો. ૧૯૦૯ માં સાહિત્ય પરિષદ (રાજકોટ)માં

નરસિંહરાવે 'પ્રેમાનંદના નાટકો' નામે પ્રથમ વાર જ શાસ્ત્રીય સંશોધક દૃષ્ટિથી સાધાર ચર્ચાઓ પૂરી પાડીને નાટકોના કર્તૃત્વ વિશે સાશંક દૃષ્ટિથી જોવાનું જરૂરી માન્યું હતુ. એ ઉપરાંત ૧૯૧૧ માં એમણે ભરૂચ સાહિત્ય સભા સમક્ષ ભાષણ આપીને આ નાટકો પ્રેમાનંદના ન હોઈ શકે એ વિધાયક વિશદ્ ચર્ચા હાથ ધરેલી. (આ વ્યાખ્યાન વસન્ત અંક : ૧૦, વર્ષ : ૧૦ માં પ્રસિધ્ધ થયું છે.) એ જ વર્ષમાં કેશવ ધ્રુવે 'બુધ્ધિપ્રકાશ' ના અંકોમાં ચર્ચા આરંભી નરસિંહરાવને જવાબ આપવા બીજી દિશાએથી 'વસન્ત' ના એ જ વર્ષમાં કેશવ ધ્રુવે 'બુધ્ધિપ્રકાશ' ના અંકોમાં ચર્ચા આરંભી નરસિંહરાવને જવાબ આપવા બીજી દિશાએથી 'વસન્ત' ના એજ વર્ષમાં 'સાહિત્ય'ના તંત્રી મટુભાઈએ લેખમાળા શરૂ કરીને 'પ્રેમાનંદના નાટકોને યોગ્ય ઠેરવ્યાં જે પાછળથી 'પ્રેમાનંદના જ નાટકો' નામે પુસ્તકરૂપે પ્રસિધ્ધ થયા. ૧૯૧૪ થી અંબાલાલ જાની ચર્ચાપત્રો દ્વારા આ વિવાદમાં જોડાયા. 'સાહિત્યમાં અંબાલાલની આવી ચર્ચાઓ પ્રાપ્ત થાય છે જે પ્રેમાનંદને જ નાટકોનો કર્તા ઠેરવે છે.

સામે પક્ષે નરસિંહરાવે ૧૯૧૪માં 'વસન્ત'ના અંકોમાં મટુભાઈ અને અન્ય લેખકોને 'પ્રેમાનંદના નાટકોના પક્ષકારો' કહી એમની દલીલોનું ખંડન કરવા માંડયુ. પોતાની લેખમાળાના જવાબો અને એની ઉભી થતી ચર્ચાઓના જવાબો પણ મટુભાઈ એ વખતોવખત આપવા માંડયા. નરસિંહરાવના પક્ષમાં ચર્ચા કરતાં વિધ્વાનોને 'પ્રેમાનંદના વિરોધીઓ' ગણાવવાનું શરુ થયુ તો સામે પક્ષે'પ્રેમાનંદના પક્ષકારો' ની લેખમાળાઓ થઈ. આ ચર્ચા કિલષ્ટ બનતી ચાલી અને અંગત આક્ષેપો, પ્રહારાત્મક વાતાવરણમાં સૌમ્યતા, શિષ્ટતા વિસરાઈ ગઈ. આવી ચર્ચાઓ 'વસન્ત', સમાલોચક, 'બુધ્ધિપ્રકાશ', 'ગુજરાત' અને 'કૌમુદી' જેવા સામયિકો માં તેમ 'સાહિત્ય'માં બંને પક્ષો ધ્વારા બરાબર ઝિલાઈ છે. ૧૮૯૭/૯૮ના ના વિવાદનું બીજ છેક ૧૯૨૭ની સાલ સુધી ચર્ચાતુ રહે એવી અસામાન્ય ઘટનામાં ઠાકોર 'ગાંડીવ' ના દીપોત્સવી અંક - ૧૯૨૬ માં ખાસ લેખ લખીને જે જાહેરાત

કરે છે તેમાં આ પ્રશ્નનો તંત જણાઈ આવે છે. સત્યાન્વેષી ખોજનો એ જુસ્સો ઠાકોરના આવા શબ્દોમાં પ્રકટ થયો છે : ''આ પ્રશ્નનો નિર્ણય થતાં સુધી મારી લડત આવા જ સાગ્રહથી ચાલુ રાખીશ. ઈશ્વર મને તે માટે પૂરતું આયુષ્ય આપો અને એ પહેલા આ દેહ પડી જાય તો મારાં પક્ષના મારા મિત્રોએ લડત ચાલુ રાખશે. ઠાકોરના આ જવાબની સામે હરગોવિંદદાસ તો પ્રેમાનંદે જ આ નાટકો લખ્યાં હતા એ સાબિત કરવા ૧૮ પાનાનો 'સાહિત્ય'માં લેખ દલીલો-સમર્થનો આપીને કહે છે : ''પ્રો. ઠાકોર જેવા ઠરેલને ઠાવકા સાક્ષર કહે છે કે આ નાટકો પ્રેમાનંદના જ છે એમ પોકાર્યા કર્યું, તે નાગી ધૃષ્ટતા છે તેથી અચંબો ઉપજે છે. આ વાત તો સામાપક્ષને પણ લાગુ પડી શકે. નાટકો પ્રેમાનંદ ના જ છે એમ અમારાં પક્ષના પુરાવાથી ખાત્રી થયેલી છે ને પ્રેમાનંદના ન હોય પણ બીજા કોઈના હોવા જોઈએ એમ જેઓ માનતા હોય તેમની ફરજ છે કે એ તેમના કલ્પિત કર્તાને શોધીને સાબિત કરી આપે. પ્રેમાનંદના નથી એમ કહેવાથી કંઈ દહાડો વળવાનો નથી.(૫)

કર્તાને શોધવાના અને પ્રેમાનંદના નાટકો અન્ય સર્જકોના હોઈ શકે એવી ચર્ચાઓ પણ પૂરી ગાજવીજ સાથે થયેલી છે. નાટકના પ્રયોજકો છોટાલાલ ભટ્ટ, નાથાશંકર શાસ્ત્રી કે કેશવધ્રુવમાંના કોઈ એકે લખ્યાં હોવાના અનુમાનો - વિગતો સાધાર ઉદાહરણો આપીને ચર્ચાયા છે. આ ઊહાપોહમાંથી એટલું તો સ્પષ્ટ તરી આવે છે કે પ્રેમાનંદ આ નાટકોનો સર્જક નથી. પ્રાચીન કાવ્ય ત્રૈમાસિકની પ્રવૃત્તિ ને પ્રતિષ્ઠા અપાવવા, સંશોધક તરીકેની નામના મેળવવા કે ભાષા અભિમાનના જોરે આવા તરકટી નાટકો ઉભા કરવામાં આવ્યા. 'સાહિત્ય' સામયિકના સ્થાપક હરગોવિંદદાસ પણ આ આખાયે ષડયંત્રથી જ્ઞાત હોવાની વાત પ્રસન્ન વદિલે પોતાના શોધનિબંધમાં મૂકી આપી છે.(૬) કવિની પ્રતિભાશક્તિને અનન્ય ગણીને 'નાટયકાર પ્રેમાનંદ'નો તખ્તો ઉભો કરવામાં 'સાહિત્ય' સામયિકે

પ્રેમાનંદનો પક્ષ વારંવાર લીધો હતો. સર્જકને ઉંચો ઠેરવવા માટેના આવા પ્રપંચો સાહિત્યિક સામયિકની ઉભી થયેલી શ્રધ્ધાને ખેરવી નાખવા પૂરતા છે. આ ઘટના પ્રત્યે હરગોવિંદદાસ જાણકારી ધરાવતા હોવા છતાં સાહિત્યક્ષેત્રને જુદા રસ્તે લઈ જવાની મમતમાં સાહિત્યના વિશાળ અર્થને બદલે સંકુચિતતા જ ઉભરી રહે છે. આવા વાદવિવાદો ધ્વારા સામયિક કેવા સત્ય-અસત્યો ઠેરવી શકે છે એનો પુરાવો તો મળે જ છે સાથોસાથ સામયિકની ભૂમિકા પ્રત્યે પણ આ ઘટના નિદર્શન આપી જાય છે.

૦ 'સાહિત્ય'ની સામગ્રી અને એના લોકપ્રિય વિભાગો : ૧ - કવિતા :-

'સાહિત્ય' માં કવિતાના ધોરણો વિશે અનેકોવાર ટીકાટીપ્પણો અને ચર્ચાપત્રો પ્રસિધ્ધ થયા છે. એ ટીકાઓની સામે 'સાહિત્યે' સાડા ત્રણસો જેટલા કવિઓ ને પોતાના પૃષ્ઠ પર સ્થાન આપ્યું છે જેમાં ખબરદાર, મલયાનિલ, લલિત, ચંદ્રકાંત ઓઝા, નાગરદાસ પટેલ જેવા અસંખ્ય નામોની યાદી બનાવી શકાય. કુસુમાકરના પર જેટલાં કાવ્યોનું પ્રકાશન 'સાહિત્યે' કર્યું છે. દરેક અંકોમાં કવિતાનું કોઈ ચોક્કસ ધોરણ જોવા મળતું નથી. કોઈ અંકોમાં કવિતાની સંખ્યા દસથી બાર સુધી પહોંચે છે તો કયારેક કવિતાની સમૂળગી બાદબાકી કરી નાંખેલી છે એ વલણ ઉપરથી જણાય છે કે કવિતાને મહત્વનું અંગ ગણીને ચાલવાનું સાહિત્યે સ્વીકાર્ય ગણ્યું નથી. આ કારણે તો ૧૯૨૦ સુધીના અંકોમાં ગુજરાતી કવિતા વિશે અને સંપાદકીય ધોરણ પર સતત નિરાશા ઉપજે એવા કાવ્યો પ્રસિધ્ધ કરાયા છે. માત્ર ગમ્મત ખાતર પ્રયોજાયેલા અને રમૂજ પ્રેરક કાવ્યો તંત્રી વિનંતીઓ છતાં કયારેક કોઈ સહૃદય વાંચકને તો કયારેક કોઈ સર્જકના હૃદયને ઘાવ કરી જતાં અને ત્યારે 'ચર્ચાપત્ર' વિભાગમાં આક્ષેપ - પ્રતિઆક્ષેપની જાણે કે હરિફાઈઓ જ થતી. 'જુતિલાઈના જુતિયાં', સાક્ષરજનનો લાડો' જેવા રમૂજ પ્રેરક કાવ્યો નું પ્રમાણ બહુસંખ્ય જોવા મળશે. ન્હાનાલાલ 'કોઈ કહો એ કોયલડીને ગાયા કરે' ગીતને પ્રસિધ્ધ કરે છે તે સાથે જનાર્દન પ્રભાસ્કર 'કહો કયાંથી કોયલડી ગાયા કરે ? એવું પ્રતિકાવ્ય આપે છે. ટોપીવાળો - પાટલૂનિયો, ફેંટાવાળો જેવા

નામધારી કવિની રચનાઓ નિર્દોષ રમૂજ તરીકે લેખવામાં આવી હોય તે છતાં એવા કાવ્યોની પરંપરાનો અતિરેક સજાગ વાંચકની કાવ્યરુચિને પોષક નીવડે એ બનવા નથી.

નબળી કવિતાઓની આ ફરિયાદ 'સાહિત્ય' ના આરંભથી જ જોઈ શકાય છે. પ્રજામિત્ર (૧૪/૨/૨૫) ના અંકમાં કોઈ વાચકે 'સાહિત્ય'ની કવિતાઓ વિશે લખેલું કે : ''કંઈ કહેવાથી પણ નબળી કવિતાઓ લખાવાની ક્યાં બંધ થવાની છે ? લાખ અનુભવે અમારી ખાત્રી થઈ છે કે ખુદ તંત્રીઓને જ જ્યાં પીંગળનું જ્ઞાન ભાગ્યે જ હોય છે ત્યાં ગમે એવી કવિતાઓને માસિકમાં સ્થાન મળે એ બનવા જોગ છે' તો હિંદુસ્તાન (૨૦/૨/૨૫) ના અંકમાં કવિતાના ધોરણ વિશે આકરી ટીકા કરતાં કોઈ વાંચકે લખ્યું છે કે : ''કવિતાઓ સારી ન મળે તો બિલકુલ ન છાપવાની હિંમત તંત્રીમાં હોવી જોઈએ. તે 'સાહિત્ય' કારમાં નથી એ શોકકારક છે.'' 'ગાંડીવ' (૧૧-૭-૨૮) ના અંકમાં રસવિહારીએ 'સાહિત્યમાં કવિતાની પસંદગીના ધોરણ વિશે જે પ્રશ્ન પૂછ્યો છે એનો જવાબ આપતા તંત્રી ઓગષ્ટ - ૧૯૨૮ અંકમાં કેવી પોકળ દલીલોનો આશ્રય લે છે એ નોંધીએ : 'જરા અમારા અંકોની રચના જોશો કે ? ગદ્યલેખો પૂરા થતાં પાના પૂરા કરવા ટૂચકાની જગ્યાએ અમે ઘણું કરીને આ કવિતાઓ દાખલ કરીએ છીએ મતલબ કે મોટાભાગે હાલના પદ્યને અમે ગદ્ય કરતા ઊતરતું ગણીએ છીએ એથી બીજું બહુ અમે શું કહી શકીએ ? માસિક પણ તેના જમાનાની આરસી માત્ર નથી શું ? '' 'ગાંડીવે' કરેલી ટીકાને 'પ્રજાબંધુ' એ વિસ્તારી હતી. કાવ્ય રચનાની પસંદગીમાં ન જળવાઈ શકતા વિવેકની નોંધ લઈને 'કૌમુદી' પ્રસ્થાન', 'કુમાર' ને જો સર્વોત્તમ નહી તો સારી કવિતાઓ મળતી હોય તો 'સાહિત્ય'ને કેમ ન મળે ? '' પરંતુ 'સાહિત્ય' આ ટીકાને 'અર્થનો અનર્થ' અને 'ચસ્કેલ લવારો' એવા વિશેષણો આપીને ઉલટું સામાપક્ષને સુધારવાના-દોરવાના ઈરાદાથી જે ખુલાસો કરે છે એ આશ્ચર્ય આપે છે તેઓ

HANSA MEHTA LIBRARY
University of Baroda
૭૫૧

કહે છે કે : 'કુમાર', 'કૌમુદી', 'પ્રસ્થાન' ના અધિપતિઓ જેટલી પરીક્ષા અમને નથી તે તથા અમારું અજ્ઞાન અને રસહીનતા અમે કબુલી દઈએ, તેમ અમારું દૃષ્ટિબિંદુ હાલની સદીનું નહી પણ ૧૭-૧૮ મી પ્રેમાનંદ ને શેકસપીઅરની સદીનું હોવાનું પણ અમે કબુલી દઈએ પરંતુ તેથી અમે અમારા કાવ્યલેખકોને અન્યાય આપતા નથી''(૭) આ ખુલાસામાં જ સ્પષ્ટ છે કે આવે એવી કવિતાને પ્રસિધ્ધ કરવાની, ગદ્યને કવિતાથી ઉત્તમ કક્ષાએ માનવાની તંત્રી રુચિ જ અહીં કામ કરે છે.

કેટલીકવાર કાવ્યની વિશિષ્ટતાને ચીંધી બતાવવા તંત્રી કાવ્ય સાથે જે નોંધ કરે છે તે વિશિષ્ટ છે. લક્ષ્મીરામ દિવાનની 'પ્રીયપત્રિકા' કૃતિ સાથે નોંધ મૂકે છે કે : ''હિંદના ઘણા રાજાઓ હાલમાં શત્રુઓ સામે લઢવા ગયા છે તેવે વખતે આ કાવ્ય રસથી વંચાશે'' તો બ્રિટીશ રાજ્ય પ્રત્યેનો અનુરાગ રતિપતિરામના 'રણાંગણે' કાવ્ય સાથે મૂકેલી નોંધમાં વ્યકત થયો છે તે જુઓ : ''આ કાવ્ય અત્યારે એટલા માટે યથોચિત છે કે આપણી કૃપાળુ બ્રિટીશ સરકાર દુષ્ટ જર્મનો સાથે ન્યાયી યુધ્ધમાં હાલમાં પ્રવૃત્ત છે અને આપણા હિંદીવીર સિપાઈઓ પોતાના પ્રાણપુષ્પ અને પવિત્ર રાજભકિતથી સરકારને માટે રણાંગણમાં હોમે છે ! તો કોઈવાર પરિસ્થિતિ પ્રત્યે કટાક્ષ વ્યકત કરવા ખુદ સર્જક જ નોંધ મૂકે છે એવી નોંધ નવલરામ ત્રિવેદીના 'દંતધાવન વિક્રયી' કાવ્ય સાથે મુકાયેલી છે એ જુઓ : ''આ કવિતાનું મૂળ નામ 'દાતણ વેચનારી' રાખ્યું હતું. તંત્રીશ્રી તો કદાચ તે ચલાવી લેત પણ નરસિંહરાવ અને સ્વ. બોટાદકર જેવા સંસ્કૃતજ્ઞ કવિઓના કાવ્યોથી ટેવાયેલા આપણા વાંચકો કદાચ આ સંસ્કૃતિનો ફેલાવો કરનારી ઉપરોક્ત વ્યકિતનો અનાદર કરે એ ભયથી ઉપર્યુકત લેખકોનું અનુકરણ કરી મથાળું સંસ્કારી લીધુ છે''.

'સાહિત્ય'ને કોઈ કવિ પ્રત્યે વિશેષ પક્ષપાત રહ્યો હોય તો એ ખબરદાર પ્રત્યે. ખબરદારના એકાધિક કાવ્યો 'સાહિત્ય'માં પ્રકટ તો થયા જ છે પણ

સાથોસાથ એ કાવ્યો સાથે કાવ્યવિશેષને ચીંધતી તંત્રીનોંધ સદાયે હાજર રહેવા પામી છે. કાવ્યને જ બોલવા દેવાની ધીરજ તંત્રી દર્શાવી શકતા નથી. કવિ મોટાલાલ અને સાક્ષરલાલ નિરક્ષરદાસના નામે 'સાહિત્ય'માં પ્રકટ થયેલા ખબરદારના પ્રતિકાવ્યોએ એ સમયે સારો એવો ઉહાપોહ જગાવ્યો હતો. આવા કાવ્યોમાં દસપાનાનું લાંબુ કાવ્ય 'પ્રભાતનોતપસ્વી' ન્હાનાલાલની કવિતાનું પ્રતિકાવ્ય હતું. જેમાં કવિતાની વ્યાખ્યા બાંધવાનો કવિ આશય હતો. આ કાવ્યના જવાબરૂપે વળી, કેશવશેઠ દ્વારા 'તપસ્વીના તેજ' કાવ્ય પણ પ્રસિધ્ધ થયું. તંત્રી એ કાવ્ય વિશે જે નોંધ મૂકે છે તે વિશિષ્ટ છે. કાવ્ય વિશેનું આવું સ્પષ્ટ કથન આનંદ પમાડે છે.તેઓ નોંધે છે કે : ''આ કાવ્યના લખનાર અમારા મિત્ર છે તથાપિ અમારે તેમના કાવ્યને માટે બે શબ્દ લખવા પડે છે. અમને તેમના કાવ્યમાં કોઈપણ જાતની વિશેષતા કે ચમત્કૃતિ જણાઈ નથી. કવિ મોટાલાલે ન્હાનાલાલ કવિ ઉપર ટીકા કરી હતી પણ મોટાલાલની ટીકા એટલા માટે સફળ નીવડી છે કે તેઓ કવિ નાનાલાલનું હૃદય બરાબર પારખી શકયા છે એટલું જ નહીં પરંતુ ન્હાનાલાલની કવિત્વશકિત ઘણાં ઉંચા પ્રકારની છે તેમ તે માને છે. એ કવિત્વશકિત 'વિષયગામી' છે તેને સન્માર્ગે વાળવાનો ઉદ્દેશ મોટાલાલનો હતો. 'તપસ્વીના તેજ' માં એવો કોઈ ઉદ્દેશ જણાતો નથી. માત્ર 'પ્રભાતના તપસ્વી'ને લૂલો પાંગળો જવાબ આપેલો છે.''(૮) અહીં એ વસ્તું સ્પષ્ટ છે કે ન્હાનાલાલની દૃષ્ટિ સામે તંત્રી વિરુધ્ધ મત પ્રકટ કરે છે અને ખબરદારના કાવ્યને પ્રસિધ્ધ કર્યું તેથી કેશવશેઠના કાવ્યને પ્રસિધ્ધ કરવાની ફરજ સમજીને તંત્રીનીતિનો ખ્યાલ પણ આપી દે છે. 'પ્રભાતનો તપસ્વી' કાવ્ય પ્રકટ કરીને વિવાદ સર્જનારા તંત્રીને આવા કાવ્યો પ્રત્યે સહજ શ્રધ્ધા છે અને એટલે જ કવિ મોટાલાલનું (ખબરદાર) 'કુકકુટ દીક્ષા' જેવું દીર્ઘ પ્રતિકાવ્ય પ્રસિધ્ધ કરે છે વળી, આ કાવ્યની જુદી પ્રતોને વેચાણમાં મૂકીને એ કાવ્યને અપાયેલુ મહત્વ પણ અહીં ધ્યાન દોરનારું છે. કવિ ન્હાનાલાલની સામે કવિ મોટાલાલનાં પ્રતિકાવ્યો મૂકવાનો રસ્તો ઘણા વાચકોને ગેરવાજબી લાગ્યો હતો. અને કાવ્યપ્રસિધ્ધિ બાદ આ

કાવ્યોની ચર્ચા કરતા લેખ – ચર્ચાપત્રોનો ધોધ વહ્યો હતો. કવિ ખબરદાર સાથેની ઘનિષ્ઠ લાગણી હોવા છતાં તેમના 'ગુજરાત, ઓ ગુજરાત' કાવ્યનું ઉપહાસરૂપ કાવ્ય 'ઓ મધરાત, ઓ મધરાત' પ્રતિકાવ્ય પ્રકટ કરીને તંત્રી તાટસ્થ્ય બતાવવાનો પ્રયત્ન કરેલો તે છતાં 'સાહિત્ય' સામયિકની નીતિ ખબરદાર તરફ ઢળેલી છે, એના કેટલાયે પ્રમાણો 'સાહિત્ય'ના અંકોમાંથી શોધી શકાય એમ છે. 'ઉગતા તારા' લેખમાળાના એક લેખમાં તેના લેખક જગજીવન પાઠક (મૂળ – યશવંત પંડયા) લખે છે કે : 'નરસિંહરાવ ઠાકોર, ન્હાનાલાલ, મુનશી ગમે તેને રોકડું પરખાવતા એમને (તંત્રીને) વાર નહી લાગે પણ એક ખબરદારની વાત આવી એટલે એમની એક આંખે જાણે પ્રભુ પાટો બાંધી દેતા હોય એવું થઈ જાય. ખબરદારનું પુસ્તક બહારે ન પડયુ હોય એ પહેલા તેની હસ્તપ્રત તેઓ 'સાહિત્ય'ના 'ગ્રંથાવલોકન' વિભાગમાં મૂકી શકે ખરા. ખબરદારની પચાસ લીટીની કવિતા નીચે ફુટનોટમાં ૧૫૦૮ લીટીની કવિતાની આગાહી પણ આપી દે. ખબરદારના ભાગ્યાકાશમાં એમને બધુયે ઉજળું દેખાય''(૯) આ પક્ષપાત ખબરદારે તંત્રી પર લખેલા અંગત પત્રને પણ 'સાહિત્ય'માં પ્રસિધ્ધ કરવાની હદ સુધી જાય છે. માંદગીના બિછાનેથી લખેલો ખબરદારનો પત્ર જ તંત્રી છાપી નાંખે છે અને શરીરની કુશળતા પ્રાર્થે છે. આવી અંગતતા એક સામયિકને કેટલી જરૂરી ? એ પ્રશ્ન થાય. ખબરદારને પણ 'સાહિત્ય' પ્રત્યે એટલો જ અનુરાગ રહયો હશે. એક પત્રમાં તેઓ લખે છે : ''સાહિત્ય' માટે મારા રુધિરથીને આંસુથી લખાયેલી કવિતા 'પ્રભુનાં તેડા' મોકલું છું.''

કવિતાની ઉતરતી કક્ષા માટે વાંચકોના અભિપ્રાયો, તંત્રીજવાબો અને સ્પષ્ટતાઓમાં એ સમયની કાવ્યબાનીનું જે જીવંત ચિત્ર આપણી સમક્ષ ઉભુ થાય છે તે આપણી ગુજરાતી કવિતા દિશાને ચીંધી આપે છે. 'સાહિત્ય'માં પ્રકટ થતાં સામાન્ય પ્રકારના કાવ્યો અને કૃતિઓને તપાસ્યા વિના પ્રકટ કરવાની વાચક ફરિયાદ સામે તંત્રીનો જવાબ જુઓ : ''અમને એટલી બધી કવિતાઓ મળે છે કે જે પસંદ કરીએ છીએ, જે પાછી કાઢીએ છીએ તેનો કદાચ સોમો ભાગ હશે.

ગુજરાતમાં હાલ કવિતાનો રાફડો ફાટયો છે અને કવિતાના પ્રવાહને રોકવાનું તો બાજુએ રહયું પણ સુમાર્ગે વાળવાનું કામ પણ મુશ્કેલ થઈ ગયું છે. વળી નોંધે છે કે : ''અપદ્યાગદ્ય, પદ્યગદ્યમ અને ખંડવૃતોના શંભુમેળાના આ જમાનામાં કોઈ કવિતા કયાં માપમાં છે તેનો નિર્ણય ખરી રીતે થયો છે કે કેમ ? એ કોઈનાથી કહી શકાય એમ નથી. ગદ્ય અને પદ્ય વાણીના આ બે વિભાગ ભૂલી જવાની પ્રયત્ન સર્વત્ર થાય છે અને વધાવાય છે તો પછી માલિની અને ઉપજાતિ એવા પદ્યભેદ અમને ગમતાં હોય તો એમાં અમારો શો દોષ ? હાં, એટલું ખરુ કે એવી સંકરકૃતિઓને અમારે ઉત્તેજન આપવું ન જોઈએ''(૧૦) આ ખુલાસો સંતોષકારક તો નથી જ જે સમયે કવિતાના ક્ષેત્રમાં 'કાન્ત', નરસિંહરાવ, ન્હાનાલાલ કે ઠાકોરની કવિતાના મોડેલ સામે હોય ત્યારે નબળી કૃતિઓનું પ્રકાશન અટકાવવાની જવાબદારી આખરે તો તંત્રી પર નિર્ભર છે. મુખ્યત્વે પદ, ગીત, ગઝલ અને ગરબી ના ઢાળમાં વહેતા કાવ્યપસારાને ખાળવા એટલે જ ૧૯૩૩ના 'કૌમુદી' અંકમાં ઠાકોરને લખવું પડે છે કે : ''સાહિત્ય' માં છાપવાની કવિતાઓ માટે તો સુધારણાનો એક જ માર્ગ દેખાય છે એ વિભાગને માટે એમણે કોઈ લાયક માણસને પસંદ કરીને ઉપતંત્રી લેખે તેને જ એ વિષયની કુલ સત્તા અને જવાબદારી સોંપી દેવી જોઈએ. 'નવા લેખકોને ઉત્તેજન આપુ છુ' એવો બચાવ કવિતા જ ના કહેવાય એવી ઓળોને સ્થાન આપનાર તંત્રીને રક્ષી શકે નહિ. કાચા લેભાગુ લેખકોને પણ સ્વાગત દેતો તંત્રી પોતાનો ધર્મ બજાવતો નથી, ચૂકે છે. એ લેખકથીયે ઉતરતા અધિકારના વાચકો એમની ઓળોને કવિતા ગણવાની દિશાભૂલમાં ફસે છે. – તે પાપનો ભાગીદાર બને છે.'' પરંતુ તંત્રીની ફરીયાદ તો સમગ્ર કાવ્યક્ષેત્ર સામે છે. 'ચલાવી લેવાની' અને નબળી કવિતાઓને ઉત્તેજન આપવાની સ્થિતિ વિશે પુરેપૂરાં વાકેફ છે. 'હાલની કવિતા' xxxx નામના તંત્રીલેખમાં એ ચિંતા સુપેરે પ્રકટ થઈ છે : ''હાલ લખાતી તમામ કવિતા અંગ્રેજીની છાયા તળે હોવા ઉપરાંત પ્રેરણામાં પરજાતીય છે. આ એના સ્વતંત્ર વિકાસ માટે સારુ ચિહ્ન નથી એટલું જ નહી પણ એના વ્યકિતત્વ માટે ઘાતક છે. એ કબૂલ કે જેમ આપણું રાજકીય

જીવન પરવશ તેમ આપણું બીજુ જીવન અને સાથે આપણું 'સાહિત્ય' પણ પરાવલંબી થોડે ઘણે અંશે રહે પણ આત્મા કદી બંધાતો નથી. અને સાચો આત્મા હોય તો કવિતા અને સાહિત્ય સ્વતંત્ર જીવન જીવી શકે. હાલની કવિતા એ અખતરાથી પણ હજી દૂર છે. એ શોકકારક નથી ?(૧૧)

સાક્ષરયુગની કવિતાને ખબરદાર સાચી ગુજરાતી કવિતા ગણવાનું નકારે છે અને તંત્રી પણ ખબરદારના એ મતને પુરેપુરા સ્વીકાર્ય કરતાં હોય એવુ જણાય છે. સાક્ષરી કવિતા નરસિંહ કે મીરાબાઈની કવિતા માફક લોકહૃદયે કદી નહી વસે એમ દૃઢપણે માનતા ખબરદાર 'સાહિત્ય'માં લખે છે કે : ''સાક્ષરયુગને ગુજરાતની જનતાએ ઝિલ્યો નથી. ઝિલશે નહી કારણ કે 'એ સારોયે ભણેલો ઘણ પરદેશી પાક છે - બ્રાન્ડ છે. ગાંધીજી આવતા એ યુગના પાઠની પરીક્ષા આપોઆપ થઈ ગઈ છે. કયાં ગાંધીજીનો લોકહૃદયે કરેલો સ્વીકાર ? કયાં પાશ્ચાત્ય શિક્ષણના પંડિતોની જનતાથી જુદાઈ ?''(૧૨) આ ઉપરથી કહી શકાય કે એકબાજુએ પાંડિત્યની રસદીપ્તિથી શોભતી નરસિંહરાવ, કાન્ત, ન્હાનાલાલની કવિતા સામે સરળ ભાષાની - સાદગીનો આગ્રહી વર્ગ ઉભો થયો હતો. આવી સરળતા, સાદી ભાષામાં રચાયેલી પરંપરિત રચનાઓને પ્રકટ કરવાનું 'સાહિત્ય'નું વલણ રહયું હતુ એના દુરાગ્રહોને કારણે કવિતાક્ષેત્રે કોઈ નવા શિખરો 'સાહિત્ય' હાંસલ કરી શકતું નથી. જેમ છંદ અને લયજ્ઞાનની ઊણપ જેવી અનેક મર્યાદાઓના કારણે આ કાવ્યરાશિ પાંગળી દેખાય છે એમ નવોન્મેષ કવિતા સામેના પૂર્વગ્રહોને કારણે પરિવર્તન પામતી કાવ્યબાનીનો જાણે કે સાહિત્યે જાણીજોઈને અસ્વીકાર કર્યો છે.

તે છતાં એ વાત નોંધવી જોઈએ કે અચ્યૂત અને પ્રાણભાઈ દેસાઈ દ્વારા ચલાવાયેલી ''સૌરાષ્ટ્રના લોકગીતો'' ની શ્રેણી અને હરગોવિંદદાસ દ્વારા પ્રસિધ્ધ કરાયેલી 'મુસલમાની ગુર્જર સાહિત્ય' ના ભજનોની શ્રેણી 'સાહિત્ય'નું નોંધપાત્ર પ્રદાન છે. તો 'સાહિત્ય'માં ખબરદાર, કુસુમાકર જેવા પ્રતિષ્ઠિત અને બહુસંખ્ય અજાણ્યાં કવિઓની એવી રચનાઓ પ્રસિધ્ધ થઈ છે કે જે બીજા માસિકોને માટે પણ અનુકરણરૂપ થઈ પડી હોય.

○ સાહિત્યનું વાર્તાવિશ્વ

'સાહિત્ય'ના દરેક અંકમાં વધુમાં વધુ બે થી ત્રણ વાર્તાઓ જોવા મળે છે. શરૂઆતના વર્ષોમાં તો રમૂજી વાર્તાઓનું અને અનુદિત વાર્તાઓનું પ્રમાણ બહુસંખ્ય છે. 'સાહિત્ય'ના તમામ વિભાગોની જેમ અહીં પણ નવોદિતોની સંખ્યા વિપુલ છે. ટૂંકીવાર્તાની શરૂઆતે આપણી ગુજરાતી વાર્તાની દિશા ક્યાં અને કેવી પ્રકારની છે એમનો આલેખ 'સાહિત્ય'માં જોઈ શકાય છે. શરૂઆતના ત્રણ વર્ષના અંકોમાં 'સાહિત્ય' વીસ જેટલી વાર્તાઓ પ્રસિધ્ધ કરે છે જેમાંની મોટા ભાગની વાર્તાઓ અનુદિત કે સૂચિત હતી ! અંગ્રેજી વાર્તાઓ પ્રત્યેનું આકર્ષણ આ સમયગાળામાં છલકી રહ્યું છે. માર્ક ટ્વેઈન, મોપાંસા, ગાલ્સવર્ધી ની વાર્તાઓના અનુવાદો મોટા પ્રમાણમાં મળે છે. ભારતીય લેખકોમાં રવિન્દ્રનાથ ના અનુવાદો અહીં જોવા મળે છે. નટવર જંબુસરીઆએ 'હર્ષચરિત' નો કરેલો અનુવાદ અહીં ધ્યાન ખેંચે છે.

'બસ વાર્તા અને વાર્તાઓમાં રમી રહેલાઓને માટે આ માસિક નથી' 'ગુલશન' માસિકનો આ અભિપ્રાય ૧૯૨૦ ના ગાળા સુધી 'સાહિત્ય' માટે સાચો ઠરતો હોય એવું લાગે. ટૂંકીવાર્તાના વિકસતા જતા સાહિત્યસ્વરૂપ અને એની લોક-પ્રિયતા પારખી જઈને સાહિત્યે એકથી વધુ વાર્તાઓ અંકમાં પ્રસિધ્ધ કરવાનું શરૂ કરેલું તે છતાં એ વાત આશ્ચર્ય પ્રેરે છે કે એ સમયના સુખ્યાત ક.મા. મુનશીની બે વાર્તાઓ અને ધનસુખલાલની કેટલીક અનુદિત અને મૌલિકવાર્તાઓ પ્રકાશિત થયા પછી અન્ય વાર્તાઓ પ્રકાશિત થતી નથી. જ્યારે વડોદરાના જ સર્જક ર.વ. દેસાઈ કે જેમની પાસેથી ભવિષ્યમાં આઠ આઠ નવલિકા સંગ્રહ પ્રાપ્ત થવાના હતા તે આ સામયિકમાં લેખો પ્રકાશિત કરે છે પણ એમની વાર્તાકલા નો સહેજ પણ પરિચય 'સાહિત્ય' ના વાંચકોને મળતો નથી.

હરગોવિંદદાસ કાંટાવાળાની 'વજેસિંહ વાઘેલો' 'વિજ્ઞાન વિલાસ' સામયિકને લોકપ્રિય કરવા ખપમાં લાગેલી અપૂર્ણ રહેલી આ વાર્તાનો તંતુ 'સાહિત્ય'માં

ધારાવાહી રૂપે જોડાય છે. આ જ રીતે ૩૧ પ્રકરણોમાં છપાયેલી બીજી વાર્તા 'જૂની આંખોને નવા તમાસા' સુધારા વિષાયક વાર્તા હોવા છતાં વાર્તાના અંતિમ હપ્તામાં જે નોંધ મુકે છે એ નોંધવા યોગ્ય છે : 'હવે હું મારું વ્યાખ્યાન ખતમ કરું છું. તમે ધ્યાન દઈ મારી વાતો ઘણાં દાડા સુધી સાંભળી (૧૯૧૭ થી ૧૯૧૯ સુધીના બે વર્ષ) તેને માટે હું તમારો ઉપકાર માનુ છું. તમને કેટલીક-વાર કડવા વચન કહેવા પડયાં હશે તેને માટે ક્ષમા ચાહુ છું કેમકે દરદને સમયે કડવી ગોળી જ ઉપયોગી થઈ પડે છે. મારા લાંબાને અવનવા વિવેચનમાંથી તમને જે યોગ્ય લાગે તે ગ્રહણ કરશો તો મને આનંદ થશે. છેવટ તમે સર્વેસુખમાં રહી આબાદી ભોગવોને દેશને ઉપયોગી થઈ પડો એવું હું ઈચ્છું છું'. વ્યાખ્યાન, વિવેચન જેવા શબ્દોનો ઉપયોગ કરતા. હરગોવિંદદાસ જાણે કોઈ લેખમાળા વિશે વાત કરતાં હોય એવું જણાય છે. વાર્તાતંતુ સાથે સમકાલીન સુધારા - કેળવણી જેવા પ્રશ્નોની ગૂંથણી 'સરસ્વતીચંદ્ર' ના અનુકરણરૂપ હોઈ શકે.

સ્વરૂપની સ્પષ્ટ સમજનો અહીં અભાવ વરતાય છે. જો કે વાંચકોને માટે ૧૯૧૬ થી શરુ થયેલી ભોગી-દ્રાવ ધ્વિવેટીયાની X 'રસમય' કહેવડાવેલી ધારાવહી વાર્તા 'લગ્ન : ધર્મ કે કરાર ? પણ ધારાવાહી વાર્તાને બદલે લેખના સ્વરૂપની વધુ પડતી લાગે છે. હાસ્યકાર ઓલિયા જોશીની 'હોસ્ટેલનાં દિવસો યાને આવતી કાલનું માતમ' નામની ધારાવાહી રમૂજી વાર્તા વિશેષા નોંધપાત્ર છે. ઓલિયા જોશીની રસાળ શૈલી અને પ્રસંગે ઉપજતા હાસ્યને કારણે આજેપણ એ વાંચવી ગમે છે.

'નારદ' ને નામે મટુભાઈ કાંટાવાળાની અનેક વાર્તાઓ 'સાહિત્ય'માં પ્રસિધ્ધ થયેલી છે. આ વાર્તાઓમાંની કેટલીક વાર્તાઓ એ સમયે લોકપ્રિય પણ થઈ હતી. વિજયરાયના મને 'સાહિત્ય'માં નભાવી લેવાય એવી''(૧૩)'નારદ'ની આ વાર્તાઓમાં 'બહાદૂર', 'આકાશવાણી', 'બે તાવની વાત', 'અનુલોમ વિરુધ્ધ

પ્રતિલોમ' મુખ્ય છે. 'કોનો વર' ઢબની વાર્તાઓ વાચકોને મોકલવા અને એમાંથી શ્રેષ્ઠ વાર્તા પસંદ થતાં રૂા. ૧૫ નું ઈનામ આપવાની જાહેરાતો અહી ધ્યાન ખેંચે છે. આવી જાહેરાત પાછળ સારી વાર્તાઓ મેળવવાનું જ ધ્યેય રહેલું છે પરંતુ એ કારણે 'મારી વહુ', 'કોની વહુ', 'મારો વર' જેવી વાર્તાની જાણે કે દોડ શરૂ થાય છે. 'સાહિત્ય'ની આ એક વિધ્નભરી વાર્તાઓથી ઉબાઈ જઈને એક વાચકે ઉગ્ર વિરોધ કરતાં લખ્યું હતું કે ''સાહિત્ય' ના કેટલાક અંકોમાં તો એટલું નિરસ લખાણ આવે છે કે એ લખાણો એની કિંમત રેલ્વે ના મુસાફરી માટેનાં સામયિક જેટલી કરી નાંખે છે કયારેક કયારેક 'ઉગતા - તારાં' જેવી બેહદ ચર્ચા ઉભી કરનારા લેખો જગજીવન પાઠક લખે, ધૂમકેતુ પણ 'વિચાર- વેતાવરણ અને મનોદશા' માં વધુ પડતું ગંભીર લખાણ લખી નાંખે તો કોઈવાર ઝમકભર્યા ચર્ચાપત્રોને લઈને મારા જેવાને 'સાહિત્ય'નો અંક ખરીદવાનું મન થઈ જાય. બાકી તો 'સાહિત્ય'માં 'મારી વહુ','કોની વહુ', 'મારો-વર', 'કોનો વર' જેવી વાર્તાઓ વંચાવામાં આવે છે. એવી વાર્તાઓ તો મારો અજીત પણ ધારે તો Tit Bits કે Answers કે એવા કોઈ અઠવાડિકો માંથી દર અઠવાડિયે અનુવાદ કરી શકે એમ છે. અને ઉસ્માનનું પ્રિય અઠવાડિક 'બે ઘડી મોજ' એવી વાર્તાઓને સ્થાન આપવા પણ તૈયાર છે''[૧૪] આવી વાર્તાશ્રેણીનો હેતુ હાસ્યરસિક ચિત્રો આપવાથી વિશેષ નહોતો બહુ બહુતો એ વાર્તાઓ ભાવના કે આદર્શવાદ ખડો કરતા પરંતુ કોઈપણ સાહિત્ય સ્વરૂપને માટે અનિવાર્ય એવા ઉંડાણ અને આલેખનનું ગાંભીર્ય આ વાર્તાઓમાં મળી શકતું નથી. આ શ્રેણીમાં બચુભાઈ રાવત પણ 'એનો વર' નામની વાર્તા 'સાહિત્ય' પાને આપે છે. આ પ્રકારની વાર્તાશ્રેણી નારદની અન્ય વાર્તા'કંકોત્રી' પર થયેલી હતી જેના માટે પણ સાહિત્યે પંદર રૂપિયાનું ઈનામ જાહેર કરેલું.

ધૂમકેતુની અતિખ્યાત વાર્તાઓ 'સાહિત્ય'માં પ્રકટ કરવાનો યશ તંત્રી જરૂર લઈ શકે એમ છે. 'ચાંદની છીપ જાયેગી મેલા કફન રહ જાયેગા' 'પાગલ' ઉપનામે ૧૯૨૨ ના માર્ચ અંકમાં પ્રસિધ્ધ થઈ એ પછી 'જુની પિછાન',

'પોષ્ટ ઓફિસ' 'ગોવિંદનું ખેતર' અને 'એક સાદી વાત' જેવી ઉત્તમ વાર્તાઓ પ્રકટ થઈ ધૂમકેતુ 'સાહિત્ય'માં સતત લખતાં રહયાં હોવા છતાં એમની અન્ય વાર્તાઓ 'સાહિત્ય'ને મળતી નથી એ આશ્ચર્ય પ્રેરે છે.

લગભગ અઢીસો જેટલી વાર્તાઓ સાહિત્યના પાને પ્રસિધ્ધ થઈ. એ વાર્તાઓ પર નજર માંડતા મોટાભાગનાં સર્જકોનું સર્જન સાતત્ય 'સાહિત્ય'માં જોઈ શકાતુ નથી: એક – બે વાર્તાઓ લખ્યાં પછી અદૃશ્ય થયેલા આવા લેખકોમાં દામુ સાંગાણી યજ્ઞેશ હ. શુકલ, પ્રાણભાઈ મહેતા અને જયંત કોઠારીના નામ પણ મળી આવે છે. 'સાહિત્ય'ના વાર્તા આલેખને જોતાં એ વાત સ્પષ્ટ રીતે આપણી સામે આવે છે કે બહુ ઓછી ઉત્તમવાર્તાઓને મેળવવામાં 'સાહિત્ય' સદ્ભાગી બની શકયુ છે. રમૂજી પ્રેરતી, અકસ્માતોની પરંપરામાંથી હાસ્ય નિપજાવતી હળવી શૈલીની વાર્તાઓને પ્રસિધ્ધ કરવાનું વલણ સાહિત્યે આરંભથી જ દાખવ્યુ હતું. આ કારણે વાર્તા સ્વરૂપની શકયતાઓ ચિંધતી વાર્તાઓ જૂજ સંખ્યાએ પ્રસિધ્ધ થાય છે.

o <u>હળવા નિબંધો</u>

હળવા નિબંધોને આવકારીને 'સાહિત્યે' અનેક નિબંધકારોની પ્રતિભાનું સન્માન કર્યુ છે. ધનસુખલાલ મહેતા, જદુરાય ખંધેડીયા, નારદ કુસુમાકર, ચંદુલાલ સંપત અને અયુબખાન ખલીલના હાસ્ય નિબંધોમાં પ્રકટ થતાં નર્મ – મર્મ અને કટાક્ષ આસ્વાદ્ય છે. ધૂમકેતુ પાસેથી પણ 'નવો કવિ' નામે હાસ્ય નિબંધ પ્રાપ્ત થાય છે. માનવ સ્વભાવની અપૂર્ણતા પર વ્યંગ્ય કરતાં, આપણાં સાહિત્ય વિચારની ઠેકડી ઉડાવતાં અને પ્રવર્તમાન ઘટનાઓ પરના આ નિબંધો રમૂજની લ્હાણ કરે છે. એમાંના કેટલાંક નિબંધોના શીર્ષકો જુઓ : ''એક મિત્રની ડાયરીમાંથી સહેજ તફડંચી (કુસુમાકર), બહાના બતાવવા વિશે કાંઈક (અયુબખાન ખલીલ), અમારી સીનેમા કંપની (ચંદુલાલ સંપત), સાયકલારૂઢ દૂધવાળાં મહાપુરુષનું માહાત્મ્ય (શંકરજતી ગોસાઈ).

સાંપ્રત હાસ્યકારોને વિનોદનું નિશાન બનાવીને લખાયેલા નિબંધો વિવાદનું સ્વરૂપ પણ ધારણ કરી લે એવી ઘટના 'સાહિત્ય'માં પણ બની છે. 'સાહિત્ય સેવકોની સેવ' જેવા નિબંધમાં આલેખાયેલાં સર્જકોના વ્યક્તિત્વ સામે લાંબા સમય સુધી ઉહાપોહ જાગેલો.

o <u>નાટક</u> :

'સાહિત્ય'માં પ્રકટ થયેલાં સામાજિક નાટકો નવી રંગભૂમિના પ્રારંભિક તબક્કાનો અંદાજ આપે છે. અહીં અલ્પ સંખ્યામાં જ નાટકો પ્રાપ્ત થાય છે. તે છતાં એમેચ્યોર રંગભૂમિ તરફ વળેલા આવા નાટકોનું પ્રકાશન કરવામાં 'સાહિત્ય' પણ પોતાનું પ્રદાન કરે છે. ક.મા. મુનશીનું 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય', ધનસુખલાલ મહેતાનું 'સાવકી મા', યશવંત પંડ્યા લિખિત 'જરા ખાનગી' જેવા કેટલાક નોંધપાત્ર નાટકો 'સાહિત્ય' દ્વારા પ્રસિધ્ધ થયા હતા. મનુભાઈ પ્રાણજીવન વૈદ્ય દ્વારા ઈબ્સનના નાટકનો અનુવાદ 'પ્રેતસૃષ્ટિ' તેમજ રતિપતિરામ પંડ્યાએ 'ઉત્તરરામચરિત' ના અંક : ૩ નો અનુવાદ પણ નોંધનીય છે. 'ઉત્તરરામચરિત'ના આ અનુવાદની સાથે તુલનાત્મક દૃષ્ટિ રાખીને મણિલાલે કરેલા અનુવાદના અંશો પણ ફૂટનોંધમાં મુકાયા છે. કાવ્ય દૃષ્ટિએ મણિલાલની પ્રવાહી શૈલીનો આદર કરતાં તંત્રી ગદ્યની બાબતે રતિપતિરામના પ્રયત્નોને અનુચિત ઠેરવે છે. 'સાહિત્ય'માં પ્રસિધ્ધ અન્ય નાટકો પ્રહસન અને સંવાદોથી આગળ વધતા નથી. વિકાસોન્મુખ સ્વરૂપોને આવકારવાનું 'સાહિત્ય'નું વલણ પ્રશસ્ય બને એવું છે. સ્વરૂપ વિકાસની મથામણો, સ્વરૂપની નોતનવી દિશાઓ પરત્વે અંગુલિનિર્દેશ કરવાનું, પ્રોત્સાહક માધ્યમ બનવાનું કામ 'સાહિત્યે' પૂરી પ્રમાણિકતાથી કર્યું છે.

o <u>'સાહિત્ય'ની લેખ સામગ્રી</u> :

'સાહિત્ય'માં પદ્ય કરતા ગદ્યને વધુ મહત્વ અપાયું છે. ગદ્યમાં વિષય વૈવિધ્યની શક્યતાઓ જોતા તંત્રીએ શરૂઆતના તબક્કે કેળવણીના, ભાષા વિચારના

અને સુધારા વિષયક લેખોનું પ્રકાશન કરેલું છે. 'સાહિત્ય'ને કૃ.મો.ઝવેરી, બ.ક. ઠાકોર, ખબરદાર, કેશવ હ. શેઠ, હરગોવિંદદાસ, રંજિતલાલ પંડ્યા, ર.વ. દેસાઈ, ધૂમકેતુ જેવા અનેક સફળ ગદ્યકારોનો સહયોગ સાંપડ્યો હતો. કિશનસિંહ ચાવડા, ન્હાનાલાલ, મંજુલાલ મજમુદાર, વિષ્ણુપ્રસાદ દ્વિવેદી જેવા વિવેચક - સર્જકો પણ એમની પ્રતિભાનો લાભ 'સાહિત્ય'ને આપતા રહ્યા હતા. આ કારણે 'સાહિત્ય'માં લેખોની જે ગુણવત્તા છે એ કાવ્યોની તુલનાએ કયાંયે ચઢિયાતી છે. વળી, તંત્રીને મન 'માત્ર સાહિત્ય એ જ એક ઉદ્દેશ ન રહેતા તેમની નજર જુદી જુદી માનવવિદ્યાશાખાઓ તરફ જાય છે આને લીધે લેખસામગ્રીમાં ખાસ્સી વિવિધતા જોવા મળે છે.

'કુમાર' સામયિકે વ્યક્તિ વિશેષોના ચરિત્રો નિયમિતપણે પ્રસિધ્ધ કર્યા હતા પરંતુ એ પહેલા 'સાહિત્ય'માં અનેક કવિચરિત્રો, મહાનુભાવોના પરિચય લેખો છપાયા છે ઉત્તમ રાજકર્તાઓ, સુધારકો, પાશ્ચાત્ય સર્જકો તેમજ ગુજરાતના પ્રસિધ્ધ સર્જકોના ચરિત્રો 'સાહિત્ય'માં પ્રકટ થયેલા છે. એક બાજૂએ પોલ વાલેરી, કાર્લાઈલ, શેલી જેવા સર્જકો અને બીજી બાજુએ વલ્લભ, રાજે, દયારામના ચરિત્રો આપીને 'સાહિત્યે' જે તે સર્જકોની પ્રતિભાનું યોગ્ય સન્માન કરેલું. તેમ સંસ્કૃતના મહાકવિ કાલિદાસ, વ્રજભાષાના કવિ સૂરદાસની ચરિત્રરેખા આપીને 'સાહિત્ય'નો સમુચિત વિશાળ અર્થ દર્શાવી આપેલો.

કેળવણી, ભાષાવિચાર તેમજ સંસારસુધારા જેવા વિષયોનું આકર્ષણ 'સાહિત્ય'માં પ્રથમ અંકથી જ જોઈ શકાય છે. 'ઉંચી કેળવણીનો વેપાર સાથે સબંધ', 'સ્ત્રી શિક્ષણ વિચાર', 'હિંદની ઉન્નતિ માટે કેવી કેળવણીની જરૂર છે ?' 'બાળકેળવણી', 'સર્વદેશીય કેળવણી' જેવા લેખોમાં કેળવણી વિચાર પ્રકટ થતાં જોવા મળે છે. 'માધ્યમિક શાળાઓમાં માતૃભાષા દ્વારા કેળવણી' જેવો લેખ આજના સમયે માધ્યમ અંગે સચિંત વિચારણાઓ ચાલી રહી છે, એની યાદ તાજી કરાવે છે. ભાષામાં પ્રવર્તતી અરાજકતા અને અજ્ઞાનતાને દુર કરવા

ભાષાની વિશદ્ ચર્ચાઓની તંત્રીએ જરૂરિયાત જોઈ હતી આને લીધે 'જોડીઆ શબ્દો વિશે વિચાર', 'જૂની ગુજરાતી અને જૈન સાહિત્ય' ગુજરાતીની શરૂઆત કયારે થઈ, અપભ્રંશ, ભાષા અને ઉત્પત્તિનો વિચાર ગુજરાતી ભાષાના વિકાસ અને વિસ્તારને દર્શાવી આપે છે.

સમાજ સુધારણા વિષયક લેખોને પ્રસિધ્ધ કરી નવાં નવાં સુધારાઓ સુચવવાની આ સમયગાળાના સામયિકોમાં જે દોડ જોવા મળે છે. એવા લેખોનું વૈપુલ્ય 'સાહિત્ય'માં પણ જોવા મળે છે. જ્ઞાતિવાદ, સ્ત્રીઓની સ્થિતિ સુધારણા અને સમાજ શોષિત વર્ગ તરફના સહાનુભૂતિપ્રેરક લેખોના આ પ્રવાહમાં હરગોવિંદ-દાસે તો 'ગૃહવિદ્યા' જેવી લેખમાળા પણ ચલાવી હતી.

લેખમાળાના સ્વરૂપમાં જ કેટલા બધા લેખો 'સાહિત્ય'માં જોવા મળે છે ! 'આપણો કેળવાયેલો વર્ગ' નામની લેખમાળા પ્રથમ અંકથી જ શરૂ થયેલી. ગોકુળદાસ રાયચૂરાની આ લેખમાળા શિક્ષિતવર્ગોએ ઉભી કરેલી અપેક્ષાઓ, ફરજો વિશે વિસ્તારથી નિદર્શન આપે છે.'આધુનિક કવિતા અને તેના કેટલાક દોષો' નામની રંજિતલાલ પંડયા લિખિત લેખશ્રેણી મૂળ તો નવી કવિતામાં રહેલી અપૂર્ણતાઓને ચીંધે છે. ચ્યવનરાય શુકલ ધ્વારા મળતો 'ઉગતા લેખકને બે બોલ' અંગ્રેજી લેખનો અનુવાદ છે જે દસ પ્રકરણોમાં વહેંચાયેલો છે. આ લેખ નવોદિતોને સલાહસૂચનોથી ભરપૂર છે. લખાણના પ્રયોજનથી માંડીને શું લખવું ? તંત્રી - સંપાદકની નીતિ અને વલણ સામે લખાણ કેવી રીતે મોકલવું એ બાબતની ચર્ચાની સાથોસાથ તંત્રી લખાણને દાબી રાખે, કોઈ અન્ય વ્યકિતના નામે પ્રકટ કરી દે ત્યારે શું કરવું એ અંગેના સૂચનો રસિક છે. આજના સમયે નવોદિતો ના પસારા સામે વખતોવખત જે તે તંત્રીઓએ ફરીયાદનો અવાજ ઉઠાવેલો છે પરંતુ નવોદિતોને પ્રેરવાની કે એમને યોગ્ય સલાહ સૂચનો આપવાની ખેવના ભાગ્યે જ કોઈ સામયિક દાખવે છે. કયારેક જોવા મળતી અત્ર તત્ર શિબિરો આવું કાર્ય કરે છે ખરી તે છતાં આ પ્રકારની લેખમાળાનું આજેપણ એટલું જ મહત્વ છે એ નિર્વિવાદ સ્વીકારવું પડશે.

નબળી કાવ્યરચનાઓ માટે હંમેશા વિધ્વાનો અને અન્ય સામયિકોની ટીકા સહન xxxxx કરનારા 'સાહિત્યે' કાવ્ય વિચારણાના ક્ષેત્રે પોતાનો ડંકો વગાડયો હતો. સમકાલીન કવિતા રીતિ અને કાવ્ય વિચારને તાકતા સંખ્યાબંધ લેખો 'સાહિત્ય' પાને પ્રસિધ્ધ થયા છે. જેમાં 'ગુજરાતી પદ્ય રચનાઓ' નામની રંજિતલાલ પંડયા લિખિત લેખશ્રેણી ધ્યાન ખેંચે છે. છંદોરચના, બ્લેંકવર્સ, ડોલન ની ભાવના, પ્રેરણાનું શુધ્ધ સ્વરૂપ અને એક Form- સ્વરૂપ દૃષ્ટિએ કવિતા વિચારના મુદ્દાઓ આ લેખમાં ક્રમશઃ ચર્ચાયા છે. કેશવ હ. ધ્રુવના 'વનવેલી' છંદ વિશેના લેખ ઉપર ટીકા – ટીપ્પણ કરતો નરસિંહરાવનો લેખ 'સાહિત્ય' પ્રસિધ્ધ કરે છે. ત્યારે ગુજરાતી પદ્યરચનાઓ અને 'વનવેલી' છંદની ચર્ચાના જવાબરૂપે 'સળંગ અગેય પદ્ય' શીર્ષક તળે બ.ક.ઠાકોરની લેખમાળા અહી પ્રાપ્ત થાય છે. 'કવિતા અને અપદ્યાગદ્ય' નામની ખબરદારની લેખમાળા કવિતા ચર્ચા માટેની ભૂમિકા પુરી પાડે છે. કવિતાવિષયક આ પ્રકારના લેખો 'સાહિત્ય' ની ઉપલબ્ધિ બની રહે છે.

નાટયકાર શેકસપિયર પર નારાયણ વળામેની લેખમાળા અનેક રીતે નોંધપાત્ર છે. કોઈ પરદેશી સાહિત્યકારના સમગ્ર સાહિત્ય સર્જનનું સામયિક પાને થયેલું વિશ્લેષણ એ સમયગાળાના સામયિકોમાં સાહિત્યનો વિશેષ છે. 'સાહિત્ય' માં પ્રકટ થયેલાં પ્રતિકાવ્યો 'કુકડુટ દીક્ષા' અને 'પ્રભાતનો તપસ્વી' પર છોટાલાલ ભટ્ટનો લેખ અને આ જ વિષય પર કાવ્યોએ જગાવેલી ચર્ચાના જવાબરૂપે ખબરદારનો લેખ 'સાહિત્ય' પ્રસિધ્ધ કરે છે. આમ, એક લેખના પ્રતિલેખરૂપે, અન્ય સામયિકમાં પ્રકટ થયેલાં, અધૂરપ ધરાવતા અને વધુ તો સ્પષ્ટતા માંગતા વિષયો પર 'સાહિત્ય'માં અનેક લેખો જોઈ શકાય છે.

જેમ કવિતામાં ખબરદાર પ્રત્યે 'સાહિત્ય'ને વિશેષ આદર છે તેમ લેખ પ્રત્યે તે ધૂમકેતુથી સદાયે પ્રભાવિત રહયું જણાય છે. 'સાહિત્ય'ની ઈનામી નિબંધ હરીફાઈમાં ધૂમકેતુએ ''ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ ગ્રંથ કયો ? અને શા માટે ? જેવો નિબંધ લખીને પ્રથમ સ્થાન મેળવ્યુ હતું. એ પછી ધૂમકેતુ ધ્વારા 'પાગલ'

ઉપનામે પણ કેટલાંક લેખો પ્રસિધ્ધ થયેલાં. જેમ 'કાવ્યનું વાતાવરણ' અને ઐતિહાસિક પાત્રોની ચર્ચા કરતાં લેખો સિવાય 'વિચાર, વાતાવરણ અને મનોદશા' નામની લેખમાળા નોંધનીય છે. આરંભે લેખમાળાનું પ્રયોજન સ્પષ્ટ કરતાં ધૂમકેતુ લખે છે : ''જે થોડા જુવાનો સાહિત્યમાં કામ કરી રહયાં છે તેમને ઉત્સાહ મળે ને પોતાના સમકાલીન વિચારણાની માનવસૃષ્ટિ જોવાની આનંદ આવે તેવા હેતુથી 'સાહિત્ય' મારફત વારંવાર આ પ્રયત્ન કરવા ધાર્યો છે. જયારે જયારે ગુજરાતી સાહિત્યને લગતાં વિચારો આવશે ત્યારે તેમને ટપકાવી 'સાહિત્ય' મારફત વારંવાર યત્ન થશે તેમજ સારાં લેખકોમાંથી મળેલું વાતાવરણ કે મનોદશા પણ નોંધાશે. મારા જેવી નાની વયના બીજા ભાઈઓ પોતાની એકાંત ઓરડીમાં અનેક મુશ્કેલીઓ વચ્ચે 'ગુજરાતી' ભાષાનું ગૌરવ વધારવા યત્ન મથે તેમના વાંચવામાં આ ટૂંકી નોંધ આવે તો તેઓ પણ પોતાના વિચાર, વાતાવરણ અને મનોદશા આપશે ને એ રીતે ભવિષ્યમાં થનારી પ્રગતિનો પાયો આજથી જ નંખાશે''[૧૫]. ધૂમકેતુ પ્રથમ મણકામાં જ લેખકોને લોકભાષામાં લખવાની, ઉત્તમ વિવેચન ની ગુજરાતી સાહિત્યમાં રહેલી ઊણપને ચીંધે છે. અન્ય મણકામાં એ વાતને વિસ્તારીને કહે છે કે : ''એચ.જી. વેલ્સ જેવાના ચિંતનમાં પણ અરસપરસ રહેલો વિરોધ ખુલ્લો કરીને પ્રજાને પોતાનો સ્વતંત્ર વિચાર કરવાની અને પોતાનો મત બાંધવાની સરળતા કરી આપે છે. આવી જરાપણ કડવાશ વાપર્યા વિના, નામના મોહમાં પણ તણાયા વિના જો આપણે ત્યાં વિવેચનનું ધ્વાર ખુલે અને અઠવાડીકો જે સમયને જચ્યા વ્યકિતગત, અતિ-મહત્વની નહી એવી બાબતોને રજુ કરવામાં કાઢે તો ગુજરાતી સાહિત્યને ઘણો પ્રબળ વેગ મળે... પણ વો દિન ..... વાળું વાકય ઘણું દૂરદર્શી જણાય છે'[૧૬] આ વિચારણા સાહિત્યના અનેક પ્રશ્નો તરફ મીટ માંડે છે તેમાં સાહિત્ય પરિષદ જેવી સંસ્થા પણ બાકાત રહી નથી. નડીયાદમાં xxxxxx મળનારી પરિષદની જાણ થતાં ધૂમકેતુની કલમ કેવી વિહરે છે એ જૂઓ : ''અત્યાર સુધી જે પરિષદ થઈ ગઈ તેમાં અને આ પરિષદમાં કાર્યક્રમમાં જો કોઈ જ ફેરફાર ન

કરવામાં આવે તો એ પરિષદ લગભગ નિષ્ફળ ધાંધલ જેવી જ નીવડે એ વિશે કોઈને પણ મનમાં શંકા ન હોય પરિષદ સમક્ષ મોટામાં મોટો પ્રશ્ન આ છે. પ્રેમાનંદે પોતાના સમયમાં જે લોકપ્રિયતા ને લોકોત્તરતા સાધી અને જીવંત માણસોના સમાગમમાં આવીને પ્રજા પર જે સ્થાયી અસર મૂકી તે સ્થાયી અસર હાલનાં કોઈપણ લેખકોની કેમ નથી ? જો સાહિત્ય પ્રજાજીવનને જ ન સ્પર્શી શકે અને મિત્રમંડળને ભેટમાં આપવાં જેટલાં જ પુસ્તકો ખપે અને એવી રીતે આટલી બધી જ્ઞાતિઓમાં આ એક વિશિષ્ટ પ્રકારની – જ્ઞાતિઓના બધાં દોષવાળીપણ ગુણરહિત – નવી સાહિત્યજ્ઞાતિ ઉત્પન્ન થાય તો જનતાને ડોલાવવાનું, જનતાને સુધારવાનું, નવાં યુગનાં બળ પોષવાનું, નવપ્રશ્નો ઘડવાનું, ભાવિ ગુજરાતની મહત્તાનું સ્વપ્નસિધ્ધ કરવાનું બળ એમાં કયાંથી આવશે ? કયારે આવશે ?''[૧૭] સાહિત્ય માત્ર મુઠ્ઠીભર વિધ્વાનોનું સાહિત્યકારોનું સંક્રમણ વાહન બની રહે અને પ્રજાવર્ગ નીચલા સ્તરના સાહિત્યમાં જ મ્હાલતો રહે એ સ્થિતિનો કોઈ ઉકેલ શોધવા માટે ધૂમકેતુ અહી દૃઢ આગ્રહ કરતાં જણાય છે. ગુજરાતી પ્રજાસમૂહની બેદરકારી વિશે ધૂમકેતુ જે વ્યંગ કરે છે તેમાં 'ગુજરાતની સંસ્કારિતા' વિશેની ચિંતા પ્રકટતી જોઈ શકાય છે. ધૂમકેતુ અહી લખે છે : ''રા. મુનશીએ પુછેલો પ્રશ્ન – 'ગુજરાત જીવે છે કે મરેલું છે' એનો ઉત્તર સ્પષ્ટ છે. 'ગુજરાત પૈસા માટે જીવે છે ને પૈસા માટે મરે છે' એના મોટાં પ્રતિષ્ઠાસંપન્ન, સાધન સંપન્ન મનુષ્યોની સંસ્કારિતાનો સાચો એકરાર આ રહયો : 'તમારું પ્રિય કાવ્ય ? 'રવિ પછીનો સોમ છે' એ 'મંગલ મંદિર ખોલો' એ નહીં. 'તમારું પ્રિય મિત્ર ? 'લિપ્ટનની 'ટી-ગર્લ', નંદલાલ બોઝની 'પદ્મિની' નહીં. 'તમારું જીવન ધ્યેય ? 'પૈસા કમાવાં ને જાત માટે ખરચવાં તે – બીજાને આપવાં માટે નહીં'.

' તમારો પ્રિય વિષય ? – રૂ ની દલાલીને રૂની જ વાતો.
' તમારું પ્રિય પુસ્તક ? – 'સદેવંત સાવલિંગા'
' નર્મદ કોણ હતો ? – નર્મદા નદી ઉપર ભરૂચ છે ખરું ત્યાં રૂ સારું થાય છે''[૧૮]

સાહિત્ય, સંસ્કારદૃષ્ટિ પ્રત્યે તદ્દન ઉદાસીન પ્રજા સામે વેધક પ્રશ્નો ધુમકેતુએ આ લેખમાળા ધ્વારા મૂકયાં અને લોકોને સાહિત્યમાં જીવંતરસ લેવા માટે કહો કે ઉશ્કેર્યા. વિજયરાય આ લેખમાળા અંગે નોંધે છે : ''ધૂમકેતુની આ નોંધ સાહિત્યચર્ચામાં નવી જ ભાત પાડે છે. નવીનતાને લીધે તેમજ લખાણ કેટલીકવાર પ્રાસંગિક હોય છે, તેથી એ બધે હોશથી વંચાય છે અને 'સાહિત્ય'ને એવા અર્વાચીન સાહિત્યનો પરિચય કરાવતાં લેખોની કેટલી બધી જરૂર છે ? એ તેની આત્મઘાતક કૂપમંડૂકતા નિવારશે, ગામઠીપણું ટાળીને તેમાં સાચી નાગરિકતા ભરશે તેમજ એવા લેખોનો સ્વીકારને પ્રચાર એ જ માસિક માટે તો રામબાદ ઈલાજ છે''[૧૯]

ર.વ. દેસાઈના 'શ્રીકૃષ્ણ', અહિંસા જેવા લેખો, લંકામાં ગામરચના અને આરોગ્યશાસ્ત્ર જેવી મોહન કાંટાવાળાની લેખમાળા તેમજ 'સાહિત્ય'માં પ્રથમવાર જોવા મળતા સુપ્રજનન શાસ્ત્રના સિધ્ધાંતોને સમજાવતા લેખો ધ્યાન ખેંચે છે. 'ઉગતા તારા' નામના લેખમાં સર્જકોની લાક્ષણિકતાઓની વિગતોએ એ સમયે સારો એવો ઉહાપોહ મચાવેલો. એકબાજુએ ઈતિહાસ, શહેરની પ્રાચીનતાના શોધ સંદર્ભો, સમાજ વ્યવસ્થા અને સાહિત્યના વિકસતા સ્વરૂપોનો પરિચય આપતા લેખોની બીજી બાજુએ કપિલા મટુભાઈનો 'પુલાવ' વાનગી વિષય જેવા સામાન્ય કક્ષાના લેખો પણ 'સાહિત્ય' પ્રસિધ્ધ કરી દે છે. સવાઈલાલ પંડયા 'ગુજરાતી' સાહિત્યમાં સોનેટની ચર્ચા કરતી સમયે ધીરાની કાફીને ગુજરાતનું સોનેટ ગણાવે છે અને 'સોનેટ' માટે 'સુનીત' શબ્દ યોગ્ય ઠરાવે છે ત્યારે એ વિદ્વાનો પર આશ્ચર્ય પમાય છે.

સામયિક જગતને ચર્ચાનો વિષય બનાવનારાં લેખો 'સાહિત્ય'માં વિપુલ સંખ્યા એ પ્રકાશિત થયા છે. સામયિક વિશેની આવી જુદી જુદી વિચારણાઓ આજેપણ રસપ્રદ લાગે એટલી સક્ષમ છે. સામયિકોના દીવાળી અને ખાસ અંકોની તપાસ કરતાં નરીમાન સોરાબજી 'નવચેતન', 'ગુજરાત','કુમાર','ગુણસુંદરી', 'પ્રસ્થાન'

જેવા અનેક સામયિકોની તપાસ કરતાં લખે છે કે : ''દીપોત્સવી અંક કે ખાસ અંક એટલે શું ? ચાલુ અંકમાં થોડાંક વધુ પાના અપાય કે આગલાં-પાછલાં અંકો બંધ કરીને તે તે અંક પ્રકટ કરાય એનું નામ દીપોત્સવી કે ખાસ અંક ? તંત્રીઓ એવું જ કાંઈક માનતા જણાય છે''[૨૦] માત્ર દસ-પંદર પાનાં વધુ આપીને દીપોત્સવી અંકનું નામ આપી દેતા તંત્રીઓના વ્યાપારિક હેતુઓની લેખક નહીં ઝાટકણી કાઢે છે. ચ્યવનરાય શુકલના 'સામયિક પત્રને પંથે', સામયિક પત્રના સાહિત્યની આવશ્યકતા', 'આપણા માસિકો' જેવા લેખો સાહિત્યિક સામયિકો ની જમાઉધાર બાજુઓને તપાસી સામયિક આદર્શની ચર્ચાઓ નોંધે છે. આ પ્ર પ્રકારના લેખો 'સાહિત્ય'ના વલણનું નોંધપાત્ર પાસુ છે.

'ગ્રંથાવલોકન' વિભાગ નીચે જ પુસ્તકોનું અવલોકન આપનારાં તંત્રીને 'લાંબા અવલોકનને ધીકકારનાર' ની ટીકા સહન કરવી પડેલી. ૧૯૨૦ પછી સ્વતંત્ર વિવેચન સમીક્ષાઓ માટે સાહિત્યે ઘણાં વિવેચકોને સમાવ્યા છે. સ્વતંત્ર વિવેચનલેખ માટે મંજુલાલ દવેના 'જયા-જયંત' સમીક્ષા વિશે તંત્રી જે નોંધ આપે છે તેમાં 'સાહિત્ય'ની નીતિના બદલાવની વાત વણાયેલી છે તંત્રી અહીં નોંધે છે કે : ''બહારથી આવતાં રિવ્યું માટે અમે સાધારણ રીતે જગા ફાજલ પાડી શકીએ નહી પરંતુ અમારા અભિપ્રાયથી જુદી દિશામાં જતુ અને વિધ્વતાભરી રીતે લખાયેલાં આ વિવેચન લખાણ અમને પ્રસિધ્ધ કરવા જોગ જણાયું છે'' ત્યાર-બાદના અંકોમાં ખબરદારના મોટાભાગનાં કાવ્યસંગ્રહો, સ્મરણસંહિતા (બ.ક. ઠાકોર ધ્વારા) રાઈનો પર્વન (પ્રેરિત ધ્વારા) અને ક.મા. મુનશીના પૌરાણિક નાટક 'પુરંદર - પરાજય'ની અનેકવાર ચર્ચાઓ 'સાહિત્ય' પાને થઈ છે. 'પુરંદર-પરાજય' પર રતિપતિરામે 'કલ્પનાશકિતનો વ્યભિચાર' નામે વિવાદો છેડતો લેખ લખીને વિવેચકની પ્રતિષ્ઠાને હાંસલ કરેલી. બ.ક. ઠાકોરનો 'સરસ્વતીચંદ્રમાં ફૂલગૂંથણી' નામનો લેખ પણ 'સાહિત્ય'માં પ્રકટ થયેલો છે.

ઉદ્યોગવિષ્યક લેખો પ્રસિધ્ધ કરીને સાહિત્યે ભારત આંગણે વિકાસ પામતાં નવાં નવાં ઉદ્યોગો પ્રત્યે લોકોનું ધ્યાન દોર્યું હતું. વિજ્ઞાન વિષ્યના અપૂરતા

વિકાસને લીધે એ વિષયસબંધી લેખોનું પ્રમાણ નહીવત છે જ્યારે લલિતકલા વિશે વિચારણાં કરતા તેમજ માહિતીપ્રદ લેખોની સંખ્યા અહી પુષ્કળ પ્રમાણમાં છે. એકંદરે સાડાત્રણસો જેટલા મળતા વિવિધ દિશાના અભ્યાસપૂર્ણ લેખોમાં 'સાહિત્ય'નો વિશાળ વ્યાપ જણાઈ આવે છે. આવા લેખોમાં કેટલાક લેખ વિસ્તારથી ચર્ચાયા છે. 'જયા-જયંત'નું દિનેશ ત્રિવેદીએ કરેલું અવલોકન ૩૧ પૃષ્ઠોમાં પથરાયેલું છે તો 'જુની ગુજરાતી' વિશેની ઋષિકેશ ત્રિવેદીની ચર્ચા ૫૯ પાનાં સુધી વિસ્તરી છે. 'સાહિત્ય' ધ્વારા પ્રસિધ્ધ થયેલા સાહિત્ય પરિષદનાબે ખાસ વિશેષાંકોમાં સાહિત્ય પરિષદના વિભાગવાર પ્રમુખોના લેખો પ્રસિધ્ધ કરાયા છે. ટૂંકમાં એમ કહી શકાય કે 'સાહિત્ય'માં લેખોનું ધોરણ જાળવવામાં 'સાહિત્ય'નાં સંનિષ્ઠ પુરુષાર્થનો પરિચય થાય છે. ઉત્તમ લેખો મેળવવાની તંત્રી ખેવનાને કારણે રાજકારણ, અર્થશાસ્ત્ર, સાહિત્ય, સુધારો, કેળવણી અને સમકાલીન સાહિત્ય વિશેના લેખોનું અનેકરંગી વૈવિધ્ય અહીં સાહિત્યે કરવા ધારેલા આદર્શોનો પરિચય આપે છે.

<u>લોકપ્રિય વિભાગો :</u>

* <u>તંત્રીલેખ :-</u>

તંત્રીલેખ એ 'સાહિત્ય'ની મહત્વની વિશિષ્ટતા છે. દોઢથી બે પાનામાં નિયમિત રીતે તંત્રી ધ્વારા ચર્ચાતા મુદ્દાઓમાંની ભાષા સરળ અને સ્પષ્ટ છે એમાં વ્યક્ત થયેલાં વિચારોમાં નીડરતાની છાપ, સ્પષ્ટકથનની માર્મિકતા વાચકને આજેપણ આકર્ષે તેવી છે. આ સમયગાળાના મોટાભાગના સામયિકો તંત્રીલેખ વિના જ પ્રસિધ્ધ થતાં રહયાં છે એના મુકાબલે 'સાહિત્યમાં' પ્રકટ થયેલા નિયમિત તંત્રીલેખો વિચારણાંની નકકર ભૂમિકા પૂરી પાડવા શરૂઆતથી જ પ્રયત્નશીલ રહયું જણાય છે. આ લેખોની એક વિશેષતા એ પણ છે કે કોઈપણ વિષય તંત્રીના હાથે અસ્પૃશ્ય રહેવા પામ્યો નથી. દરમાસે ટૂંકાણમાં અપાતાં આવા વિચારલેખોને તંત્રીએ પોતે જ 'સાહિત્ય'નું અગત્યનું અંગ ગણાવેલો. અહીં

જ્ઞાતિવાદના વહેવારું સુધારાઓ, મોંઘવારી, દયારામ ગીડુમલ અને નરસિંહરાવની પુત્રી ઉર્મિલાના લગ્નની વિચિત્રતા આપણા વર્તમાનપત્રો, કપાસની ખેતી, અંગ્રેજીનું સ્થાન, સત્યાગ્રહ, હિંદુ યુનિવર્સિટી, સ્ત્રીઓના હક, મિશ્રલગ્ન, પ્રેમાનંદ જયંતિ તેમજ હિંદના ઉદ્યોગો જેવાં અનેક મુદ્દાઓ પર ચર્ચા જોવા મળે છે એ મુદ્દાઓ પરથી જ જોઈ શકાશે કે તંત્રીલેખની દિશા માત્ર એકતરફી ન રહેતા અનેક બાજુઓને સ્પર્શે છે. 'વર્તમાન' નામના લેખમાં વર્તમાન સાહિત્ય સ્થિતિ વિશે હંમેશા નિરાશા સેવનારાં અને ભવ્ય ભૂતકાળને યાદ કરીને સતત ફરીયાદનો સૂર વ્યક્ત કરનારાં સમૂહને ચેતવણી આપતાં તંત્રી નોંધે છે કે : ''અમારા ઉપર જે લેખો, નિબંધો તથા કાવ્યો પ્રસિધ્ધ થવા આવે છે તેમાંના મોટાભાગનો સાર એવો નીકળે છે કે પુરાતનકાળમાં આપણો દેશ ઉન્નતિનો પરિસીમાએ પહોંચ્યો હતો અને હાલ આપણે અવનતિને છેડે આવેલા છીયે. લેખકો અને ભાષણકર્તાઓનો એ પ્રિય વિષય છે. હિંદની હાલની ગધોગતિએ હજારો વકતાઓને સામગ્રી પૂરી પાડી છે અને લાખો લેખકોને કલમ ચલાવવા લલચાવ્યા છે. ગમે તે વિષય ઉપર લખવાનું કે બોલવાનું હોય સામાન્યમાં સામાન્ય છેક ક્ષુલ્લક બાબત હોય છતાં વિષયની શરૂઆત જ હિંદની પૂર્વની જાહોજલાલીથી કરવામાં આવે છે અને શીખામણ આપવાના બહાને હાલ આપણે કેવા અધમ છીએ તેનું યથાસ્થિત વર્ણન કરવામાં મૂળ વિષયને ગૌણ - સ્વરૂપ આપવામાં આવે છે. આ રોગ ચેપી છે અને તેનો ફેલાવો એકદમ એટલો બધો થયો છે કે તેની સામે થવાની જરૂર છે''[૨૧]

અમદાવાદમાં મળેલી પ્રાંતિક પરિષદ, મહાસભા કે કલકત્તાનું રાષ્ટ્રીય સપ્તાહ હોય, સાહિત્ય પરિષદ યોજાવાની તારીખો બહાર પડે કે 'સાહિત્ય'માં એમનાં સારા - નરસા પાસાઓની ચર્ચા તંત્રી હાથે યોગ્ય સમયમાં પ્રાપ્ત થાય છે.મોંઘવારી જેવા પ્રશ્નો સામે, ગુજરાતી ભાષા, જોડણી કોશ, ગુજરાત વિદ્યાપીઠ અને વડોદરા યુનિવર્સિટી વિશે તો ચર્ચા મળે જ પરંતુ દારૂ જેવી બદી સામે પણ તંત્રીની કલમ ચાલે છે. લગ્નસંસ્થા અને એ પ્રથામાં વ્યાપેલા કુરિવાજો

સામે તંત્રી લાલબત્તી ચીંધે છે તો સર્જકોના અસબાબ - ઘર - સ્મૃતિચિહ્નોની યોગ્ય દેખભાળ કરવાની ભારપૂર્વક હિમાયત કરે છે. કોઈ કોઈવાર તંત્રીલેખનો વિષય 'ૠ 'દલપતરામ', ગોખલે, ટી.સી.હોય કે મહાત્મા ગાંધી બને છે. ગાંધીજી વિશે લખતાં તંત્રીનો ઉત્સાહ આ રીતે વ્યકત થયો છે : ''સાહિત્ય' રાજકીય પ્રશ્નોમાં માથું મારતું ન હોવાથી ઘણો વખત ન છૂટકે અમારે ગાંધીજીની દેશસેવા વિશે ચૂપ રહેવું પડે છે. એમના સેંકડે નેવું વિચારો સાથે અમે સંમત છીએ એ નેવું ટકા વિચારો વિશે તથા જે દશ ટકામાં વિરોધ હોય તે સબંધમાં લખવાનું ઘણું હોય છતાં એ વિશે કશો ઉલ્લેખ અમે કર્યો નથી. અહિંસા, સત્યાગ્રહ વિગેરે પ્રશ્નોઅમે રાજકારણના ગણી છોડી દીધા કવચિત રેંટીઆ અને મીલો જેવા અર્થશાસ્ત્રને લગતા સવાલો અમે છેડયા હતા પરંતુ આજે અમે ગાંધીજીએ ઉપાડેલા બીજા કાર્યો વિશે છૂટથી બોલવા ઈચ્છીએ છીએ''[૨૨] રાજકારણના પ્રશ્નોને ન છેડવાનું વલણ 'સાહિત્ય'માં આરંભથી જ જોવા મળે છે પરંતુ એક વ્યકિત તરીકે પણ ગાંધીજીનો પ્રભાવ એટલો છેકે ગાંધીજી વિષાયક અન્ય એક લેખનું શીર્ષક જ તંત્રી 'ધોડાપૂર' નામે આપે છે અને 'ગાંધીજી' ગુજરાતી અને હીંદી' તંત્રીલેખમાંથી વિચારશ્રેણીની સૌથી વધુ ત્રુટિઓ શોધનારને, આ લેખને રદિયો આપતા સચોટ પ્રતિલેખને પાંચ-પાંચ રૂપિયાના ઈનામની જાહેરાત થાય છે. તંત્રીલેખ પર ઈનામી સ્પર્ધાની આ જાહેરાત જેમ વિશિષ્ટ છે તેમ એ સમયની જાગતિક પરિસ્થિતિનું એ બયાન પણ છે.

જયાં તંત્રીલેખ અપાયો નથી ત્યાં નોંધનો વિભાગ આપવામાં આવતો જેમાં પ્રવર્તમાન બનાવોની ટૂંકીનોંધ મુકાતી. જેમ કે 'લડાઈ બંધ કરવાની શરતોનો જર્મનોએ કરેલો સ્વીકાર, મુંબઈ ધારાસભાનો સ્ત્રીઓના હકક સબંધી ઠરાવ, સામયિક પ્રશ્નોની ચર્ચા નોંધ મુકાતી. 'બિન હિંદુ સાહિત્ય' જેવી ટુંકીનોંધમાં તંત્રી 'સાહિત્ય' દ્વારા પ્રકાશિત 'મુસલમાની ગુજરાતી 'સાહિત્ય' શ્રેણીની સફળતા પછી 'સાહિત્ય'નો એકેક અંક તેવી જ્ઞાતિના લેખકો માટે સ્વતંત્ર રાખવાનો

વિચાર કરે છે. ઈસ્લામી, પારસી, જૈન, ખ્રિસ્તીઓના વિધ્વાનોને આ અંગે આમંત્રણો પણ અપાયા હતા પરંતુ એવા ખાસ અંકો 'સાહિત્ય' પ્રકટ કરી શક્યું નથી એનું કારણ પૂરતા પ્રતિસાદનો અભાવ જ હોઈ શકે.

સાહિત્યની ઝીણી ઝીણી બાબતો તરફ નજર ફેરવતા તંત્રીની સાહિત્યિક નિષ્ઠાનો સહેજે પરિચય પામી શકાય છે. પાશ્ચાત્ય સાહિત્યને 'સોનાની બેડી' કહીને ચેતવણીનો સ્વર ઉચ્ચાર્યો છે તો તકલંચી અને છેતરપિંડીના મુદ્દાઓમાં સાહિત્યક્ષેત્રની ચાંચીયાગીરી અટકાવવા માટેના ઉપાયો તરવેલા છે. 'સાહિત્ય' ચર્ચાઓની સપાટી પર આવતાં અંગત તત્વને દૂર કરી કૃતિની મહત્તા ન્યૂનતાને જ લક્ષમાં લેવાની આગ્રહભરી અપીલમાં મૂલ્ય સ્થાપનાની રઢ આદર પ્રેરે એવી છે. વિષમય સાહિત્યને પ્રસરતું અટકાવવા માટે ખાનગી – અંગત પત્રોના પ્રકાશનો ચારિત્ર્યનાં ઉઘાડ છોગ ચાલેખનો, સંસારની બદીઓને સુધારાના નામે પ્રકટ કરવાના વલણ, સચિત્ર સામયિકો ધ્વારા થતાં નિર્લજ્જ ચિતરામણ અને વાર્તા-નકવકથામાં અનીતિના આરોપણ સામે લાલબત્તી ધરતાં તંત્રી લખે છે : ''આ ભવિષ્ય ભડકાવનારું હશે પણ અત્યારથી જોઈ શકાય છે કે હજી મામલો વણસ્યો નથી પત્રકારો લખનારાઓ અને ગ્રંથકર્તાઓએ આને માટે સાવચેતીના પગલાં લઈને આપણા સંસારનો મેલ ધોવાનો મૂકી દઈ, ઝેર રેડવાનું પડતું મુકી પવિત્રતા તરફ વાંચનારને દોરી જવાનું મહાપુણ્યનું કામ કરવું જોઈએ. તેઓ પોતાની ફરજ ચૂકે તો વાંચનાર સૌએ પોતાનું કર્તવ્ય સમજીને એવા સડેલા સાહિત્યને લાત મારવી જોઈએ. ગુજરાત એ ફરજ ચૂકશે ?''[23] આમ વર્ગની હંમેશા તરફદારી કરનારા તંત્રી એ વર્ગ માટે સળંગ લેખ લખે છે.જોકે આ રીતે અનેક મુદ્દાઓને બે થી ત્રણ અંકો સુધી તેણે લંબાવેલા છે. આમવર્ગ સાહિત્યનો વિશદ્ સમજ પ્રાપ્ત કરી ઉત્તમ ભાવિક બને એ માટે ઉચ્ચશિક્ષણની જરુરીયાત પર ભાર મૂકનારા આનંદશંકર ધ્રુવના આ મતની ઉગ્ર ટીકા કરે છે તેમાં સ્વાભાવિક રીતે જ તંત્રી આમવર્ગના પ્રતિનિધિ બનતા જણાય છે અહીં તેઓ નોંધે છે : ''આમવર્ગને એક વખત ખસેડી લો અને પછી જુઓ કે ગુજરાતી આલમમાં શું રહે છે ? એ આમવર્ગ નહી હોય તો કોઈપણ

તમારા પુસ્તકો નહી વાંચે, કોઈપણ સાક્ષરોનો ભાવ નહી પૂછે. આમવર્ગ ગુજરાતની, દરેક દેશની શોભા છે અને સાક્ષર લેખકોની કીર્તિનું વડામાં વડું સાધન છે. ચાહે તો તેને અપનાવો કે ચાહો તો તેને ધુત્કારો ! ધુત્કારીને સાર નહી કાઢો''[૨૪] આવી મુખરવાણીના અનુભવો અનેક તંત્રીલેખોમાંથી પામી શકાય એમ છે. જે લાગ્યું તે કશાય ઢાંક પિછોડા કર્યા વિના કહેવાની અને નીડરતાથી મત રજૂ કરવાની આ રીતિ પ્રશસ્ય છે. સાહિત્ય પરિષદ વર્ષોવર્ષ મળે એવી જરૂર તંત્રીને જણાતી નથી. કારણ કે તે માને છે કે સાહિત્ય પરિષદ કંઈ જલસો નથી. વિધ્વતા-સાક્ષરતા એકત્ર થાય અને તેથી ગુજરાતની અસ્મિતાને સર્વથા લાભ થાય એ માટે બે - ત્રણ વર્ષે જ સાહિત્ય પરિષદ યોજાવી જોઈએ એવો મત વ્યકત કરે છે. નડીયાદ સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી આનંદશંકરના ભાષણ વિશે એક અન્ય જગાએ કહે છે કે : ''એમનું ભાષણ સંસ્કારાન્વિત અને જ્ઞાનગંભીર હતું. પરંતુ તેનું એક લક્ષણ અમને ન ગમ્યું. ગુજરાતના તમામ નાના-મોટા, સારા - ખોટા લેખકો પ્રત્યે વખાણના કેકેલા શબ્દો ઘણી વખત નિશ્ચિત મત કરતાં કોઈને નારાજ ન કરવાની વૃત્તિથી પ્રેરાયેલાં ભાસ્યાં''[૨૫] અહીં આનંદશંકર જેવા વિધ્વાનની નબળી બાજુને વ્યકત કરવામાં પણ તંત્રીને કોઈ સંકોચ નડયો નથી. 'સિનેમા' પર લેખ લખતાં તંત્રી નાટકોનો પક્ષ લેતા જણાય છે. સિનેમાએ કરેલી દુર્દશાનો ચિતાર આપતો એ ભાગ કોઈ નીતિવાદીના ડાહ્યાં વચનો જેવો લાગે છે. તંત્રી અહીં નોંધે છે : ઘણી નાજુક બાબતો નાટકમાં કદી કોઈ દેખાડે નહી એવી નાજુક પરિસ્થિતિને તેઓ (સિનેમા) લંબાવે છે અને એમના અંતિમ સુખી છેઠ સુધી દર્શાવે છે. પરિણામ કોણે વિચાર્યું છે ? નફફટ, દીર્ઘ ચુંબનોની પરંપરા સિનેમામાં જે રીતે રજુ થાય છે તે રીત કદી નાટકમાં જોવા નહી મળે અને એમાં જ સિનેમાનું આકર્ષણ અને સિનેમાની રોજી છે. પરંતુ સાથે જ આપણાં સંસારની ખરાબી - અધોગતિ છે''[૨૬]

સિનેમાએ નાટયકળાને ધકકો પહોંચાડયો છે એમ માનતા તંત્રી નાટકને પણ સંપૂર્ણ દોષરહિત માનતા નથી પરંતુ તેઓ એ વાતપણ દ્રઢતાથી માને છે કે નાટક

પ્રજાની નીતિને સારેરસ્તે લઈ જવામાં ફતેહમંદ થયા નહી હોય તો પણ કુમાર્ગે ભાગ્યે જ લઈ જતા હશે. નાટકો ભજવાય તેથી ભજવવાની કળા એકલી ખીલે એમ નહી પણ સાથે નાટકો લખવાની કળાના વિકાસની શકયતાઓ તરફ તે સમુચિત ધ્યાન દોરે છે.

ગુજરાતી સાહિત્યમાં સાહિત્યકારોની થતી વાડાબંધી વિશે સાહિત્ય પરિષદની કાર્યવાહીઓ વિશે, ગુજરાત માટે સ્ત્રી વિદ્યાપીઠ જોઈએ જ એવી હઠ કરતા વિચારલેખોમાં કે ગ્રંથાવલોકનમાં થતી બેદરકારીના સંદર્ભે તંત્રીલેખ મળે છે તેમાં જુદાજુદા તમામ પાસાઓનો તલસ્પર્શી અભ્યાસ માંડે છે. જો કે આવા મુદ્દાઓમાં મોટાભાગે તંત્રીનું વલણ સમાધાનકારી છે. ઉગ્ર - પ્રકોપી વાણી જરુર પ્રકટાવે છે પરંતુ એમનો અંત હંમેશા 'સંવાદ'થી આણે છે.

એક રીતે આ ટૂંકા તંત્રીલેખોનું મહત્વ એટલા માટે છે કે એ લેખોમાંથી એ સમયની સાહિત્યિક, સામાજિક, રાજકારણીય અને પ્રજાકીય પરિસ્થિતિનો અંદાજ મળી આવે છે. નિયમિત રીતે તંત્રીનો વાંચક સાથે ચાલતો સંવાદ એક રીતે પ્રશ્નોને વાચા આપવાનો અને એ ધ્વારા ઉકેલો શોધવાનો છે. એમાં પ્રકટતી તળપદ ભાષાની શૈલી અને નીડરતા દરેક વાંચકને સ્પર્શે એવી છે. તંત્રીનું 'સાહિત્ય' માનસ જે નિષ્ઠા અને ખેવના સેવે છે એ આજના સમયે પણ અનુભવી શકાય એટલી તાજપ ધરાવે છે.

o <u>ચોપાનિયા શું કહે છે ?</u>

'સાહિત્ય'નો આ વિભાગ અનેક રીતે વિશિષ્ટ છે. ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિક પત્રોની સમાલોચના કરવાનો ગુજરાતી સામયિકોમાં આ પ્રથમ નિરાળો પ્રયાસ છે. આ વિભાગ શરૂ કરતી સમયે તંત્રીના મનમાં એમના હેતુઓ સ્પષ્ટ છે. આરંભે જ એ વિશે જણાવતાં તંત્રીએ લખ્યું હતું : ''મુખ્ય મુખ્ય ચોપાનિયામાં જે ઉત્તમ અને વાંચવા જેવો લેખ આવે તેને ગોળગોળ મોઘમ ઉલ્લેખ એવી રીતે

કરવાનો અમારો ઈરાદો છે જે ગુજરાતી વાંચનારો આલમની જીજ્ઞાસા ઉશ્કેરાય, લોકો તે અસલ લેખો વાંચે અને ચોપાનીઆના ફેલાવામાં કંઈક વધારો થાય આવી સેવા બજાવતાં કોઈક અંક માટે એમ લખવું પડે કે 'આ અંકમાં વિશેષ વાંચવા જેવું નથી. તેથી છેડાઈ જવું જોઈએ નહી. એક માસિકના બારે અંક એકસરખી રીતે ઉત્તમ નીકળે નહી. જો અમે બધા લેખોનો સાર આપીએ તો વાચકો સારમાત્રથી સંતોષ માની મૂળ લેખ જોવાની દરકાર નહી કરે. નવી નવી વાતો વાંચવાની વૃત્તિ ઉશ્કેરવી એ જ અમારો હેતુ છે. સંપૂર્ણ અવલોકન કરવાનો અમારો ઈરાદો નથી. ટૂંકાણને લીધે જોઈએ એટલી સ્પષ્ટતા થઈ શકે નહી તે વાત અમારા મિત્રો ભૂલચૂક દરગુજર કરતાં રહેશે નહીં તો નાઈલાજે નાજુક લાગણીવાળા મિત્રોની સમાલોચના અમારે છોડી દેવી પડશે''[૨૭] મુખ્ય મુખ્ય સામયિકોના ઉત્તમને પ્રકટ કરવાનો અને એ સામયિકોમાં દેખાતી ક્ષતિઓને નીડરપણે વ્યકત કરવાના આ પ્રયાસો નોંધનીય છે. તંત્રી પર આવતા અનેક સામયિકોમાંથી દર મહિને દસથી બાર સામયિકોના વિશેષને ચીંધવા તેનાં વિગતવાર અવલોકન, ઉતારાઓ અને દલીલો સાંપડે છે. સતત નિયમિત રહેલા આ વિભાગની અન્ય નોંધનીય બાબત એ છે કે એ સમયમાં પ્રકટ થતાં સામયિકોની સમાલોચના દ્વારા માત્ર સામયિકના રૂપ - રંગ કે તંત્રની જ જાણકારી ન મળતા સાહિત્ય સામયિકોની રીતિ-નીતિ અને સામયિકોના વિવિધ પાસાઓનું પૃથકકરણ આ પાનાઓમાં મળી આવે છે. સાથોસાથ એ પણ કહેવું જોઈએ કે કોઈ અન્ય સામયિકે 'સાહિત્ય' વિશે કરેલી પ્રશંસા યા ટીકા પ્રસિધ્ધ થયા વિના ભાગ્યે જ રહી છે જેમાં સ્વભાવ:ત મોટાભાગે તો પ્રશંસા જ વધુ છે. આવા ઉતારાઓને તાટસ્થ્યપૂર્વક અવગણવા જોઈએ.

નર્યા સાહિત્ય હેતુને વરેલા સામયિકો પરત્વેની લાગણી પ્રથમ અંકથી જ આ વિભાગમાં જોવા મળે છે. જ્ઞાતિપત્રોના ધસારાં સામે તેનું અવલોકન કરવાની, વિસ્તૃત નોંધ આપવાની નારાજી દર્શાવવા પાછળ 'સાહિત્ય'નો હેતુ સ્પષ્ટ છે કે જ્ઞાતિપત્રોની સંકુચિતતા સમાજને કોઈ લાભ પહોંચાડી શકે નહીં. જ્યારે સાહિત્ય હેતુએ પ્રકટ થતાં તમામ સામયિકોની એ આદરપૂર્વક નોંધ લે છે.

મૈત્રીભર્યો ઉમળકો બતાવે છે કયારેક મુરબ્બીવટ દાખવીને શાણી સલાહ આપે છે તો કયારેક 'સમદુ:ખીયા ભાઈબંધ' જોડે હૈયાધારણનો સંવાદ પણ સાધે છે. આ રીતે મજૂરોને માટે નીકળતા 'કર્મવીર'ની અને બાળકોના સામયિક અંકોની સામગ્રી પણ તપાસે છે. 'સદી', 'ચેતન', 'કુમાર', 'ફૂલછાબ' જેવા અનેક સામયિકો - પત્રોની ઉમળકાભેર આવકારનોંધ તંત્રીએ લખી છે. 'ફૂલછાબ' ની આવકાર નોંધનો નમૂનો જૂઓ : ''વૅાન હીન્ડલ બર્ગથી માંડીને છાના આંસુને ટૂચકાઓ સુધીના વિષયો અંદર છે. લખાણ સારું ને ઉંચી કોટિનું છે. તેમનાં આદર્શો ઉંચા છે પણ બહુ વિશાળ ક્ષેત્ર રાખવાના બદલે જરીક મર્યાદા બાંધવામાં આવે તો સારું''[૨૮] વિજય વરવાની શુભેચ્છાઓ સાથે અંકને નિયમિતપણે પ્રકાશિત કરવાની અને તંત્રી વલણ અંગેના પ્રત્યાઘાતો આ દિશાના પ્રયત્નને સફળ બનાવે છે. કોઈ લેખના શીર્ષકમાં સાહિત્યે કરેલી ભૂલ અંગે ટીકા કરનારા 'બુધ્ધિપ્રકાશ'ને તંત્રી કેવો જવાબ આપે છે તે જુઓ : ''તંત્રીઓને વર્તમાનપત્રો વાળાઓની ચામડી પોના જેવી હોવી જોઈએ અને તેમની લાગણી જરા બુઠ્ઠી જોઈએ એટલે આ સબંધમાં અમારે વિશેષ બોલવાનું નથી. એક નજીવી ભૂલને લીધે અમારાં પરડા ને ઠાવકા મિત્રે પોતાનો મિજાજ ખોયો છે તે જોઈ અમને ꠸ દિલગીરી થાય છે. જાન્યુઆરીમાં અમે તેમના જ અભિપ્રાય પ્રમાણે બાહોશ હતા તે ફેબ્રુઆરીમાં બોથડ થઈ ગયા ! ''[૨૯]

આ વિભાગ ધ્વારા સમાજ અને સાહિત્યના પ્રહરી બનવાનું કાર્ય પણ 'સાહિત્યે' બજાવ્યું છે. 'ગુજરાતી પંચ' સામયિકમાં ગુજરાત સંસાર સુધારા સમાજ અને નરસિંહરાવ વચ્ચે થયેલો પત્રવ્યવહાર તંત્રી શબ્દશ: આપે છે અને તેના વિશે નોંધે છે કે : ''આવી નકામી શબ્દોની ભુલભુલામણી ઉત્પન્ન કર્યા કરતા નરસિંહરાવ ચૂપ રહયા હોત તો સારું. આ ખુલાસો તેમનાં ડહાપણ, વિદ્વત્તા, હિંમતને કીર્તિને છાજતો નથી સંસારસુધારા પરિષદના પ્રમુખ થવું ને કહેવું કે હું નેતા હતો જ નહીં એ કેવી વિચિત્રતા ! વિચિત્રતા ન ગણીએ તો કહેવું પડે છે કે સુધારાએ ખરેખર એક

નેતા ગુમાવ્યો છે''.[30] પરિષદ મંડળની પત્રિકાને જોઈને કૃ.મો. ઝવેરીની પ્રમુખ તરીકેની નિમણૂંક અંગે સાશંક બનતા તંત્રી લખે છે કે : ''ત્રણ મહિનાના પ્રમુખપદનું લીંબુ ઉછાળ રાજ્ય ઝવેરીએ શા માટે સ્વીકાર્યું હશે ? સ્વીકાર્યું તો ભલે, હવે તેની સાર્થકતા એટલી કે આખા એમના મંડળમાં જે અહંતા, જે મંદતા અને જે અનુદારતા ધીમેધીમે અજાણ્યે દાખલ થતી જાય છે એને નિવારવાના સખ્ત ઈલાજ એમણે લેવા જોઈએ અને એમ કરીને ખુદ સાહિત્ય પરિષદને એના મિત્રોથી બચાવી લેવી જોઈએ''[31] જે રીતે સાહિત્ય પરિષદ માટે તંત્રી ચિંતા વ્યક્ત કરે છે એ જ રીતે પ્રવર્તમાન સંજોગોમાં પ્રસિધ્ધ થયેલી સામગ્રી પર પણ તંત્રીની વિવેચનાત્મક દૃષ્ટિ સતત ફરતી રહેલી છે. 'ગુજરાત'માં પ્રસિધ્ધ થતી નરસિંહરાવની 'સ્મરણમુકુર' લેખમાળામાં સ્વ. રણછોડરાય ઉધ્ધરામની સ્મરણ નોંધ વિશે તંત્રી ઉગ્ર ટીકા કરતા લખે છે કે : ''નરસિંહરાવની ધાટી સામે વખતોવખત પોકાર ઉઠાવવાની અણગમતી ફરજ અમારે બજાવવી પડે છે તે માટે અમને દિલગીરી થાય છે પરંતુ જ્યાં સર્વ મુંગા રહે ત્યાં કોઈએ તો ફરજ બજાવવી જ જોઈએ''[32] તંત્રી અહીં જાણે 'ડાંડીયો'નો નીતિ અપનાવતા હોય તેવું લાગે છે.

સમકાલીન સાહિત્યવહેણને પ્રકટ કરતી એક નોંધ 'મુંબઈ ગુજરાત' નામના સામયિકમાંથી તંત્રીએ નોંધી છે. જેમાં 'સાહિત્યે' પ્રસિધ્ધ કરેલી પાંચસો અને અઢીસો સર્વશ્રેષ્ઠ પુસ્તકોની યાદી પ્રસિધ્ધ કરવા બદલ અભિનંદન આપેલા છે. સાથે જે નોંધ મળે છે તેમાં આપણાં ગુજરાતી સાહિત્ય વિશેની ઊંડી ચિંતા પ્રકટ થતી જોઈ શકાય. 'મુંબઈ ગુજરાત'ના તંત્રી અહીં નોંધે છે : ''આપણાં બાળકો અને સ્ત્રીઓને ઉપયોગી સાહિત્ય આપણે ત્યાં ક્યાં છે ? અંગ્રેજી સાહિત્ય કેટલું બધું ખીલેલું છે ! દરેક દરેક વિષય ઉપર એક એકથી ચઢે તેવો ઉપયોગી ભંડાર પડ્યો છે. આપણે ત્યાં તો બાળકોને વાંચવાનું એક પણ પુસ્તક નથી. જે બાળકો ભવિષ્યના કર્તવ્યક્ષેત્રમાં પડવાના છે અને જેઓ ભાવિ સંસાર સમુદ્રના નાવિકો છે તેમને બાલ્યાવસ્થામાં ઉપયોગી થઈ પડે તેવું સાહિત્ય ન મળે એ નવાઈ જેવું છે.

'સાહિત્ય'માં જે યાદીઓ પ્રસિધ્ધ થઈ છે તે પરથી જણાય છે કે ગુજરાતમાં બાળકોને માટે ઉપયોગી થઈ પડે તેવા પુસ્તકો નથી. ગુજરાતી સાહિત્યમાં અત્યારે જો કોઈ પ્રકારનું લીટરેચર વધતું જતું જણાતુ હોય તો તે એકમાત્ર નવલકથાનું છે'[33] પ્રકટ થયેલો આ વિચાર સાહિત્ય આબોહવાની એકાંગી દિશાને સ્પષ્ટ કરે છે. સાહિત્યના અન્ય સ્વરૂપોની તુલનાએ બાળસાહિત્ય પરત્વે પ્રકટ થયેલી આ ચિંતા હજુ આજના સમયે પણ યથાતથ આપણી સામે ઊભેલી છે.

આ વિભાગમાં જેમ સામયિકોની વિશિષ્ટતા અને મર્યાદાઓને ચીંધી બતાવે છે તેમ સામયિકની અનિયમિતતા અને મુશ્કેલીઓની વિગતે નોંધ લે છે. 'બુધ્ધિ-પ્રકાશ' ૧૯૩૨ માં ત્રૈમાસિક થયું હતું. એ વિશે તંત્રીએ મૂકેલી નોંધ વિશિષ્ટ છે. જૂઓ એ શબ્દો : ''માસિક પરથી ત્રિમાસિક થવું એ આજના જમાનામાં ઊંધી જવા બરાબર છે ઝડપ અને વેગના યુગમાં ત્રણ મહિના સુધી લોકો રાહ જોઈ શકતા નથી એથી ઉલ્ટુ ગુજરાતી સાહિત્યની હાલની પ્રવૃત્તિ એટલી બધી ઝડપવાળી, વેગવાળી છે કે હવે એકાદ અઠવાડિકની જરુર ઉભી થઈ છે. સમય જ્યારે અઠવાડિકો માંગી રહેલો હોય ત્યારે તેને ત્રિમાસિક અર્પવું એ અવળી પ્રગતિ છે. ''કૌમુદી' જેવું નવું ત્રૈમાસિક માસિક થયું ત્યારે 'બુધ્ધિપ્રકાશ' જેવું પુરાતન માસિક સોડ તાણી સુઈ જાય એ અમને ન ગમે''[34] એજ રીતે 'વસંત' ના દ્વિમાસિક થયા અંગેની જાણ પછી તંત્રી દ્વારા સામયિકો અંગે ચિંતા પ્રકટે છે. એ વિશે નોંધતા જણાવે છે કે : ''આ માસિક હવેથી બબ્બે મહિને બહાર પડશે એ ખુશી થવા જેવી બાબત નથી. ૩૧ વર્ષ ફક્ત થયા તેમાં એ બાળપણ ઘડપણની વાતો કરે એ બરાબર છે ? કાલે અમારો વારો આવશે કાલે શા માટે ? અમારો શા માટે ? ગુજરાતી માસિકોને માટે ગુજરાત એ સારી એટલે અનુકૂળ ભૂમિ નથી એમ અમારે કબૂલ કરવુંપડે છે. એના કારણો અનેક હશે. સંચાલકોની, અમારી નાલાયકી પણ કારણ હશે''[35] આ સ્વીકાર પાછળ આખરે તો ગુજરાતી સાહિત્યિક આબોહવાનું અને ગુજરાતી પ્રજાની વાંચનપ્રવૃત્તિની ઉદાસીનતા જ સપાટી પર આવે છે. સામયિકો અંગે સહૃદયતાથી, નિષ્પક્ષ-પાતે અભિપ્રાય વ્યક્ત કરતાં તંત્રીને છેવટ તો સાહિત્ય સામયિકોને સમૃધ્ધ કરવાની

વાચકોની રુચિ ઘડવાની ખેવના રહી છે. 'કામવિજ્ઞાન' માસિક વિશેનો સ્પષ્ટ અભિપ્રાય પણ આ ખેવનાની સાક્ષી આપે છે. એ સામયિકના અંકો જોઈને તંત્રી નોંધે છે કે : ''કામવિજ્ઞાન' ના બે અંકો જોતા કોઈપણ શિષ્ટ માણસ ગુસ્સે થયાં વિના રહે નહીં. શું 'કામવિજ્ઞાન' ના મુખપૃષ્ઠ તરીકે નગ્ન સ્ત્રી જ હોઈ શકે ? જાતીય જ્ઞાનને વિષય સાથે જોડી લોકોની છળવી મનોદશા પોષવાનો આ માર્ગ નહીં તો બીજું શું ? એ વિષય ચર્ચવા યોગ્ય છે તે સ્પષ્ટ છે પરંતુ કેવી રીતે ચર્ચવો એ ભયાનક પ્રશ્ન છે''[૩૬] આજે અસંખ્ય નકલોનો ફેલાવો ધરાવતા અને વાચકોને જુદી દિશામાં જ લઈ જનારા સામયિકો માટે પણ યથાર્થ બને એવું આ અવલોકન છે. તંત્રીની સ્પષ્ટ નીતિનો આવો અણસાર ઠેરઠેર મળતો રહ્યો છે. 'ગુજરાતી' પત્રે 'સાહિત્ય'ના 'સરસ્વતીચંદ્ર'ના મત બાબતે ટીકા કરેલી ત્યારે પોતાના વલણમાં અફર રહેતાં તંત્રીએ લખેલું : ''અમારા 'સરસ્વતીચંદ્ર' વિશેના મતમાં ખોટું શું છે ? એનો પહેલો ભાગ વિષય, નર્યા નકકટ વિષયથી ભરપૂર છે એ ફરીથી કહેવાની ધૃષ્ટતા કે મૂર્ખાઈ અમે દર્શાવીએ છીએ''[૩૭]

સામયિકોનું સામસામે ટીકા કરવાનું વલણ એ સમયમાં અતિપ્રચલિત હતું. 'બે ઘડી મોજ'માં 'સાહિત્ય'ની દરસપ્તાહે ટીકા કરવામાં આવતી હતી. 'કનૈયો' ઉપનામ ધારીએ કરેલી એ ટીકાઓનો પ્રત્યુત્તર 'સાહિત્ય' આપતું રહે છે. કનૈયો સિનેમા, ટૂચકા વગેરેના પ્રવેશકો લખતો હોવાના નાતે તંત્રી લખે છે કે : ''સિનેમા સાહિત્યમાં દર અઠવાડિયે અમારું નામ આવતું હોવાથી હોરેલ્ડ લોઈડ કે ચાર્લી ચેપ્લિન તરીકે હવેથી એમના કોઈ વાંચનાર અમને લેખે તો નવાઈ નહીં''[૩૮] આ રીતે 'કૌમુદી' અને અન્ય સામયિકોની ટીકા અને આવી ટીકાઓના જવાબો અપાતા રહ્યાં છે.

'સાહિત્ય'ની રીતિ - નીતિ સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કરનારા વિજયરાયને પણ 'ચોપાનિયા શું કહે છે ?' વિભાગનું મહત્વ સમજાતા 'કૌમુદી' માં અને ત્યાર પછી 'માનસી'માં 'સામયિક પત્રોનો પ્રવાહ' વિભાગ પ્રકટ કરવાનું શરૂ કર્યું હતું. એ રીતે આ વિભાગ સામયિકોની સ્થિતિ, સમકાલીન વહેણો અને એ

સમયની ઉત્તમ – મધ્યમ બાજુઓને જ વ્યકત ન કરતાં અન્ય સામયિકોને માટે પ્રેરણાસ્ત્રોત પણ બન્યું. સામયિકોના વિવેચન દિશાને ચીંધવાનો આ પ્રયત્ન એ સમયે નિરાળો હતો અને આજના સમયે પણ પ્રશસ્ય લાગવા સંભવ છે. કારણ કે આજના સમયે પણ આપણા કોઈ ગુજરાતી સામયિકો સામયિક વિવેચનને પ્રસિધ્ધ કરવાનું વલણ દાખવતું નથી એ કારણે કેટલીક ઉત્તમ સામગ્રીઓ માત્ર સામયિક પાને દટાઈને પડી રહેવા પામે છે. સામયિકોની જીવંતતાને તપાસવા, સામયિકોની ઉત્તમતાને દર્શાવી આપવા સામયિક વિવેચનની પરંપરા સ્થગિત થઈ છે એ આપણા સાહિત્યનું કમભાગ્ય છે.

આ વિભાગની એક વિશેષા બાજુ એ પણ છે કે આ વિભાગમાં અનેક સામયિકોને અવલોકાયા હોવાથી સામયિકોની જુદી જુદી પરંપરાનું જે તે સમયગાળાની સામયિક પ્રવૃત્તિનું એક સળંગ ચિત્ર નિયમિતપણે પ્રાપ્ત થયું છે. વાંચકોને અન્ય સાહિત્ય સામયિકો તરફ દોરવાનો આ પુરુષાર્થ અભિનંદનીય છે. અંતમાં, આ વિભાગ તળે સામયિકની ચિંતા જે રીતે વ્યકત થતી રહી એ તંત્રીના જ શબ્દોમાં જુઓ : ''ગુજરાતમાં માસિકો ઘણાં થઈ ગયા છે હવે સંભાળવાનો તથા છે એને પગભર કરવાનો સમય આવ્યો છે''[39] પ્રશ્ન એ થાય છે કે એ સંભાળ અને પગભર થવાનો સમય સાહિત્યિક સામયિકો માટે આજેય આવ્યો છે ખરો ?

○ <u>ગ્રંથાવલોકન</u> ::

'સાહિત્ય'નો આ વિભાગ પણ અન્ય કોઈ વિભાગની જેમજ ચર્ચાસ્પદ રહ્યો છે. પ્રથમ અંકની તંત્રી કૈફિયતમાં જ ગુજરાતી ભાષાના પુસ્તકોનું નિષ્પક્ષપાત અવલોકન કરવાનો ઉમળકો 'સાહિત્ય' દાખવે છે. આ વિભાગને સાહિત્યે પોતાના મહત્વના અંગ તરીકે ઓળખાવ્યો હતો. એ કારણે પુસ્તક સમીક્ષાઓ તંત્રી દ્વારા જ થતી રહી છે. નીડરતાથી ને નિષ્પક્ષપણે ગ્રંથાવલોકન કરવાનું વલણ સ્વીકાર્ય કરતાં તંત્રી જયારે ચોથા ધોરણની ભૂગોળનું દેશી આંકનું, પંચાગ્નું કે ભેટમાં મળેલા કેલેન્ડર વિશે પણ અવલોકન માંડે છે ત્યારે આશ્ચર્ય થયા વિના રહેવું નથી.

મોટાભાગના પુસ્તકોનું બે - ચાર લીટીમાં કે એકાદ પેરેગ્રાફમાં અવલોકન થયાની કે અવલોકનના છ પૃષ્ઠોમાં ૩૫ પુસ્તકોની નોંધ આપી દેવાની ઘટનાઓ 'સાહિત્ય'ને માટે નવાઇ નહીં ગણાય. તે છતાં 'યુગધર્મ', 'મોર્ડન રિવ્યુ' વગેરે માં આવતી સમાલોચનાની જેમ સાહિત્યે પણ વાંચકોનો વિશ્વાસ પ્રાપ્ત કરેલો કારણ કે નોંધનીય જણાતા પુસ્તકોની વિગતે વાત કરવાનું સાહિત્ય ચૂકયું નથી. સમીક્ષાઓ બાબતે ચર્ચામાં ન ઉતરવાનું તંત્રીનું સ્પષ્ટ વલણ હતું. રામલાલ મોદીના 'ભાલણ' નામના પુસ્તક વિશે અવલોકનમાં થયેલી ટીકા અંગે જ્યારે તંત્રીને પત્ર મળે છે ત્યારે એ વલણને આગળ ધરીને તંત્રી નોંધે છે કે : ''અમે સ્પષ્ટ કહયું હતું કે ગ્રંથાવલોકન સબંધી ગ્રંથકર્તાઓ સાથે અમે ચર્ચામાં ઉતરીશું નહી કેમકે અમારો પ્રમાણિક અભિપ્રાય જેઓ માંગતાં ન હોય તેમણે તેમના પુસ્તકો અમને મોકલવાં તસ્દી લેવી નહી''. 'ગ્રંથાવલોકન'માં સ્થાન પામેલાં પુસ્તકની સમીક્ષાપ્રત કે અંકની નકલ પ્રકાશક અને લેખકને મોકલવાની નારાજી વ્યકત કરીને પૂર્ણપણે 'વેપારી નીતિ' અપનાવતા 'સાહિત્ય'માં ૧૯૨૦ સુધી અંગ્રેજી પુસ્તકો અને એમના અનુવાદોની સમીક્ષાઓ વિપુલ માત્રામાં છે. ૧૯૨૦ સુધીમાં અનુવાદના આ પુસ્તકો 'ગ્રંથાવલોકન'નો ઘણો મોટો ભાગ રોકે છે. ગુજરાતી મૌલિક પુસ્તકોની તુલનાએ અનુવાદના આ પુસ્તકોનો પ્રચાર જોઇને તંત્રી પણ હતાશા અનુભવે છે. તેઓ માને છે કે કોઇપણ દેશના સાહિત્યમાં અનુવાદ સાહિત્ય આંબામાં વાંધો હોય છે તેના જેવું ગણીને એ વાંધી વધીને કાલે તો ખુદ આંબાનો નાશ થાય છે. એ માટે તેવા સાહિત્યથી ચેતતા રહેવાની સલાહ તંત્રી આપે છે.

ટૂંકા, અધૂરાં અને અધકચરાં ગ્રંથાવલોકનો એ 'સાહિત્ય'ની મોટી મર્યાદા છે. વિજયરાયે તો 'સાહિત્ય'ના આ વલણની ઉગ્ર ટીકા કરતાં 'સાહિત્ય'ને લાંબા અવલોકનોને ધિક્કારનાર' અને 'સાહિત્ય'ના મોટા ભાગનાં અવલોકનો 'ગામઠી' હોવાનો આક્ષેપ કરેલો. તંત્રીએ ટીકાનો જવાબ આ રીતે આપે છે : ''સાહિત્ય'ના અવલોકન ગામડી હશે, તળપદા હશે પરંતુ વિલાયતથી ઉછીના લીધેલા નહી હોય. ટૂંકા અવલોકન તરફ સૂગ ધરાવનારને 'મિતાક્ષરી મતદર્શન'

પ્રગટ કરીને 'સાહિત્યકોની મૂંગી પ્રશંસા કરવી પડી તેમાં પ્રભુનો જ કંઈ હાથ હશે''[૪૦] દર મહિને તંત્રી પર મોકલાતા ત્રીસ - પાત્રીસ પુસ્તકોમાં મોટાભાગના પુસ્તકો તંત્રીને નિર્માલ્ય માલૂમ પડે છે. પુસ્તક અવલોકનની મિતાક્ષરી નોંધો એ જવાબ જ વાળતું નથી પરંતુ એ સમયમાં પ્રવર્તી રહેલી સાહિત્યિક સ્થિતિનો પૂરો ચિતાર પણ આપે છે. તંત્રીના મતે પ્રભાવશાળી નવા પુસ્તકો આંગળીના ટેરવે ગણાય તેટલાં પણ મળવા મુશ્કેલ બનતા ગયા છે. જે ઉત્તમ પુસ્તકો મળે છે તેનો સરવાળો એક ડઝન સુધી પહોંચતો નથી એ સાથે સાહિત્યના બીજા અગત્યના વિભાગો તો લાંબા સમયથી બિલકુલ વણખેડાયેલા વિના પડી રહ્યા છે. એનીએ સખેદ નોંધ લઈને ગુજરાતમાં હિંદનો વિશ્વાસજનક ઈતિહાસ કે બીજા કોઈપણ દેશની તવારીખના પુસ્તકોની ઊણપ સામે તે યોગ્ય રીતે જ ચિંતા દાખવે છે. વિજ્ઞાન, ભૂગોળ, ખગોળ એ જાતના શાસ્ત્રીય સાહિત્ય અને ધર્મ - ફિલસૂફીના મુઠ્ઠી ઉંચેરા પુસ્તકોમાં ઉમેરો થતો નથી એની નોંધ લે છે.એ વાત આજેપણ એટલી જ સાચી છે કે સર્જનાત્મક સ્વરૂપો - વિવેચનોના અસંખ્ય પુસ્તકો પ્રકાશિત થાય છે. પરંતુ શાસ્ત્રીય માહિતી આપતા પુસ્તકો તદ્દન ઓછી સંખ્યામાં પ્રકાશિત થાય છે અને જે પણ એક - બે પુસ્તકો પ્રકાશિત થાય છે એના તરફ દુર્ભાગ્યે આપણું ધ્યાન જતું નથી.

અતિ સંક્ષેપમાં અવલોકન આપવાની નીતિ સામેના આરોપ પર માર્મિક પ્રશ્ન કરતાં તંત્રી લખે છે : ''અવલોકન કરવા લાયક પુસ્તકો ક્યાં છે ?' ઉત્તમ પુસ્તકોનું સંપુર્ણ અવલોકન કરવા માટેની તત્પરતા દર્શાવતા તંત્રી છેક હલકી જાતિનું અને જે સાહિત્ય વાંતા વાંચતા પણ કંટાળો ઉપજે એવા પુસ્તકોની સમીક્ષા કરવી એટલે એને અણઘટતું માન આપવું એમ સ્પષ્ટપણે માને છે. અહીં તેઓ લખે છે કે : ''ચાર - પાંચ પાનાની ચોપડી પાછળ પચ્ચીસ પાનાનું ભાષ્ય એ હાલનો રિવાજ છે. હાલના સાહિત્યનો મોટો ભાગ ભાષાંતરનો છે. સંસ્કૃત, બંગાળી અને મરાઠી એ માટે મોટો ખોરાક પૂરો પાડે છે કેમકે તે જાતના પુસ્તકોનું ભાષાંતર કરવું સહેલું છે. આવા 'ભાષાંતરો' કેવળ નકકામા ગણી શકાય નહી

અને જ્યાં આપણું ન હોય ત્યાં બીજાનું વાંચવામાં નુકશાન નથી પરંતુ તેને પણ હદ હોય છે. હંમેશા બીજાની મુડી પર વેપાર કરવાથી દરિદ્રતા આવે છે એટલા માટે જ તરજુમીઆ સાહિત્યનું અવલોકન હંમેશા એક જાતના એવા અંકુશ તળે રાખવું કે જેથી તેવું સાહિત્ય એકદમ વધે નહી''[૪૧] એક મહિને એક પ્રભાવશાળી કે માર્ગદર્શક નવું પુસ્તક ગુજરાતમાં પ્રસિધ્ધ થાય તો સમીક્ષાની મજા લઈ શકાય એવો મત અહીં પ્રકટ છે. મળેલા પુસ્તકોમાં જે પુસ્તક નોંધનીય જણાય તેનું અવલોકન વિસ્તારથી કરવાની અને અન્ય પુસ્તકોની સ્વીકારનોંધ જેટલી ટૂંકી નોંધ પુસ્તક નામ, કર્તા, પ્રકાશક અને કિંમત સાથે પ્રકટ કરવાની 'સાહિત્ય'ની પરંપરા રહી છે. આ વિભાગની આંખે ચઢતી વિશિષ્ટતાઓ અને મર્યાદાઓની કેટલીક બાજુઓને તપાસીએ.

'વિવેચનકળા સર્જનાત્મક હોય જ નહીં' એવા 'સાહિત્ય'ના મતને વિજયરાયે કમઅક્કલ અને બેજવાબદાર કહીને વખોડ્યો હતો'[૪૨] તે છતાં 'સાહિત્ય'ના વિવેચનમાં ઝિલાતી તંત્રીની ભાષા સાદગી નિર્ભીકતા અને સ્પષ્ટતાનું મુલ્ય આંકે છે. ઉત્તમ કૃતિઓને પ્રમાણવાની અને નબળી કૃતિઓ પર કરડી નજર કરવાની રીતિ તંત્રી પોતાના મત - મતાંતરો સાથે રજૂ કરે છે. આ કારણે તંત્રીને હંમેશા બને છે. તેમ વિવાદમાં ઉતરવાનું પણ બન્યું છે. પરંતુ વખતસર, નિયમિત અવલોકનો લખનારાં વર્ગમાં 'સાહિત્ય'નું સ્થાન અધ્વિતીય રહયું છે. આવા નિયમિત અવલોકન લખનાર મણિલાલ પ્રથમ અને મટુભાઈ બીજા છે એમ કહીને 'સાહિત્ય'ની ગ્રંથાવલોકનની નીતિનો પુરસ્કાર કર્તા ઠાકોર ૧૯૩૩ ના અંક : ૩ માં લખે છે કે : '' મટુભાઈના વ્યવહારું વ્યકિતત્વને લીધે એ અવલોકનમાં અમુક પારિયતો આવી અને મટુભાઈ શાઈ અવલોકન 'સાહિત્ય'નું વિશિષ્ટ લક્ષણ અને સારું આકર્ષણ બની રહયાં. આ ચોપડી વાંચીશું કે નહી ? આ ચોપડી ખરીદવી કે નહી ? વગેરે નિર્ણય કરવા માટે સાહિત્ય શોખીને જે પ્રાથમિક માહિતી ચોખ્ખા રૂપમાં અને ટૂંકામાં જોઈએ તે 'સાહિત્ય'ના ઘણા અવલોકન સારી લખાવટમાં અને પીંજણ વિનાની અસરકારક મુદ્દાસર દલીલો અને

સારરૂપ હકીકતો ધ્વારા પૂરી પાડતાં આવ્યાં છે. ચોપડી તેવી જ હોય તે તે ઉપરનું અવલોકન કાંટાવાળાડુ કરવામાં સ્પષ્ટવક્તા તંત્રીએ કસર નથી રાખી'' આ વિધાનના પ્રમાણો 'સાહિત્ય'ના ઘણાબધા અંકોમાંથી મેળવી શકાય એમ છે. 'રાઈનો પર્વત' નું અવલોકન કરતી સમયે તંત્રી જે હર્ષ પ્રકટ કરે છે એ જુઓ : '' દરેક મહીને ઘણાં પુસ્તકો અમારી પાસે રીવ્યુ માટે આવે છે તેમાંના મોટા ભાગનાનું અમે અવલોકન કરીએ છીએ પરંતુ આવો અસલ અને ઉમદા વિચારોથી ભરપૂર ગ્રંથ તો વરસે કે બે વરસે અમારાં ટેબલ પર એકાદ આવી પડે તો ગુજરાતી સાહિત્યના ધન્યભાગ્ય ![43]

પુસ્તકોના અવલોકનમાં શીર્ષકોને પ્રથમથી તપાસવાનો આગ્રહ જણાય છે. ઠાકોર ના 'લીરીક' શીર્ષક અંગે વાંધો ઉઠાવતા તંત્રી જે અભિપ્રાય પ્રકટ કરે છે તેમાં નિખાલસતાની સાથે કવિતા સંબંધી સ્થિતિ પણ શું પ્રકટ થયા વિના રહેતી નથી. અહીં નોંધે છે કે : ''આ પુસ્તકનું નામ કેવું ? શા માટે ? અમે કવિ નથી પણ કવિતા સમજવાનો દાવો જરુર કરીએ. પાશ્ચાત્ય કેળવણીને લીધે કાવ્યશાસ્ત્રના નવા ત્રાજવા એ કલાથી નહી પણ નવાં કાટલાથી તોલવાનો રિવાજ દાખલ થયો છે પરિણામે કવિતાની વ્યાખ્યા કરો પણ તેથી કંઈ ઓછી કવિતા કરવાની છે ? આવી લાક્ષણિકતા માધવલાલ રાવળના 'ઈંદુકલા' પુસ્તકના વિવેચનમાં પણ મળે છે આ પુસ્તક વિશે નોંધે છે કે :'બહારથી બિલકુલ આકર્ષણ વિનાની, ખરાબબાંધણ અને છપાઈવાળી, છાપભૂલો અને ખરાબ કાગળોથી જીવાયેલી એવી આ ચોપડી જોતાં જ ઠીક ન લાગી વળી, લખનાર ભાઈ અજાણ્યાં હોવાથી એને વાંચવાનું મન થયું નહી છતાં મુસાફરીમાં ન છૂટકે વાંચી અને વાંચીને વખાણવાનું મન થયું!' ન છૂટકે વાંચવાના, લેખક અજાણ્યાં હોવાથી ન વાંચવાના તંત્રી મત સાથે સંમત થવું શું મુશ્કેલ છે તે છતાં એ પ્રત્યેનું નિખાલસ કથન આપણને સ્પર્શ્યા વિના રહેતું નથી. કોઈવાર વિવેચનનો પરિભાષાને છોડીને સમીક્ષાઓ બાળબોધકથાની શૈલીમાં સરી પડે છે ત્યારે એવા અવલોકનો મોટાભાગે 'સાહિત્ય' ની ક્ષતિઓને સપાટી પર લાવી મૂકે છે. ૧૯૨૭ ના સપ્ટેમ્બર અંકમાં મોહન કાંટાવાળાનું પુસ્તક 'સંસારમાં કંસાર' નું છોટાલાલ નરભેરામે જે અવલોકન કર્યું છે

એ નમૂનો આવી કક્ષાનો છે. અવલોકનની એ પધ્ધતિ જૂઓ : ''આપણાં સંસાર નો કંસાર ગળ્યો છે કે મોળો ? છૂટો છે કે ચીકણો ? ચઢયો છે કે કાચો ? એ બધુ આ વાર્તામાંથી જોઇ શકાય છે''[૪૪] અહીં પાંચ પાના જેટલા લંબાણથી થયેલા અવલોકનમાં કથાવસ્તુને દર્શાવતા જ ચાર પૃષ્ઠો ખર્ચાયા છે. આ ઉપરથી કહી શકાય કે ગ્રંથાવલોકનની પધ્ધતિ અને નીતિના- સમગ્ર સૂત્રો તંત્રીના ઘડાયેલા મત મતાંતરો, પૂર્વગ્રહો અને ચોકકસ ખ્યાલ સાથે બંધાયેલા રહયાં છે. કેટલીકવાર એવું પણ લાગે છે કે એકહથ્થુ રીતે આ વિભાગ ચલાવવાની હઠ પણ એ વિભાગને હાનિકર નીવડી છે. ૧૯૨૫ સુધી 'ગ્રંથાવલોકન' વિભાગ તળે જ તમામ પુસ્તકો ના અવલોકનો પ્રસિધ્ધ થયેલા સ્વતંત્ર વિવેચનાની દિશા ૧૯૨૫ પછી 'સાહિત્ય' માં પણ પ્રબળરૂપે ઉપસે છે પરંતુ 'ગ્રંથાવલોકન' વિભાગમાં તો તંત્રી ધ્વારા જ મોટાભાગના પુસ્તકોનું અવલોકન થતું રહયું હતું. તંત્રી લેખ, ચર્ચાપત્રોના જવાબો, સમગ્ર સામયિક તંત્રની જવાબદારી સાથે 'ગ્રંથાવલોકન' વિભાગને નિયમિતપણે પ્રસિધ્ધ કરતાં તંત્રીની સામયિકનિષ્ઠાની નોંધ લેવી જોઇએ. અન્ય વિધ્વાનવર્ગને ગ્રંથાવલોકન વિભાગ સંભાળવાની વાંચકો અને વિધ્વાન લેખકો તરફથી 'સાહિત્ય' ને સૂચના મળતી રહી છે. પરંતુ 'સાહિત્ય'ના તંત્રી એમના આ વિભાગની ' 'વ્યકિતતા' ને ચાહતા રહીને અન્યને સોપવાની અનિચ્છા દર્શાવતા નોંધે છે કે : ''બધા પુસ્તકો આખા વાંચવા એ અમારે માટે અશકય થતું જાય છે. કોઇ પુરું, કોઇ અધુરું વાંચીને તો કોઇ ઉપર ઉપરથી જોઇજોઇને અમારે અભિપ્રાય બાંધવો પડે તેથી કોઇને અન્યાય થવાનો સંભવ અમે કબૂલીયે છીએ. કોઇ વિધ્વાનો પાસે અવલોકન લખાવવાનું હજી અમારાં મનમાં ઉતરતું નથી કેમકે એમ કરવાથી 'સાહિત્ય'નું વિશિષ્ટ તત્વ -- સ્વતંત્ર દ્રષ્ટિથી મત પ્રદર્શન, એક જ દ્રષ્ટિબિંદુની સમાલોચના નાશ પામે એટલે હાલ તો ગાડું ગબડાવીએ છીએ''[૪૫] 'સાહિત્ય'ની આ દ્રષ્ટિ ઉત્તમ સમીક્ષાના માળખા માટે જરાપણ અનુરૂપ નથી. ગાડું ગબડાવવાની ઢીલી નીતિ જ તેમાં કદાચ કારણરૂપ હશે. 'સાહિત્ય'ના પાછળના અંકોમાં વિઠ્ઠલરાય ભટ્ટ, મણુ બિહારીલાલ,અશોક મટુભાઇ અને કપિલા મટુભાઇ ધ્વારા આ વિભાગમાં સમીક્ષાઓ થઇ છે. પરંતુ એ પ્રક્રિયા ટૂંકજીવી જ નીવડે છે. વળી, આ વ્યકિતઓ ધ્વારા થયેલા અવલોકનની ઉગ્ર ટીકા 'ગાંડીવે' ૧૯૨૭ના અંકમાં

કરેલી હતી. 'ગાંડીવ' અહીં નોંધે છે : ''સાહિત્યકારે સમાલોચનાની દુનિયામાં એક નવી જ પધ્ધતિ શરૂ કરી છે. લંડન અને મુંબઈના 'ટાઈમ્સ' નું આપણું એ ગુજરાતશાહી અનુકરણ છે. સમાલોચનાના પુસ્તકો જેન્ને વિષયના નિષ્ણાંતોને તેઓ સોંપતા થયા છે. દા.ત. રાંધણકળાની સમાલોચના કપિલા મહુભાઈએ કરી હતી અને આ નવા અંકમાં 'ગાંડીવ'ના બાળપુસ્તકોની સમાલોચના તેમના ઘરનાં બચ્ચાં - કચ્ચાંઓએ કરી છે'! કુટુંબના સભ્યો ધ્વારા થયેલી મોટા ભાગની સમીક્ષાઓ સામાન્ય કક્ષાની છે.

અવલોકનમાં વ્યવહારું ભાષાને, ઉદાહરણો આપીને ચર્ચા કરે છે તેમાં સ્પષ્ટતા અને સરળતાનો અનુભવ પામી શકાય છે. ભાષાની ઈબારત દ્દષ્ટિએ આવી વિવેચનાનું ઐતિહાસિક મૂલ્ય ગણી શકાય એમ છે. રા.વિ. પાઠકના 'સ્વૈરવિહાર' વિશેનું અવલોકન આનું ઉત્તમ દ્દષ્ટાંત પુરું પાડે છે એ અવલોકનનો અંશ જુઓ : ''આ અગાઉ અન્યત્ર છપાઈ ગયેલાં લેખોનો સંગ્રહ છે છતાં પણી રીતે અદ્વિતીય છે તમે એનો ઉપોદ્ઘાત વાંચો કે એની અંદરના વિચારો સમજો. એના વિષય જુઓ કે મથાળાં દેખો, તમને કાંઈ અનન્ય વ્યકિતત્વનો ભાસ થશે અને એ વ્યકિતત્વ આખું ને આખું પહેલેથી છેડે સુધી ઠેઠ મલકાતું તમને દેખાશે. અમે 'મલકાતું' એ શબ્દ વિચારપૂર્વક વાપર્યો છે. કોઈ લગ્નના આરોગા લેતી જાજરમાન સ્ત્રીને જુઓ, કોઈ મંડળની બેઠકમાં સત્તાધીશ મલકાતા કારભારોને નિરખો. એમનાં પ્રફુલ્લમુખ પર જે ભાવ નીતર્યા હશે તે આ સંગ્રહ પાછળની વ્યકિતના મુખ પર તમે કલ્પી શકશો. વધારે સ્પષ્ટતાથી કહીએ તો જીવનનાં દરેક પ્રસંગમાં રાજકારણથી માંડીને કંસાર અને ખીચડી સુધીનાં દરેક પ્રસંગમાં કાંઈને કાંઈ ઈશ્વરનો સંકેત જોઈને - જોવા છતાં એ સંકેત પામવાનો પ્રયત્ન કરનાર એ વ્યકિત, એ પ્રસંગની અલ્પતા છતાં ભવ્યતા, ભવ્યતા છતાં અલ્પતા તમને બતાવે છે''[૪૬] રા.વિ. પાઠકની સર્જક પ્રતિભાને અને એના સ્વૈરવિહારીપણાંને તંત્રી જે રીતે ઉપસાવે છે એ ભાષામાં વિધ્વતાનો દંભ વરતાતો નથી.

'ગ્રંથાવલોકન' વિશે તંત્રીના મનમાં આદર્શ ભૂમિકા સ્પષ્ટ તયા રહેલી છે પરંતુ

તેમાંથી જોઈએ તેવું પરીણામ નીપજતું નથી. ''ગ્રંથાવલોકન'ની નવી કળા'' નામનો ખાસ તંત્રીલેખ ગ્રંથાવલોકનની સાહિત્યનીતિના જવાબો શોધતો હોય એમ જણાય છે. અન્ય વ્યક્તિઓને સમીક્ષાઓ સોંપવામાં થતી ગેરવ્યવસ્થાને પણ તેઓ નિર્દેશે છે. એ તંત્રીલેખની કેટલીક મહત્વની નોંધ જોઈએ : ''અધિપતિને ફુરસદ ન હોય કાયમનો માણસ રાખવા માટે સાધન ન હોય એટલે પુસ્તક મળવાની સાથે દિવો લઈને વિવેચકની શોધ કરવા અધિપતિ નીકળી પડે. અને તે શોધ વખતે કશા સામાન્ય ધોરણ ન જળવાય અમુકને નવલકથા કે અમુકને નાટક એવો નિર્ણય થઈ શકે નહીં કેમકે અવલોકનકારની ઈચ્છા પ્રમાણે કામ લેવું પડે. આજે જેને નવલકથા આપી હોય તેને કાલે નિબંધ આપવો પડે. અરે, આજે જે વિવેચક હોય તે કાલે મળી શકે નહીં. આનું પરિણામ કેવું આવે ? આજે એકને કાલે બીજાને પરમદિવસે ત્રીજાને એમ જે મળ્યું તેને ગમે તે પુસ્તક સોંપી દેવું એ સારું નથી. ગમે તે વાંચનાર ગમે તે ગ્રંથનું ગમે તેવું અવલોકન કરીને મોકલે. ગ્રંથ વખાણનાર વિવેચક મિત્ર પાસે જ પોતાના અવલોકન લખાવે, છપાવે, ગુજરાતી પત્રોએ આવા લાગવગિયા વિવેચનોને છાપવા ન જોઈએ અને છાપવા હોય તો તેમને ઉઘાડા પાડવા જોઈએ''[૪૭] કોઈપણ પુસ્તકના પ્રભાવ તળે આવી જવાના, વધુ પડતા વખાણ કરીને સર્જકના સર્જનને નુકસાન પહોંચાડવાના અને સ્વાર્થપ્રેરિત અવલોકન કરવાની બાબતે રહેલા ભયસ્થાનોને તંત્રી ચીંધે છે. 'સાહિત્ય'ના ગ્રંથાવલોકનમાં આ વિચાર જ કામ કરતો જણાશે. આ સમયમાં પ્રકટતી વિવેચનની દરિદ્રતા ગુજરાતની સમગ્ર વિવેચનાને પણ લાગુ પડે છે. સુંદરલાલ જોશી નામના એક વાચકે મણિલાલ, રમણભાઈ અને નવલરામના ઊભા થયેલા શૂન્યાવકાશ, નરસિંહરાવના 'વાનપ્રસ્થ' વિશે ચર્ચા કરીને વિવેચનક્ષેત્રે 'કૌમુદી'ના સાહિત્ય સેવક વર્ગને આ દિશામાં નક્કર કાર્ય કરતાં હોવાનું પ્રમાણ્યું છે. ગુજરાતી વિવેચન પર આક્રોશ વ્યક્ત કરીને એ વાચકે લખ્યું હતું કે : ''ગુજરાતમાં આજે સત્યાર્થી વિવેચકો ક્યાં છે ? નિષ્પક્ષપાત ક્યાં છે ? ગ્રંથોના કે લેખોના રહસ્ય સમજવાની જરાયે તસ્દી લીધા વિના જાહેરપત્રોમાં, માસિકોમાં અવલોકન નથી લખાતા શું ? બેજવાબદાર અને વિવેચનના

નામને લજવે તેવા વિવેચનો કયારે અટકશે ? આજે તો ઓળખાણ હોય, ભલામણો હોય, ખુશામત આવડતી હોય કે પરસ્પર પ્રશંસક મંડળના સભ્ય બનતા આવડતું હોય તો કોઈ તંત્રી સાહેબ, કોઈ વિવેચક મહાશય ગમે તેવા ગ્રંથ કે ગ્રંથકાર માટે, લેખક માટે સારા - નરસા બે શબ્દો પસડી કાઢે એમ નથી બનતું ? રસજ્ઞતાની દૃષ્ટિએ સાચું રસશાસ્ત્ર સમજી કલા અને વિદ્યાની ખાતર જ વિદ્યા અને કલાની કદર કરનાર સમગ્ર વિવેચનથી ગુજરાત કયારે સમૃધ્ધ થશે ?''[૪૮] સમગ્ર વિવેચન પ્રક્રિયા સામે પ્રકટ થયેલી આ ફરીયાદમાંથી 'સાહિત્ય' બાકાત રહયું નથી પરંતુ એ સ્વીકાર કરવો રહયો કે તંત્રીનું નિષ્પક્ષાપાત વલણ અને કોઈપણ અવલોકનમાં ઝિલાતું સ્પષ્ટકથન એ આ વિભાગનો 'વિશેષ' બનીને રહયો.

'સાહિત્ય'નો 'ગ્રંથાવલોકન' વિભાગ રસજ્ઞતાની દૃષ્ટિએ કે ઉત્તમતાની દૃષ્ટિએ અનેક મર્યાદાઓ ધરાવે છે. સમૃધ્ધ વિવેચનની આશા રાખનારા ભાવકોને એ નિરાશ કરે તેવું છે. વિવેચનની ચોકકસ પરિભાષા, સંજ્ઞાની ગેરસમજણો અને વિકાસશીલ અનેક સાહિત્ય સ્વરૂપોની વચ્ચે આ અવલોકનો કંઈક અંશે અધૂરપ ધરાવતાં લાગે તેમાં વિજયરાય કહે છે તેમ કદાચ તળપદી ભાષાનો આગ્રહ એટલે કે સાદગીનો મોહ પણ જવાબદાર હશે. તે છતાં કોઈપણ પ્રકારની ખુશામત વિના જે લાગ્યું તે કહેવાની અને ભાષાની અનેક લાક્ષણિકતા ચીંધાડતી આ સમીક્ષા ઓએ એ સમયના વાચકોને ઉત્તમપુસ્તકો તરફ વાળવા, સર્જકોને ઘડવા માટે પોતાનાં ગજા પ્રમાણેનું કાર્ય કર્યું છે એ નિશંક છે.

'સાહિત્ય'ના અંકોમાં કેટલાક વિશિષ્ટ ગ્રંથોની સમાલોચના થઈ તેમાં મુખ્યત્વે 'ભણકારા'(ઠાકોર), 'મારી કમલાને બીજી વાતો -(મુનશી), 'શ્રી ભગવદ્ - ગીતા રહસ્ય' અથવા 'કર્મયોગ' - (બાલગંગાધર ટીળક) 'પ્રેમાનંદ' (ભાનુસુખરામ- નિર્ગુણરામ મહેતા), 'સ્રોત સ્વિની' (બોટાદકર) 'હિંદુ ધર્મની બાળપોથી' (આનંદશંકર ધ્રુવ), 'ભારતનો ટંકાર' (ખબરદાર), 'સ્વદેશી ધર્મ (કાલેલકર), પંજાબના પત્રો (ગાંધીજી), તુલનાત્મક ભાષાશાસ્ત્ર (પ્રીતમલાલ નૃસિંહલાલ),

'રસગીતો' (બટુભાઈ ઉમરવાડીયા), 'હિંદુઓની પડતી' (નર્મદ) હું, સરલા અને મિત્રમંડળ' (ધનસુખલાલ મહેતા), તણખા – ૩ (ધૂમકેતુ) સોરઠને તીરેતીરે (મેઘાણી) 'રંગતરંગ' (જ્યોતીન્દ્ર દવે) આ યાદી ઘણી લાંબી થઈ શકે એમ છે. પ્રકટતાં જતાં સાહિત્યને અવલોકવાનો અને એમાંથી વિશિષ્ટ જણાતાં પુસ્તકોને પ્રોત્સાહક પ્રતિભાવ આપવાનો સાહિત્યનો પ્રયાસ અનેક ટીકાઓને સહન કરતોરહયો અને તે છતાં નિયમિતતાથી ગુજરાતી સાહિત્યના વહેણને એમણે અવલોકવાની યથાશકય મહેનત કરી એમના ફળસ્વરુપે ઉત્તમ કૃતિઓની સમીક્ષાઓ પ્રાપ્ત થઈ શકી છે.

* <u>ચર્ચાપત્રો :–</u>

''બુધ્ધિપ્રકાશ' નવેમ્બર : ૧૯૨૭ ના અંકમાં એના તંત્રી હીરાલાલ પારેખ લખે છે કે 'ચર્ચાપત્રો' આ માસિકનું ખાસ અંગ છે. બીજા કશાથી પ્રેરાઈ નહી તો ચર્ચાપત્રોની ખાતર પણ આ માસિક માટે ઉત્સુકતા રહે છે એ ચર્ચાથી લાભ અને ગેરલાભ બંને થયા છે છતાં તંત્રીની તટસ્થતા માટે માન ઉત્પન્ન થયાં સિવાય રહેતું નથી' સાહિત્યના ચર્ચાપત્ર વિભાગનો, એની વિશિષ્ટતા અને મર્યાદાઓની આ જાણે કે સારરૂપ નોંધ છે. તંત્રી પ્રથમ વર્ષથી જ ચર્ચાપત્રનો વિભાગ શરૂ કરે છે જેમાં જેમ બને તેમ મુદ્દાસર ને ટૂંકાણમાં લખવાની વિનંતી નોંધ જોવા મળે છે. આ ચર્ચાપત્રો ધ્વારા 'સાહિત્ય'ના વલણો, અભિપ્રાયો, સૂચનો અને સામગ્રી અંગેની ચર્ચાઓ થતી રહી છે. અહીં કેન્દ્રસ્થાને તંત્રી નથી પણ વાચક છે. વિધ્વતા નથી પણ વાંચન પછી ઉપજતો પહેલો વિચાર, અભિપ્રાય છે. આ કારણે સાહિત્યિક આબોહવાની સ્થિતિ, રચનાઓની સફળ, નિષ્ફળ બાજુઓનો માપદંડ, સર્જકની પ્રતિબધ્ધતા અને વાંચનની સામાજિક અસર આવા પત્રોમાં ઝિલાય છે. વળી, ચર્ચાનો સમગ્ર દોર વાચકવર્ગ પાસે હોઈ 'સાહિત્ય'ના પ્રદાનનું એ સીધું જ દર્પણ છે. વાચકોના અવાજને ~~xxx~~ યથાતથ રજૂ કરવાનો અને ઉત્તમ ~~લેખકો~~ લેખકો જે કંઈપણ લખે છે એ જ માત્ર સમાજનું પ્રતિનિધિત્વ નથી એવો પ્રબળ સૂર

આ વિભાગમાંથી પ્રાપ્ત થાય છે. સાહિત્યિક આબોહવાની તાજગીને માટે, સામયિકકે સર્જકને દોરવા માટે આવા વિભાગો વાચકોની પ્રાથમિક સમજને ભલે દર્શાવતા હોય તે છતાં તેમાં રહેલું સાહિત્યનિષ્ઠાનું તત્વ એ પ્રાથમિકતાને સહ્ય બનાવતા હોય છે. સૌથી મોટી વાત તો વાચકોનું સામયિક સાથેનું સીધું જ અનુસંધાન આ પ્રકારના વિભાગને અનિવાર્ય બનાવતા રહે છે. દયારામ ગીડૂમલ અને નરસિંહરાવની પુત્રીના લગ્નને એક 'વિચિત્ર લગ્ન' ગણીને થયેલી ઉગ્ર ચર્ચાઓ આ વિભાગ તળે જોવા મળે છે તો સંતાનના યજ્ઞોપવિત પ્રસંગે 'સાહિત્ય'ને રુા. પાંચની ભેટ ધરતો પત્ર વાચક ધ્વારા મળે છે. ત્યારે એ શુભ લાગણીઓને પ્રત્યુત્તર આપતા તંત્રી એ રકમને 'યજ્ઞોપવિત સંસ્કાર' નો ઉદ્દેશ નામની નિબંધ હરીફાઈ યોજીને ઈનામ સ્વરૂપે ફેરવી સાહિત્ય પ્રીતિનો દાખલો બેસાડે છે. અંબાલાલ પુરાણી ધ્વારા લખાનારા 'મણિલાલ જીવન ચરિત્ર' વિશે 'સાહિત્ય' ટીકા કરે છે ત્યારે બ.ક. ઠાકોર અને 'કૌમુદી'ના અંકોમાં વિજયરાય 'સાહિત્ય' ના આ વિરોધની ઉગ્ર ટીકા કરે છે. એ ટીકાનો જવાબ વાળતા તંત્રી લખે છે કે : ''પૂર્વ જન્મના કર્મનો ~~અઅઅઅ~~ આશ્રય લઈ 'કૌમુદી'ના ચતુરસુજાણ તંત્રીએ અનીતિનો કરેલો આવો બચાવ ચતુરાઈભર્યો છે. આમ પુનર્જન્મમાં માનનાર માટે અનીતિના માર્ગ હવે મોકળા થયા ખરાં. બ્રહ્મનિષ્ઠ, 'અભેદમાર્ગ'પ્રવાસી' વગેરે બાબતો અમે સમજી શકયા નથી. અમારી ગરીબ ગુજરાતીમાં કૌમુદીના વિધ્વાન તંત્રી તે સમજાવશે. સ્વકીય સંપ્રદાય સ્થપાય એવી સ્થિતિ તો ધર્મઘેલા આ ગુજરાતમાં હંમેશા અનુકૂળ હોય છે ને એવી શકિત તો દરેક હોંશિયાર માણસમાં હોઈ શકે. સાહિત્યમાં પણ કયાં ભાઈ વિજયરાયને મુરબ્બી બ.ક.ઠા. નો સંપ્રદાય નથી ? ભોગ લાગ્યા અમારાં કે આટલો વિરોધ એ સંપ્રદાયના મંતવ્ય વિશે દર્શાવ્યો જે સંપ્રદાય વિરોધ સાંખી શકતો નથી''[૪૯] 'મણિલાલ ચરિત્ર' ના પ્રકાશન સામે વાદ વિવાદો ધ્વારા 'સાહિત્ય'ના તંત્રીનો નીતિવાદ છેક સુધી અકબંધ રહયો હતો. પુસ્તકના અવલોકનનો અંક લેખકને કે પ્રકાશકને મોકલવા અંગે પશ્ચિમના ઉદાહરણ સાથે કોઈ વાંચક પત્ર લખે છે ત્યારે તંત્રી તરફડીયા

વાણીમાં કહી દે છે : ''પાશ્ચાત્ય દેશોમાં જ હો તે, અમે મફત અંક મોકલવાના મતના નથી''.

પત્રચર્ચામાં કોઈ વાચક સીધો જ મુદ્દો ઉઠાવવાને બદલે બોધકથા લખી જણાવે અને એના સારરૂપે કોઈ કૃતિની ચર્ચા માંડે એ રમૂજપ્રેરક છે. 'ચક્રવર્તી અશોક' પુસ્તક વિશે વાંચકોની બે અંકો સુધી ચાલેલી લાંબી પત્રમાળાના અંતે તંત્રી એ ચર્ચા બંધ થયાનું જાહેર કરે છે પરંતુ એ પછીના અંકમાં ફરી વિસ્તૃત રીતે એ પુસ્તકની ચર્ચાઓ શરૂ થયેલી છે. સાથે ચર્ચાને સમેટી લેવાની તંત્રી વિનંતીઓ તો મોજૂદ જ છે. એક સામયિક પ્રસિધ્ધ ન કરે એટલે બીજા સામયિકમાં ચર્ચાપત્રને મોકલવાની અને ધરાર છપાવવાની મમત પણ જોવા મળે છે. કેટલીકવાર તો ચર્ચાપત્રો 'સાહિત્ય'ના ચાર પૃષ્ઠો રોકે તેવડાં એટલે કે લેખનો આભાસ ઊભો કરતા બને છે સાહિત્ય અને કૃતિઓની ચર્ચાઓ કરતાં અઢળક પત્રો 'સાહિત્ય'માં પ્રસિધ્ધ થયેલા છે. પ્રેમાનંદના નાટકોની ચર્ચા 'સાહિત્ય'માં દાખલ કરવાની નારાજી વ્યકત કર્યા પછી પણ એ વિષય ઉપરના પત્રો પ્રસિધ્ધિ પામ્યાં છે. સાહિત્ય પરિષદનું નિમંત્રણ આપતો રમણભાઈ નીલકંઠનો પત્ર હોય કે ગુજરાતી સાહિત્ય પરિષદ ભંડોળ કમિટીનો અહેવાલ આપતો ઠાકોરનો પત્ર હોય, તંત્રી નરસિંહરાવ, ઠાકોર, મુનશી, ધૂમકેતુ જેવા સાહિત્યકારોને પણ આવા વાદવિવાદોમાં જોડે છે. આ વિભાગની એક નોંધનીય બાજુ એ પણ છે કે તંત્રી પોતે જ ચર્ચાપત્રો લખીને કેટલીક ચર્ચાઓને જન્મ આપે છે. ૧૯૨૦ થી ચર્ચાપત્રોની સંખ્યા અધિક પ્રમાણમાં જોવા મળે છે. દરેક અંકોમાં આઠથી દસ ચર્ચાપત્રો તો પ્રસિધ્ધ થયા જ છે પરંતુ પત્રોનો પસારો જ એટલો છે કે તંત્રીને આખરે લખવું પડે છે :'' આ વખતે જુદા જુદા વિષય વિશે એટલા બધા ચર્ચાપત્રો મળ્યા છે કે આખો અંક ભરાઈ જાય તેમ કેટલાક ન છૂટકે પાછા કાઢવા પડયા છે તો કેટલાકને ટૂંકાવ્યા છે'' જેમ બને તેમ અંગત ટીકા ઓછી કરવાની અને ટૂંકાણમાં લખવાની વિનંતી કર્યા પછી ટૂંકાણમાં મીઠાશ છે એવું લખતા તંત્રીની નોંધમાં 'ચર્ચા બંધ'ની સૂચના પ્રમુખ રહી છે. વઢવાણની પ્રાચીનતા, મોડાસા શહેર કે ધંધુકા શહેરના ઈતિહાસ

વિશે સંખ્યાબંધ પત્રો આવી પડે છે ત્યારે આ વિષયો પર એકપણ પત્ર છાપી શકાશે નહી એમ દૃઢપણે લખતા તંત્રી યોગ્યતા ધરાવતા સંશોધિત પત્રો મળવાની સાથે જ એ દૃઢતાને છોડીને ફરી ચર્ચાની ભૂમિકા આરંભે છે અને એ ચર્ચા વિવાદનું સ્વરૂપ પકડે છે.

ભાષા અને કૃતિ વિશે, કવિતાની રેઢીયાળ પધ્ધતિ, સાહિત્ય પરિષદના પ્રમુખ પસંદગી વિશે, માહિતીના પત્રો, રિપોર્ટસ અને પ્રતિકૃતિઓ વિશે અનેક પત્રાવલિઓ 'સાહિત્ય'માં પ્રસિધ્ધ થઈ હતી. આવા પત્રોમાં ઉઠાંતરી વિષયક પત્રોનું પ્રાબલ્ય પણ વરતાય છે. રવિન્દ્રનાથની વાર્તા તફડાવી મારવાનો આરોપ ચ્યવનરાય શુકલ ઉપર મૂકાયા પછી ચર્ચાનો સળંગ દોર મળે છે. વાર્તાની ઉઠાંતરીના આક્ષેપોથી કિસનસિંહ ચાવડા, ચં.ચી. મહેતા અને બ.ક. ઠાકોર પણ બચી શકયા નથી. એક વાચક તો લખે છે કે : ''ગુજરાતી સાહિત્યના સારાસારા લેખકો ઉપર અપહરણનો આરોપ છે. મુનશી ઉપર તલવાર લટકતી છે. તેમના મૌનથી નિર્દોષતા સાબિત થતી નથી પણ તુમ બકતે હો હમ સુનતે હય' ની વાત છે. ખબરદારના સબંધમાં આ આક્ષેપ પુરવાર થયો છે. કેશવપ્રસાદ દેસાઈ પણ પકડાયા છે. આમ, સાક્ષરથી માંડીને તે સાધારણ લેખક સુધી આ ચાલ જોવામાં આવ્યો છે એ ખરેખર ખેદનો વિષય છે શું ઋણ સ્વીકારવામાં નાનપ છે ?'' સામયિકમાં પ્રકટ થતી કૃતિઓના આક્ષેપો સામે તંત્રીનો જવાબ છે : ''અમે સર્વ વાતો જાણી ન શકીએ તેથી વખતે ફસાઈએ એ અમારી નિર્બળતા!'' નારદની 'હું કેમ પરણ્યો ?' નામની વાર્તા 'મોજમજાહ' સામયિકમાં કોઈક બીજા જ સર્જકને નામે પ્રસિધ્ધ થઈ એ બાબતનો પત્ર મળતા તંત્રી લખે છે : ''ઈશ્વર ગુજરાતને સાહિત્યના ચાંચીયાઓથી બચાવો'' ચર્ચાપત્રોમાં દેખાતી તંત્રીની મધ્યસ્થીની ભૂમિકા, તટસ્થતા અને દોષોને કબુલ કરવાની સહિષ્ણુતા એની ધીરજને આભારી છે. કાવ્ય - વાર્તાઓની અસંખ્ય ઉઠાંતરીના આક્ષેપો કરતાં પત્રો પરથી એ સમયની વ્યકિતગત સ્વીકૃતિ માટેની આંધળી દોટનો અંદાજ આવે છે તેમ સામયિક પાને ગમે તે ભોગે નામ છપાવવાની મુગ્ધતા પણ પ્રકટ થતી

જણાય છે. 'સાહિત્ય'ના દરેક લેખ ઉપર અસંખ્ય ચર્ચાપત્રો પણ આજ મનોદશાનું કારણ હશે. કેટલાંક ચર્ચાપત્રીઓ આ વિભાગને વાક્ યુધ્ધનું ક્ષેત્ર જ માનતા જણાય છે. આવી ચર્ચાઓના ધોધાટભર્યા વાતાવરણથી વિક્ષુબ્ધ થઈને કેશવ હ. શેઠે લખ્યુ હતું કે : ''ચર્ચાપત્રીઓને ઉત્તેજવા ખાતર ગંભીર કે ક્ષુલ્લક ચર્ચાપત્રો ને સ્થાન મળે છે. પ્રશ્ન એ છે કે તેથી તેમને ઉત્તેજન મળતું હશે કે ચર્ચાપત્રીઓ ડીકટેશન લખવા જેટલાં ટેવાતા હશે કે કાંઈ નહી તો 'બોલતાં થતાં હશે''.

સાહિત્યની ઉંડી ચિંતા સેવનારા પત્રો આ વિભાગનું સફળ પરિણામ છે. અનુવાદ પ્રવૃત્તિ પત્રચર્ચાનો કાયમી વિષય જ રહયો છે. ઉત્તમ અનુવાદોના સમર્થનમાં એક વાંચક લખે છે : 'ગમે ત્યાંથી ગમે તેવા લેખના ઉતારા કરવાનો ઉદ્યોગ ફળપ્રદ સાહિત્ય પ્રવૃત્તિ તરીકે તો ન જ લેખી શકાય. ખાસ કરીને જ્યારે એવા ઉતારા કરનાર મૂળ લેખકનું નામ ન આપતા તેને પોતાની જ કૃતિ તરીકે ઠરાવવાનો પ્રયત્ન કરે ત્યારે તો એ અપ્રમાણિક ઉદ્યોગ દરેક સત્યનિષ્ઠ સાહિત્ય સેવકને અસહય થાય છે. અસહય થવો જ જોઈએ બેશક, એ અપ્રમાણિક ઉદ્યોગથી માસિકોના પાના ભરવાનું કાર્ય અતિ સરળ થાય છે પણ સાહિત્ય સેવા માત્ર પાનાં ભરવાના ચાતુર્ય માં જ સમાપ્ત થતી નથી'' અનુવાદની સમગ્ર પ્રક્રિયામાં ઉત્તમ અનુવાદોની જિકર કરતા આવા પત્રો આ વિભાગનો વિશેષ છે. 'સ્મરણમુકુર' માં નરસિંહરાવ ધ્વારા થતાં અશુધ્ધ શબ્દલેખન પરત્વે ધ્યાન દોરતા પત્રોની હારમાળા અહી પ્રાપ્ત થાય છે ત્યારે સભાન વાચકો પ્રત્યે આદર ઉપજે છે. 'સુવર્ણમાળા' અને 'વસંત' માં થયેલી આનંદશંકર અને નરસિંહરાવ વચ્ચેની ઉગ્રચર્ચા જોઈને એક વંચક ના પત્ર સાથે તંત્રીને લખવું પડે છે કે 'આપણા સમર્થ પંડિતો આવી ચર્ચાઓમાં વખત ગાળે તેના કરતાં કળા અને સાહિત્યના ગૂઢ તત્વો આપણને સમજાવનારાં સુંદર લેખો લખવામાં કાળ વ્યતીત કરે તો સારું''[૫૦] તંત્રીની અભ્યાસકીય દ્રષ્ટિ આવા સમર્થ પંડિતોને પણ સ્પષ્ટ કહી શકે એ પ્રકારની છે. આ વિભાગના પત્રલેખકો પણ એવી જ દ્રષ્ટિ ધરાવે છે આથી જ મુનશીના નાટક 'કાકાની શશી' ની સમાલોચના થયા પછી વાચક એના પ્રતિભાવરૂપે લખે છે :''આખા

નાટકમાં સ્ત્રીઓની – સમાજની – નવાજૂનાં રીતવાળા મનુષ્યોની – આદર્શવાળા ને ભાવનાશીલ જગતની ઠેકડી કરી છે એમ કહી શકાય.તેથી જ આ નાટકને 'સાહિત્ય'ની દૃષ્ટિથી સફળ કે અમરકૃતિ તરીકે નહી ગણી શકાય, બાકી મુનશી ની કલમ એટલે 'ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ, હાસ્ય, જ્ઞાન, ગમ્મત, નવીનતા, રસ વગેરે જરૂર વધતા ઓછાં પ્રમાણમાં મળશે. ફરીથી લખું છું કે સમાજને આવા નાટકોની ખાસ જરૂર છે. સાહિત્યની દૃષ્ટિથી નહી પણ સમાજસુધારાની દૃષ્ટિથી''[૫૧]

ભાવકના આ ભાવ – પ્રતિભાવો સર્જકને માટે કદાચ એટલું મહત્વ ન ધરાવતા હોવા છતાંયે આવા પત્રો ધ્વારા પોતાની કૃતિનો આંક અથવા તો કૃતિપરીક્ષા માત્ર વિવેચકોના હાથમાં જ રહેવાના બદલે કૃતિના ગમા–અણગમા ધ્વારા ભાવકવર્ગ સુધી એ રીતે પહોંચી છે કે જે માત્ર વાંચીને વાચન ધ્વારા આનંદ જ પ્રાપ્ત કરી બેસી રહેવાના બદલે તેના પ્રતિભાવ અને ચર્ચામાં પણ જોડાય છે. એ સમયના બહુચર્ચિત નાટક 'કોલેજની કન્યા' વિશેનો ઊહાપોહ આ સામયિક પણ ઝિલ્યા વગર કેમ રહી શકે ? નાટકના વિધાયકપક્ષો દલીલ કરતાં એક વાચકનો બે પાના ના લંબાણથી ભર્યો પત્ર પ્રસિધ્ધ થાય છે. નાટક વિશે જાગેલા વિવાદો વિશે તે નોંધે છે કે : ''ઘણાં નાટકો ભજવાય છે પણ તે નાટકો જાહેરમાં વિધ્વાનવર્ગની ચર્ચાને બહુધા પાત્ર બનતાં નથી પણ આ નાટક પ્રત્યે તો અણગમો દર્શાવવા મુંબઈ જેવા સ્થળોમાં જાહેરસભાઓ ભરાઈને નાટક ભજવાતું બંધ કરવા પ્રયાસો આદરવામાં આવ્યા. આટલું બધું શા માટે ? શું લેખકે આવું નાટક લખવાથી બહુ મોટું પાપ કર્યું છે ? કે જનસમાજને આ નાટક જોવાથી ઊલટો અર્થ ગ્રહણ કરવાનો ભય રહે છે ? ''[૫૨] તો એક વાંચક લેખકોને જે સૂચનો આપે છે તેમાં લેખકની મુગ્ધ દશાનું વિનોદી ચિત્ર આપણી સામે આવે છે. જૂઓ એ નોંધ : ''જે ઉગતો લેખક લખવાની શરૂઆત કરે તેણે નાહિંમત થઈ અધવચથી પડતું મૂકી દેવું ન જોઈએ. પોતે લખવાની શરૂઆત કરે અને લખે પણ ખરો.પ્રકટ નહી થાય એવી આશાથી લખીને માત્ર ટેબલનું ખાનું ભાળે તેથી શું ફાયદો ? પત્રના અધિપતિઓ ઉપર મોકલ્યે રાખવાનું જ ટિકિટો બીડવાથી તો કદાચ તેઓ ગુંજામાં મુકી દે તેથી છાપેલું પરબીડીયું સાથે

બીડવું તેમજ તેનું તે લખાણ બીજા પત્ર ઉપર પણ મોકલવું. એક નહી તો બીજો, બીજો નહીં તો ત્રીજો તો જરૂર પ્રકટ કરશે. આ પ્રમાણે લખ્યે જ રાખવું. પત્રકાર ભાઈઓની સાથે સહકાર રાખવો અને પત્રકારભાઈની સાથે હાજી હાજી કર્યે જવું બીજો કોઈ ઉપાય નથી. તેમના પત્રના વખાણ પણ કર્યે જવા''. પ્રશંસક નીતિને આગળ ધરીને, અભ્યાસ કે પૂરી સજ્જતા કેળવ્યા પછી જ લખવા બાબતે સક્રિય થવાના બદલે ખુશામતો ધ્વારા પ્રકાશમાં આવવાની વાત પત્રલેખક કરે છે ત્યારે તંત્રીનો કોઈ સબળ પ્રત્યુત્તર અહીં પ્રાપ્ત થતો નથી. ઈતિહાસના પુસ્તકો વિશે, નર્મદના વિશેષાંકો અને પ્રેમાનંદ સૂત વલ્લભ અંગેના અનેક ચર્ચાપત્રો પ્રાપ્ત થાય છે પણ મેકંદરે આગળ કહ્યું એમ એમાંથી ઊપજવો જોઈતો બોધ ઊપજતો હોય એવું લાગતું નથી.

આ સામયિકે સાહિત્ય પરિષદની અનેકવિધ બાજુઓની ચર્ચા કરતાં પત્રોને આ વિભાગમાં સમાવ્યા છે. તેમાં નવમી ગુજરાતી સાહિત્ય પરિષદ વિશે ૧૯૨૯ ના ફેબ્રુઆરી અંકમાં 'સાહિત્ય પરિષદમાં પાણીની તાણ' શીર્ષક તળે લખેલો પત્ર પરિષદ સમારોહનું રસિક ચિત્ર ઊભું કરી આપે છે ચર્ચાપત્રી લખે છે :
''શ્રોતાઓ પણ પોતાનું પાણી બતાવવામાં પાછા પડે તેવા નહોતા. મુ. આનંદશંકર ભાઈને બે-ત્રણ વખત તેથી કહેવું પડેલું કે તમારી સાંભળવાની ઈચ્છા ન હોય તો બેસી જાઓ. માત્ર વિજ્ઞાન વિભાગના પ્રમુખ ડૉ. નાયકે પોતાનું ભાષણ વાંચ્યુ ત્યારે શ્રોતાઓ મૌન સેવી શક્યાં. આજના વિજ્ઞાનનું પ્રાબલ્ય કે એમની વાણીનું ! બુલંદ અવાજ ઉપરાંત ભાષા જનતાને રસ પડે એવી એજ એનાં મુખ્ય કારણ હતા. પ્રો. દૂરકાળ જ્યારે ધર્મના વિભાગમાં પાંચ મીનીટ બોલવા ઊભા થયા ત્યારે એ વિષય ઉપર મૂંગા રહી સાંભળવુંએમાં જાણે અધર્મ હોય તેમ શ્રોતાઓએ સભાને ગજાવવામાં તેમનો ધર્મ બજાવ્યો. અમારી સામે નડીયાદના જ સભ્યો બેઠેલા તેમણે તો એમની તળપદી જ ભાષામાં ગર્જના કરી કે 'વોલન્ટીઅરો કયાં મૂઆ છે ? ખરેખર એ પ્રશ્નનો ઉકેલ બાકી છે.''

આ વિભાગમાં ''લોકસાહિત્ય' ના રહસ્યો'' જેવી શ્રેણી પણ ચલાવવામાં આવેલી જેમાં દર અંકે એક લોકગીત સાથે આસ્વાદ કરાવવામાં આવતો. આ પ્રકારના આસ્વાદ લેખને, લોકગીતને પણ ચર્ચાપત્રના વિભાગ નીચે મુકવાની પધ્ધતિ એ શ્રેણીને અન્યાય કરનારી જ નીવડી હશે ચર્ચાઓના વિધાયક અભિગમો, સંક્ષિપ્તમાં મુદ્દાસર અને તર્કબધ્ધ વિગતોને સમાવતા યોગ્ય પત્રોની પસંદગી તંત્રીના કુશળ હાથે થવી જોઈએ. વાચકોનાં જેવા છે તેવા પત્રો પ્રસિધ્ધ કરવાના 'સાહિત્ય'ના વલણને કારણે આ વિભાગમાં ગાંભીર્યની ઊણપ આપણી સામે આવે છે. લોકપ્રિયતાને હાંસલ કરવી કે વિવિધ વિભાગોના વાદ - વિવાદોને નિર્ભયપણે પ્રસિધ્ધ કરવા એ વિભાગની વિશેષ બાજુ હોવા છતાં એકની એક ચર્ચાઓને બંધ કર્યા પછી પણ વિવાદમાં ધકેલવી એ નિરર્થક પુનરાવર્તનો લાગવા સંભવ છે. ચર્ચાપત્રોનો વિભાગ વાંચકો માટે ખુલ્લો હોવા છતાં તંત્રીનો અંકુશ એમાં પ્રભાવી અસર છોડી જતો હોય છે અહીં તંત્રી નિર્ણાયકની ભૂમિકામાં હોવા છતાં અવિરત ચાલતાં રહેતા વિવાદોને ભાગ્યે જ રોકી શક્યા છે. કયારેક પ્રતિપક્ષને પૂછીને જવાબો મેળવવાના પ્રયત્નો પણ નજરે ચઢે છે. પરંતુ ચર્ચાની યોગ્ય દિશા ચીંધી શકે એવા પત્રો જ 'સાહિત્ય'ના આ વિભાગની લાક્ષણિકતા છે. 'સારામાં સારી ચર્ચા કરી શકે એવા વિધ્વાન બ.ક.ઠાકોરને આ વિભાગમાં અમે બોલતા કર્યા છે' જેવો કેટલોક યશનો હિસ્સો 'સાહિત્ય' જરૂર લઈ શકે એમ છે.

## ૦ 'સાહિત્ય' નું ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે પ્રદાન :

'કૌમુદી'ના બીજા જ અંકમાં (૧૯૨૪) વિજયરાયે 'સાહિત્ય' વિશે ટીકા કરતાં લખ્યું હતું કે : ''પાંચમો અને છેલ્લો સંપ્રદાય - તે 'સાહિત્ય' નો એ તો આમવર્ગની બાંહેધરી ઉઘાડે છોગે વારંવાર કરે છે. ફેર એટલો જ છે કે તેને 'સૌરાષ્ટ્ર' સંપ્રદાયની ભાવનાશીલતાને કલાપ્રેમ વર્યા નથી. તેણે આમવર્ગને ઉંચી સપાટીએ લેવાની આશા જાણે ખોઈ હોય એમ લાગ્યા વિના રહેતું નથી. પરિણામે તળપદી

ભાષાના આશકોએ પોતાની સાહિત્ય ભાવનાને પણ તળપદી, અત્યંત પરિમિત ને પ્રાગૈતિહાસિક, પ્રેમાનંદને જ જાણે સર્વદેશકાળનો સાહિત્યપ્રભુ માનનારી થવા દીધી છે અને શિષ્ટ સાહિત્યની ચિરંજીવી સેવા કરી જવાની તકને આ રીતે તિલાંજલિ આપી છે પણ 'સાહિત્યે' એક પ્રકારનું સાંપ્રદાયિક ઐકય સાધીને માનીતાઓનું સારું એવું મંડળ જમાવ્યું છે'' એ સાથે વિજયરાય 'સાહિત્ય' ના પ્રાથમિક સ્વાતંત્ર્યવાળા ગ્રંથાવલોકનો, નારદની વાર્તાઓ, ભાનુસુખરામ, ભરતરામ અને મંજુલાલ મજમુદારના સંશોધનો, જોશીપુરાના લખાણો ('સાહિત્ય' માં જોશીપુરાના કોઈ લખાણો જોવા નથી મળતા) ને કોઈ વિવેચક ઉવેખી નહી શકે એમ કહીને આડકતરી રીતે 'સાહિત્ય'ની પ્રશંસા કરેલી પરંતુ એ વાત તો સ્પષ્ટ છે કે 'સાહિત્યે' એવા કોઈ વાડાઓ કે પંથ સ્થાપ્યાં નથી. પ્રેમાનંદ પ્રત્યે શ્રે અને આમવર્ગ તરફની વધુ પડતો ખેંચના તંત્રીની મોટી મર્યાદા છે પરંતુ 'સાહિત્ય'ની અપ્રસિધ્ધ ગ્રંથોને પ્રસિધ્ધ કરવાની ભાવનાને કારણે, પ્રેમાનંદના વિશેષ ગ્રંથોની પ્રસિધ્ધિ અને એના નાટકો પરત્વેની મમતના કારણે તેમજ પાશ્વાત્ય સાહિત્યને બદલે તળના જ સાહિત્યનો આગ્રહ રાખવાને લીધે વિજયરાયને આમ લાગવું સંભવ છે. વિજયરાયના આક્ષેપોના જવાબ આપતા 'પ્રજાબંધુ' એ ૧૪-૨-૨૫ ના અંકમાં 'સાહિત્ય' ની પ્રશંસા કરતાં લખ્યું હતું કે : ''માતૃભાષાની નિસ્પૃહી અને બડેખાંઓની ખુશામત વિનાની સતત સેવા બજાવતું આ એકમાત્ર માસિક છે'' વળી, તમામ વર્ગના લેખકને માટે 'સાહિત્યે' ભેદભાવ વિના એમના લખાણો પ્રસિધ્ધ કર્યા છે. તંત્રીને મન એક જ ધ્યેયથી જુદી જુદી કોમ, લેખન પ્રવૃત્તિ ધ્વારાં માતૃભાષાની સેવા કરી શકે એ વધુ મહત્વ ધરાવે છે.

સાહિત્યે અન્ય સામયિકોની પરંપરા મૂજબ 'સાહિત્ય પરિષદ' ના બે વિશેષાંકો (૧૯૨૪ અને એપ્રીલ ૧૯૨૬) પ્રસિધ્ધ કર્યા હતા. આ બંને અંકોની સામગ્રી બસો પૃષ્ઠો સુધી પથરાયેલી છે જેમાં પરિષદની કામગીરી, પ્રમુખોના ભાષણો અને અહેવાલોની સામગ્રી મૂકાયેલી છે. સાહિત્યે 'ખબરદાર' વિશેષાંક (નવેમ્બર-૧૯૩૧) પ્રસિધ્ધ કરીને ખબરદારની સાહિત્ય સેવાનું પૃથક્કરણ આપેલું. વિનંતી

કર્યા મુજબના લેખકો આ અંકમાં અપ્રાપ્ય બન્યા હોવા છતાંયે ખબરદાર પ્રત્યેની પ્રથમથી જ રહેલી આત્મીય ભાવના આ અંકમાં વ્યકત થયેલી છે. આ અંકોમાં પણ નિયમિત વિભાગોનું પ્રકાશન થયા વિના રહ્યું નથી. આ વિભાગોની લોકપ્રિયતા અન્ય સામયિકોને માટે પ્રેરણારૂપ પણ બની હતી. 'ગ્રંથાવલોકન', 'પત્રચર્ચા' ચોપાનિયા શું કહે છે ? જેવા વિભાગોને લક્ષમાં લઈને 'કૌમુદી' 'માનસી' અને 'પ્રસ્થાને' પણ આવા વિભાગો શરૂ કર્યા હતા.

નિયમિતતાના દ્દઢ આગ્રહ સાથે 'સાહિત્ય' ૧૯૧૩ થી ડિસેમ્બર - ૧૯૩૩ સુધી ~~સાહિત્ય~~ પ્રકાશિત થયું છે. મટુભાઈના અચાનક અવસાનને કારણે માત્ર ચાર-પાંચ વાકયોમાં જાન્યુઆરી ૧૯૩૪ થી માસિક બંધ કરવાની જાહેરાત સખેદ આશ્ચર્ય પમાડે છે પરંતુ ચાર મહિના પછી તુરત જ પુનઃ પ્રકાશનની ઘોષણા થયેલી. મટુભાઈના પુત્ર અશોક કાંટાવાળાએ 'સાહિત્ય'નો દોર હાથમાં લીધો. તંત્રીની નોંધમાં 'સાહિત્ય'ને નવું સ્વરૂપ આપવાની અનેક મહેચ્છાઓ વ્યકત થઈ છે. એક જ ઘરેડમાં ચાલતા સામયિકને પોતાનું કલેવર બદલવું જોઈએ એવા આગ્રહ છતાં ૧૯૩૪ ના અંકોમાં ઉઠીને આંખે વળગે એવો કોઈ મોટો ફેરફાર નોંધી શકાતો નથી. પહેલાનું ખીચોખીચ 'સાહિત્ય' હવે સાફસૂથરા ઢંગમાં પ્રકાશિત થયેલું જોવા મળે છે. વિભાગોને ટૂંકાવ્યા છે અને મુખપૃષ્ઠનો રંગ પણ બદલાય છે. પરંતુ નાવીન્યનો અભાવ તો તુરત જણાઈ આવે છે. આ અંગે 'નૂતનયુગ'માં મસ્તીખોર નામના વાચકે ટીકા કરતાં લખેલું કે : '' ચિ. અશોકે (અશોક કાંટાવાળા) 'સાહિત્ય'ને પુનર્જન્મ આપવા કરતાં કોઈ અપ ટુ ડેટ નામ શોધી કાઢીને નવું માસિક કાઢવું બહેતર હતું. 'સાહિત્ય'ને બાહ્યદ્રષ્ટિએ રૂપાળું બનાવવા જેટલી કાળજી રખાતી જણાય છે એટલી તેના આંતરિક અંગ બાબતમાં નથી રખાતું એમ કહું તો એ ખોટું નથી. 'સાહિત્ય'ને પહેલાના જમાના પ્રમાણે બારીકાઈપૂર્વક જોઈ - તપાસીને પીરસવું જોઈએ. મૂળ સ્થાપકની પધ્ધતિ જાળવી કાયમ રખાય તો જ ઠીક નહીંતર બધું જ નવું કરવું એ જ ઠીક કહેવાય''[૫૩] તંત્રી આ ચર્ચાપત્રીને

સામયિકની મુશ્કેલીઓ સમજવાની સલાહ આપતા લખે છે કે : ''અમારી ઋ૪ મુશ્કેલીઓ સમજવાને મસ્તીખોરને હજી વીસ વર્ષ લાગશે' ત્યારે વાચક એ જવાબને સમસમતો ટોણો મારીને કહે છે કે : ''અશોક કાંટાવાળા આવી ટીકાઓ લખે એ બાલીશતાભર્યું છે. ભલે મને એ સમજવાને વીસ વર્ષ લાગે પરંતુ 'સાહિત્ય' જેવું સરસ માસિક કાઢવા માટે અશોક કાંટાળાવાને હજી ચાલીશ વર્ષ જોઈશે''[૫૪]

સાહિત્ય સામયિક શરૂં કરવાનો ઉત્સાહ હોવો અને સામયિકને સફળતાથી ચલાવવું એ બે વચ્ચે જોજનોનું અંતર છે એનું ભાન નવા તંત્રીને બહું ટૂંકાગાળામાં જ થયું. કાર્યદક્ષ, અનુભવી માણસોની ગેરહાજરી, સામગ્રીની ખેંચ અને મૂળે તો બિનઅનુભવીપણાને કારણે પુર્નજન્મ ધરીને પણ 'સાહિત્ય' લાંબો સમય ખેંચી શકયું નહી અને એ જ વર્ષમાં (૧૯૩૪ - ૩૫) 'સાહિત્ય' સામયિકનો અસ્ત થયો.

સાહિત્યનું ધોરણ 'વસંત'ની કક્ષાનું રહયું નથી. એનાં કારણો તપાસતા નવીન લેખકોને સત્કારવાની 'સાહિત્ય'ની નીતિ પણ જવાબદાર છે. નવોદિત સર્જકોને માર્ગ આપવાનું ધ્યેય સમજનારા તંત્રીએ યશવંત પંડયા, કનુબહેન, ગિરિજા શુકલ, ચંદુલાલ સેલત, મલયાનિલ, કાશ્મલન, ધૂમકેતુ, સ્નેહરશ્મિ, કુસુમાકર જેવા અનેક સર્જકોને 'સાહિત્ય' પાને મૂકી આપ્યાં છે. કેશવ હ. શેઠ, પ્રભાસ્કર, ચ્યવનરાય શુકલ જયકૃષ્ણદાસ વર્મા, દીનશા પાવરી જેવા લેખકોને સત્કારીને એ લેખકોની સાહિત્યપ્રવૃત્તિના આરંભકાળે 'સાહિત્ય'નું પ્લેટફોર્મ આપ્યું અને એમાંની યોગ્ય પ્રતિભાઓને બહાર લાવવામાં નિમિત્ત બન્યું.

સંસ્કૃતમય ગુજરાતી શૈલીના પ્રાચુર્ય સામે તળપદી અને સાદી ભાષાનો જ આગ્રહ રાખનાર 'સાહિત્ય'ને આમવર્ગના પક્ષપાતની ટીકા સહન કરવાની આવી હોવા છતાં એ કૃત્રિમ શૈલીના મોહમાં ઘસડાઈને વિધ્વાન હોવાનો દંભ સાહિત્ય ધ્વારા કયારેય થયો નથી. સાદગીભરી ભાષાથી બહોળો વાચકવર્ગ એમણે ઉપજાવ્યો. આ વલણને કારણે જ 'સાહિત્ય'ને આર્થિક બાબતે અન્ય સામયિકોની

જેમ દુખઃદર્દો ગાવાનો સમય આવ્યો નહીં. ૭૨ થી ૧૦૦ પૃષ્ઠોના અંકોમાં ગ્રાહકોને આર્થિક બાજુઓની ફરીયાદ કયારેય સાંભળવા મળી નથી. લવાજમ અને પુરસ્કાર બાબતે, પ્રકાશકો અને લેખકોને નકલ મોકલવા અંગે તંત્રીની વ્યવહારુતા કડવી લાગવા સંભવ છે. પરંતુ એ તમામ બાબતોમાં સ્પષ્ટકથન ધ્યાનખેંચે છે. સાહિત્યના પ્રચાર - પ્રસારની ચોકકસ દૃષ્ટિ 'સાહિત્ય' પાસેથી સાંપડે છે. પોતાની અનેક મર્યાદાઓને જાણતા તંત્રી સ્પષ્ટ રીતે તેનો એકરાર કરે છે તેમાં તંત્રીની નમ્રતા અને ધીરજના દર્શન થાય છે. સામયિકની સીમારેખાને ઓળખીને એ કહે છે કે : 'કોઈ એક સામયિક એ ભાષાની યત્કિંચિત સેવા જ કરી શકે' એ સેવાને, પોતે ધડેલા આદર્શોને બને એટલા વ્યાપક કરવાનો પ્રયત્ન 'સાહિત્ય' ધ્વારા થયો છે. કોશિયો પણ સમજી શકે એવી ભાષામાં સાહિત્ય રચવાનો આગ્રહ ગાંધીજીએ તો પાછળથી કર્યો. એ પહેલાં આ સામયિકે સમાજના સામાન્ય વર્ગ સુધી સાહિત્યને લઈ જવાની કહો કે ઝુંબેશ ચલાવી. ભવિષ્યમાં આવનારાં સાહિત્ય વહેણનું જાણે કે આ આગોતરું ભવિષ્યકથન હતું. સાહિત્ય તત્વ સાથે ગ્રામપ્રશ્નો, સંસાર સુધારો, કેળવણી, સ્ત્રી જાગૃતિ પણ પ્રજાજીવનને ચલાવવા માટે સાંકળરૂપ છે એ ગાંધીયુગનો સંદેશ 'સાહિત્ય'માં પૂરી સંપ્રજ્ઞતાથી પહેલેથી છેક સુધી પ્રકટતો રહયો છે. આવનારા ગાંધીયુગની આલબેલ આ રીતે એક સામયિક ધ્વારા સાહિત્ય જગતે સાંભળી હશેને !

'સાહિત્ય'ની ગ્રંથાવલોકન કરવાની, ચર્ચાપત્રો અને તંત્રી લેખોની વિશિષ્ટતા સામયિક જગતમાં આદર્શરૂપ છે. તંત્રીલેખોમાં પ્રકટતું વૈવિધ્ય તંત્રીની જાગરુક નિષ્ઠાનો જેમ ઉત્તમ નમૂનો પૂરો પાડે છે તેમ નિયમિતપણે જુદા જુદા પ્રશ્નોની વિચારણામાં તંત્રીનું સાહિત્યસેવી માનસ પણ છતું થાય છે. 'સાહિત્ય'ના તમામ પૃષ્ઠો કરકસરનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. 'સાહિત્ય'માં કોઈપણ પૃષ્ઠ નાની - મોટી સામગ્રીથી સંપૂર્ણ તથા ભરાયેલું રહેતું. નાની અમથી જગ્યાને પણ છોડી દેવા માટે તેઓ તૈયાર થયા નથી. વળી, ત્રણ રૂપિયા જેટલા લવાજમમાં લાંબા સમય સુધી 'સાહિત્ય' વાચકોના હાથમાં પહોંચતુ રહયું છે. બે - ચાર

વચ્ચે લવાજમનાં થતાં રહેલાં વધારાઓ સાહિત્યે કદી પણ બહાર પાડયા નથી. વાચકો પર બોજો ન વધે એ માટે જ ચિત્રાત્મકતાને તંત્રીએ છોડી દીધી હતી. 'સાહિત્ય' ના અંકોમાંથી 'સાદગી'નો અર્ક પામી શકાય છે. વાર્તાઓ - કાવ્યો કે અન્ય સાહિત્ય સ્વરૂપોના પ્રકાશનમાં દેખાતી બહુવિધ ક્ષતિઓ 'સાહિત્ય' નિવારી શક્યું નથી. સર્જનાત્મક સામગ્રીની ઊણપને લીધે 'સાહિત્ય' માતબર સર્જનોને પ્રસિધ્ધ કરવામાં નિષ્ફળ રહયું છે તે છતાં બ.ક.ઠાકોર, ખબરદાર ધૂમકેતુ, કૃ.મો. ઝવેરી જેવા વિધ્વાન સર્જકો સાથે 'સાહિત્યે' એકવાકયતા સાધી હતી. સર્જકોના સર્જનોને પ્રસિધ્ધ કરવાના પ્રયત્નોની સાથે એની દૃષ્ટિ આમવર્ગ પર જ ઠરીને રહી, નિયમિતપણા તરફ રહી. જૂના અપ્રસિધ્ધ ગ્રંથોને પ્રકટ કરવાની, 'પોષ્ટ ઓફિસ' જેવી વાર્તાનું પ્રકાશન કરવાની, બેધડક ગ્રંથાવલોકન, તંત્રીલેખો લખવાની અને પ્રસિધ્ધ કરવાની રહી. અન્ય સામયિકની કક્ષાએ એનું આ પ્રદાન 'સાહિત્ય' ને એ સમયગાળાના અનેક સામયિકોથી જુદું અને વિશિષ્ટવર્ગમાં મૂકી આપે છે એ નિશંક વાત છે.

•◉•  •◉•  •◉•  •◉•

સંદર્ભ ::-

(૧) પરિષદ પ્રમુખના પ્રથમ ૧૩ પ્રમુખોના ભાષણો - સા. પરિષદ, જૂઓ હરગોવિંદદાસનો પરિચય લેખ. (૨) ખબરદાર (પરિષદ, ૭ મી ગુજ. સાહિત્ય પરિષદનો અહેવાલ ૧૯૨૪) પૃ. ૯૭. (૩) 'સાહિત્ય' અંક : ૪, એપ્રિલ - ૧૯૨૧. (૪) 'સાહિત્ય' અંક : ૮, ઓગષ્ટ - ૧૯૨૦. (૫) 'સાહિત્ય' અંક : ૮, ઓગષ્ટ - ૧૯૨૭. (૬) જૂઓ : પ્રેમાનંદની સંદિગ્ધ કૃતિઓ - પ્રસન્ન વકીલ. (૭) 'સાહિત્ય' અંક : ૯, સપ્ટેમ્બર - ૧૯૨૮ (૮) 'સાહિત્ય' અંક : ૭, જુલાઈ - ૧૯૨૦. (૯) 'સાહિત્ય' અંક : ૧, જાન્યુ - ૧૯૨૫ (૧૦) 'સાહિત્ય' અંક : ૧, જાન્યુ - ૧૯૨૪ (૧૧) 'સાહિત્ય' અંક : ૭, જુલાઈ - ૧૯૨૮ (૧૨) 'સાહિત્ય' અંક : ૧, જાન્યુ - ૧૯૩૨. (૧૩) 'કૌમુદી' અંક : ૨, ૧૯૨૪. (૧૪) 'સાહિત્ય' અંક : ૧૧, નવે.-૧૯૨૬. (૧૫) 'સાહિત્ય' અંક : ૪, એપ્રિલ-૧૯૨૪ (૧૬) 'સાહિત્ય' અંક:૮, ઓગષ્ટ-૧૯૨૭. (૧૭) 'સાહિત્ય' અંક : ૩, માર્ચ - ૧૯૨૮ (૧૮) 'સાહિત્ય' અંક : ૭, જુલાઈ - ૧૯૩૩. (૧૯) 'કૌમુદી દર્શન' - વિ.ક.વૈદ્ય પૃ. ૨૨૯. (૨૦) સાહિત્ય અંક : ૧૨ ડિસે. - ૧૯૨૭. (૨૧) 'સાહિત્ય' અંક : ૧૦, ઓકટો - ૧૯૧૬. (૨૨) 'સાહિત્ય' અંક : ૬, જૂન - ૧૯૨૪. (૨૩) 'સાહિત્ય' અંક : ૧૨, ડિસે.-૧૯૨૭. (૨૪) 'સાહિત્ય' અંક : ૮, ઓગષ્ટ - ૧૯૨૭. (૨૫)'સાહિત્ય' અંક : ૧૨, ડિસે. ૧૯૨૮. (૨૬) 'સાહિત્ય' અંક : ૬, જુન - ૧૯૩૦. (૨૭) 'સાહિત્ય' અંક : ૪, એપ્રિલ - ૧૯૧૩. (૨૮) 'સાહિત્ય' અંક:૩, માર્ચ-૧૯૩૨. (૨૯) 'સાહિત્ય' અંક : ૪, એપ્રિલ-૧૯૧૩. (૩૦) 'સાહિત્ય' અંક : ૯, સપ્ટે. ૧૯૧૩. (૩૧) 'સાહિત્ય' અંક : ૬, જૂન - ૧૯૨૮. (૩૨) 'સાહિત્ય' અંક:૮, ઓગષ્ટ - ૧૯૨૩. (૩૩) 'સાહિત્ય' અંક : ૫, મે - ૧૯૧૪. (૩૪) 'સાહિત્ય' અંક : ૬, જૂન - ૧૯૩૨. (૩૫) 'સાહિત્ય' અંક : ૧૦, ઓકટો. ૧૯૩૨. (૩૬) 'સાહિત્ય' અંક : ૭, નવે. - ૧૯૩૪. (૩૭) 'સાહિત્ય' અંક : ૭, નવે. - ૧૯૩૦. (૩૮) 'સાહિત્ય' અંક : ૧૦, ઓકટો. ૧૯૨૮. (૩૯) 'સાહિત્ય' અંક : ૮, ઓગષ્ટ - ૧૯૨૨. (૪૦). 'સાહિત્ય' અંક : ૩, માર્ચ ૧૯૨૫.

(૪૧) 'સાહિત્ય' અંક : ૮, ઓગષ્ટ – ૧૯૧૬. (૪૨) ''કૌમુદી' પોષ–ચૈત્ર, સં.૧૯૮૧, 'કૌમુદી દર્શન' વિ.ક.વૈદ્ય, પૃ. ૨૨૯. (૪૩) 'સાહિત્ય' અંક : ૧૦, ઓકટો. ૧૯૧૪. (૪૪) 'સાહિત્ય' અંક : ૯, સપ્ટેમ્બર : ૧૯૨૭ (૪૫) 'સાહિત્ય' અંક : ૧૨, ડિસે. ૧૯૩૦. (૪૬) 'સાહિત્ય' અંક : ૩, માર્ચ – ૧૯૩૧. (૪૭) 'સાહિત્ય' અંક : ૬, જૂન – ૧૯૩૨. (૪૮) 'સાહિત્ય' અંક : ૧૦, ઓકટો – ૧૯૨૮. (૪૯) 'સાહિત્ય' અંક : ૧૦, ઓકટો – ૧૯૩૦. (૫૦) 'સાહિત્ય' અંક : ૧, જાન્યુ. ૧૯૨૭. (૫૧) 'સાહિત્ય' અંક: ૧૧, નવેમ્બર – ૧૯૨૯. (૫૨) 'સાહિત્ય' અંક : ૧૨, ડિસે. ૧૯૨૮. (૫૩) 'સાહિત્ય' અંક : ૪, ઓગષ્ટ – ૧૯૩૪. (૫૪) 'સાહિત્ય' અંક : ૬, ઓકટો. ૧૯૩૪.